રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

આજની ઘડી તે રળિયામણી, મારા વ્હાલા આવ્યાની વધામણી જી રે...




તારીખ : ૨૩-૨૪, ઑક્ટોબર ૨૦૨૫

સ્થળ : લોકભારતી

લોકતીર્થે આનંદ ભયો, જય દક્ષિણામૂર્તિદેવ કી...

વર્ષ: ૭૯ અંક : ૦૪ ૧૫ નવેમ્બર, ૨૦૨૫

## લોકભારતી કાર્યકર પરિવાર-સ્નેહમિલનની હરખહેલી...












# કોડિયું

વર્ષ : ૭૯ | નવેમ્બર ૨૦૨૫ | અંક : ૦૪


## અનુક્રમણિકા


૦૧ નિષ્ઠા અને સરળતાનું બળ : પ્રવીણભાઈ મહેતા ...૦૬
મનસુખ સલ્લા
૦૨ શિક્ષક પ્રશિક્ષણ : નીતિઓ અને સમસ્યાઓ ...૦૮
સતીશપ્રકાશ એસ. શુકલ
૦૩ શિક્ષણ અને સમાજ : અનુબંધ અને પરિવર્તન ...૧૩
રમેશ સંઘવી
૦૪ કથા આશા અને વિકાસની : ૧૭ - ઘરશાળાની શરૂઆત ...૧૭
બિંદુ- પાર્થેશ
૦૫ ભાગ-૩ પેટ્રોલ વિના કાર ચલાવો ! ...૨૦
વિનોદ માંગુકિયા
૦૬ સ્વિટ્ઝર્લેન્ડ ધરતીનું સ્વર્ગ શું કામ છે? ...૨૩
મૌલિક જગદીશ ત્રિવેદી
૦૭ આધ્યાત્મને કેળવણીમાં સમર્પિત કરનાર : નાનાભાઈ ભટ્ટ ...૨૫
વિજયભાઈ મકવાણા
૦૮ શાળા નરસંહારના કેન્દ્રો બનશે શું? ...૨૬
તખુભાઈ સાંડસુર
૦૯ તારો દીવો તું થા : વ્યક્તિત્વની ખરી દીવાદાંડી ...૨૭
ડૉ. દિનેશકુમાર
૧૦ અહેવાલ : લોકભારતી પરિવાર ભાવમિલન ...૨૯
પ્રવીણચંદ્ર ઠક્કર
૧૧ 'લગ્ન' વિશે થોડુંક ચિંતન ...૩૧
ડૉ. દિનુ ચુડાસમા
૧૨ સમય પાક્યો છે... ખેડૂતોએ ખૂબ વિચારી ખેતી કરવાનો ...૩૩
હીરજી ભીંગરાડિયા
૧૩ મન વિશે મનની વાત ...૩૬
ડૉ. બી. એમ. શેલડિયા
૧૪ સંસ્થા સમાચાર ...૩૮
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ◆ સૂચના ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### લોકભારતીએ ઉજવી બબ્બે દિવાળીઓ !

તા.૨૦મી ઑકટોબરે દિવાળી અને તા. ૨૨મીએ નૂતનવર્ષ લોકભારતી પરિવારે પરંપરાગત હર્ષોલ્લાસથી ઉજવ્યું હતું. પણ આ વખતે લોકદક્ષિણામૂર્તિએ મેગા દિવાળી તા. ૨૩-૨૪મીએ ઉજવી. લોકભારતીમાં છેલ્લા ૭૨ વર્ષમાં કામ કરી ગયેલ કાર્યકરોના પરિવારજનોનું સ્નેહમિલન ભવ્ય રીતે ઉજવાયું. વર્ષોથી અનેક પરિવારજનોને આવતાં વિચારો-ઇચ્છાઓને વાસ્તવિક સ્વરૂપ મળ્યું. આગોતરું આયોજન એટલું સચોટ અને ભવ્ય હતું કે મિલન દિવ્ય બની રહ્યું. આ દિવાળીનો ઉજાસ સૌના હૃદયને આંજી દે તેવો હૂંફાળો અને તેજસ્વી રહ્યો. ત્રણ ત્રણ પેઢીના ચેતોવિસ્તારમાં જાણે ચાંદલિયાથી માંડી સૂતળીબોંબ ફૂટતા હતા. હો-હા ને પડકારા. ભેટમિલન તો યાદગાર બની રહ્યું. સૌએ લોકભારતીત્વને પામીને ધન્યતા અનુભવી. ઉતારા, ભોજન, સંમેલનોનું થયેલ સુપેરે આયોજન યાદગાર બની રહ્યું. રાસગરબાની રમઝટે કંઈક વડીલોને લાકડી છોડાવીને રાસે રમાડ્યા. સ્થૂળ રીતે ડેમમાં અને આંતરિક રીતે લોકભારતીના ભાવાવરણમાં ધૂબાકા મારીને જાણે ગંગાસ્નાન કર્યું હોય તેવી અનુભૂતિ અનુભવી.

આવા સુપેરે સંપન્ન થયેલ સ્નેહમિલન માટે આપણે સૌ પરસ્પરને અભિનંદીએ.

લોકભારતી પોતે પણ હરખાતી નજરે પડી!

સંસ્થા કોઈ સ્થૂળ સ્થાન નથી, એક વિચાર છે. જીવનની પ્રસન્નતાની ખોજ કરતી પ્રવૃત્તિઓની પ્રયોગશાળા છે. સંસ્થા સામૂહિક સાધનાનો પ્રયોગ હોવાથી તેના કાર્યકરો સંસ્થાને પોતીકી માનતા થાય એ જરૂરી છે. સામાન્ય રીતે સંસ્થાનો જન્મ કોઈ એક સ્થાપકનું સ્વપ્ન હોય છે. આથી એ પોતાના સ્વપ્નને સાકાર અને સાર્થક કરી શકે તેવા સમર્પિત સાથીદારોને શોધે છે. ક્યારેક એવું પણ અનુભવાયું છે કે સંસ્થાના સ્થાપકનું સ્વપ્ન સાથી કાર્યકરોનું સહિયારું સ્વપ્ન ન પણ હોય. આવા સમયે સંસ્થાઓના કાર્યકરોની નિષ્ઠા અને સમર્પિતભાવ સંસ્થાને ટકાવી રાખે છે. આથી જ દર્શકદાદાએ કાયમ સમજાવ્યું છે કે જેમ મોર પીંછાઓથી શોભે છે તેમ સંસ્થાઓ તેના કાર્યકરોથી શોભે છે. નસીબદાર સંસ્થાઓને આવા નિષ્ઠાવાન કાર્યકરો મળતા હોય છે.

સંસ્થા સ્થાપક જ્યારે સંસ્થાને પોતાનું એકલાનું સર્જન માની બેસે છે ત્યારે આધિપત્યનો અહંકાર વકરીને સંસ્થાને લૂણો લગાડે છે. અને મમત્વને કારણે વારસદાર પણ લોહીનો સંબંધ ધરાવતાને જ નીમે છે. પણ સદ્નસીબે લોકભારતીના સ્થાપક ઋષિવર્ય નાનાદાદાએ સ્થાપનાકાળથી જાહેર કરેલું કે જે લોકભારતીના ધ્યાનમંત્રમાં શ્રદ્ધા-વિશ્વાસ ધરાવતા હોય તેમની આ સંસ્થા છે. વળી, તેમણે સંસ્થાની વિવિધ જવાબદારીઓ આવડત અને નિષ્ઠાના આધારે સોંપવાની ઉમદા પરંપરા ઊભી કરી. આ જ કારણે અનેક ઝંઝાવાતો પછી ઊંડાં મૂળિયાં ધરાવતી લોકભારતી આજે પણ સનાતન મૂલ્યોને સાચવીને જરૂરી એવી કલમો ચડાવીને નવી નવી કૂંપળો કાઢી રહી છે. આપણા ઋષિવર્ય દાદાઓએ સમજાવ્યું છે તેમ સંસ્થાનો જીવનરસ ખતમ ન થઈ જાય તે માટે કાર્યના વિકાસની સાથોસાથ સ્વાધ્યાય દ્વારા વિચારનિષ્ઠા અને તત્ત્વનિષ્ઠા પણ જાળવવાની છે. ખોળિયું અને આત્મા સાથોસાથ વિકસવા જોઈએ.

જગત અને જીવન પ્રમાણે સમયાંતરે પરિવર્તનને સ્વીકારવું એ બ્રહ્માંડનો શ્વાસ છે. આપણે સ્થાવર જેટલી જ ખેવના જંગમની કરવાની છે. સુવિધા અને વ્યવસ્થા જેટલું જ સન્માન સર્જનાત્મક અને રચનાત્મક વિચારોને પણ આપવાનું છે. આવું થાય ત્યારે એ સ્થળ 'તીર્થ' કહેવાય છે. લોકભારતીના વિભાગો આપણી માળાના મણકા છે અને આપણા ભાગે આવેલી જવાબદારી એ આપણું ભજન બની રહેવા જોઈએ.

સ્નેહમિલનમાં ત્રણ-ત્રણ પેઢીના સભ્યોએ લોકતીર્થમાં લાંબા લહેકાથી લોકભારતીનું ભજન જે ભાવથી ગવાયું છે તેણે લોકભારતીની લીલાશ અને ભીનાશથી સૌ કોઈને ધન્ય ધન્ય કરી દીધાં.

ઘણું જીવો આપણી વિશ્વભારતી-લોકભારતી.

— [signature]

## ૦૧ નિષ્ઠા અને સરળતાનું બળ : પ્રવીણભાઈ મહેતા

**મનસુખ સલ્લા**

બહુ ઓછા લોકોને એવું સદ્‌ભાગ્ય મળ્યું હશે કે જે સંસ્થા અને વડીલો સાથે જોડાયા ત્યાં સાત દાયકા સુધી કામ કરવાની અને રહેવાની અનુકૂળતા મળી હોય. પ્રવીણભાઈ મહેતા ગ્રામદક્ષિણામૂર્તિ મણારના એવા ભાગ્યશાળી શિક્ષક, ગૃહપતિ, આચાર્ય, ટ્રસ્ટી અને સદ્‌ભાગી રહ્યા.

તેમનું મૂળ ગામ મહુવા. જન્મ માતા ઉચ્છરંગબહેનના પેટે ભાવનગરમાં (તા. ૧૦-૩-૧૯૩૬). પિતા ગુલાબરાય પોસ્ટમાસ્ટર અને પછી હેડ પોસ્ટમાસ્ટર. પિતાની બદલી થયા કરે. એટલે નવેક પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં ભણતર થયું, મોટાભાઈ ઋષિભાઈ સ્વાતંત્ર્યસૈનિક હતા. જેલમાંથી છૂટીને ગ્રામનિવાસ માટે કુંડલા ગ્રામસેવા મંડળના કેન્દ્ર ખડસલીમાં કામ કરે. એસ.એસ.સી. પછી પ્રવીણભાઈએ ખડસલીમાં પેવડિયા કામ શરૂ કર્યું. ખેતી, ગોશાળા, ખાદી, યરવડાચક્ર પૂણી-સુતરની આપ-લેના કામો કર્યા. હરિભાઈ ગોરડિયાએ ભલામણ કરી કે ‘લોકભારતીમાં ભણવા આવ.’ ગ્રામસેવા મંડળે રૂ. ૩૦૦/-શિષ્યવૃત્તિ આપી. એમાંથી લવાજમ ભરાતું. હાથખરચી માટે રજાને દિવસે લોકભારતીના ખેતી-ગોશાળા-સફાઈ વગેરે વિભાગોમાં કામ કરી જોગવાઈ કરી. તેમના બે મુખ્ય શોખ હતાઃ સદ્‌ગ્રંથોનું વાચન અને પ્રવાસ. તેમનો લોકભારતી નિવાસ (૧૯૫૫-૫૮) પુસ્તકાલય, ગુરુજનોનો પ્રેમ, પરિશ્રમ અને સહાધ્યાયીઓની મૈત્રીથી સમૃદ્ધ બન્યો. મનુભાઈ પંચોળીની વિશેષ નિકટ આવે છે.

મનુભાઈ જેના પ્રમુખ હતા એ સઘનક્ષેત્ર યોજના-મણારમાં (૧૯૫૮-૬૨) જોડાયા. તેમનાં સહાધ્યાયી મૃદુલાબહેન કોઠારી મણાર લોકશાળામાં શિક્ષિકા હતાં. નાઈરોબીથી આવેલાં મૃદુલાબહેનનું અંગ્રેજી માતૃભાષા જેવું. વળી બુદ્ધિમતી હતાં. ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને કેળવણીનાં અભ્યાસી. (તેમનાં છ મૌલિક પુસ્તકો છે, છ અનુવાદનાં પુસ્તકો છે.) પ્રવીણભાઈ ૧૯૬૨થી વિજ્ઞાનના શિક્ષક તરીકે મણાર લોકશાળામાં જોડાયા. બંનેનો ગ્રામજીવન પ્રત્યે અનુરાગ હતો. લોકભારતીની કેળવણી બંનેમાં પોત-પોતાની રીતે ફળી હતી. ૧૯૬૪માં બંને જીવનસાથી બન્યાં.

એવું તો કોઈ દુર્લભ યુગલોમાં જ જોવા મળે છે કે પ્રતિભાશાળી પત્નીની પતિને ઈર્ષા ન થઈ હોય. પ્રવીણભાઈનું વ્યક્તિત્વ સરળ. મૃદુલાબહેનની સફળતાથી પોતાને પ્રાપ્તિ થઈ હોય એવો એમનો રાજીપો. જરાય ભાર વિના, સાહજિકપણે તેઓ મૃદુલાબહેનને અધ્યયન અને લેખનની અનુકૂળતા મળી રહે એની કાળજી લેતા. ન તેમનું વ્યક્તિત્વ દબાઈ ગયું કે ન તેમણે ઓછપ અનુભવી. લોકશાળા છાત્રવાસી સંસ્થા હોય છે વળી સહશિક્ષણ પણ હતું. પ્રશ્નો આવે જ, પ્રવીણભાઈ-મૃદુલાબહેન એને વિદ્યાર્થી-કેળવણીનો અવસર ગણે. એમાંથી અનેક વિદ્યાર્થીઓ સાથે જીવનભરના સંબંધો બંધાયા. એક ભૂતપૂર્વ વિદ્યાર્થીએ તેમને યુરોપનો પ્રવાસ કરાવ્યો. એક વત્સલ શિક્ષકને જીવનભર એક વિદ્યાર્થી સ્મૃતિમાં સાચવી રાખીને કેવો અનુરાગ રાખે એનું જીવંત ઉદાહરણ આપણે જોઈ શક્યા. એ અનુભવો મૃદુલાબહેને ‘યુરોપદર્શન’ પુસ્તકરૂપે પ્રગટ કર્યા, જે નોંધપાત્ર બન્યા.

બંનેને મનુભાઈ પંચોળી માટે મોટાભાઈ કે પિતા જેવો આદર, વિશેષ ભાવ. મનુભાઈનું ઘણું નોંધપાત્ર સર્જનાત્મક લખાણ મણારમાં થયું છે. મનુભાઈ પ્રવીણભાઈ-મૃદુલાબહેનના ઘરને પોતાનું બીજું ઘર ગણે. એવી મોકળાશથી, નિરાંતથી અને પ્રસન્નતાથી મનુભાઈ પંચોળી અન્યત્ર બહુ ઓછી જગ્યાએ રહ્યા હશે. પ્રવીણભાઈ મનુભાઈની ઝીણી કાળજી લે. માગ્યા, પહેલાં બધું પહોંચતું

કરે. મૃદુલાબહેન મનુભાઈને ભાવતું ભોજન તો કરે જ, પરંતુ ઘરની ગોઠવણ પણ એવી રીતે કરે કે 'દર્શક' પૂરા કોળે. દર્શકનું લેખન બિનવ્યવધાનવાળું થાય એ માટે જાણે બંને વચ્ચે હરીફાઈ ન ચાલતી હોય ! અને મૃદુલાબહેનને કેન્સર ડિટેક્ટ થયું. પ્રવીણભાઈ માટે, સંસ્થા માટે અને મનુભાઈ માટે આ આઘાતજનક ઘટના હતી. આ કારમી કસોટીમાં પ્રવીણભાઈએ રાત-દિવસ એક કર્યાં. સારવારના તમામ પ્રયત્નો બિનકારગર નીવડયા. પણ પ્રવીણભાઈએ ખૂબ જ સારવાર કરી. એટલે મૃદુલાબહેને મૃત્યુ પહેલાં કહેલું કે, મારું પ્યાલું છલોછલ ભરેલું છે.' તેઓ નિઃસંતાન હતાં. મૃદુલાબહેનની ખોટ પડી જ. પરંતુ પ્રવીણભાઈએ વિદ્યાર્થીઓ અને સંસ્થાના કાર્યરૂપે પોતાની ખોટ ભરપાઈ કરી. સંસ્થાના કાર્યકરોએ અને ગ્રામદક્ષિણામૂર્તિના ટ્રસ્ટીઓએ નિવૃત્તિ પછી પણ તેમને દીર્ઘકાળ સાચવ્યા.

મૃદુલાબહેન અને પ્રવીણભાઈએ એમ.એ. સુધીનો અભ્યાસ પણ પછીથી કર્યો હતો. પ્રવીણભાઈ જી.બી.ટી.સી. પણ થયા. મણાર-લોકશાળામાં ૧૯૬૨થી ૬૯ શિક્ષક તરીકે, ૧૯૬૯ થી ૯૪ આચાર્ય તરીકે, ૧૯૯૪ થી ૨૦૦૪ સુધી ઉપ નિયામક તરીકે, ૨૦૦૪ થી ૨૦૧૬ સુધી ટ્રસ્ટી તરીકે કાર્ય કર્યું. ૮૦ વર્ષ થતાં બધેથી રાજીનામું આપ્યું. પછી પુસ્તકાલય, પ્રાર્થના અને વિદ્યાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શનની જવાબદારી સંભાળી. આ વિગતો સૂચવે છે કે લોકદક્ષિણામૂર્તિની સંસ્થાઓની તેજસ્વિતાના પાયામાં આવા નિષ્ઠાવાન કાર્યકરો છે. તેઓને જે કામ સોંપાય એ માટે રાજી હોય છે. નિષ્ઠાના બળે તેઓ વિશિષ્ટ બનતા હોય છે. પ્રવીણભાઈ મહેતા એ પૈકીના ગણાય.

પ્રવીણભાઈ સ્વતઃ લખતા નહોતા પણ વાચક બહુ સારા. ઉત્તમ લખાણ અને વિચારોની પરખ પણ ખરી. છેલ્લે સુધી તેમનો વાંચનરસ અખંડ રહ્યો. મળે ત્યારે કે ફોનથી તેમને લખાણ ગમ્યું હોય તો પ્રતિભાવ આપે. સૌને મળવાનો અને કાર્યક્રમોમાં ભાગ લેવાનો એમનો ઉત્સાહ અને રસ છેક સુધી જળવાયો હતો. પૂરી હોંશથી ભાગીદાર બનતા. એમનું મુક્ત હાસ્ય ઘણાને યાદ હશે. લોકભારતીના ગુરુજનો ઉપરાંત પંડિત સુખલાલજી, રવિશંકર મહારાજ, ભોગીલાલ ગાંધી, નવલભાઈ શાહ, ભાઈદાસભાઈ પરીખ વગેરે સાથે આ દંપતીનો નિકટનો સંબંધ રહ્યો. એટલે પ્રવીણભાઈએ મણારમાં મૃદુલાબહેનના સ્મરણમાં 'પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળા' શરૂ કરાવી. આયોજક બન્યા. એના પ્રથમ વક્તા હરિવલ્લભ ભાયાણી હતા. એ વ્યાખ્યાનમાળા અનવરત ચાલે છે.

નિષ્ઠા અને સરળતાનું બળ...પ્રવીણભાઈનો એક મોટો ગુણ ગુણગ્રાહિતાનો. કોઈનું કાંઈ પણ સારું જુએ તો મોકળા મને પ્રશંસા કરી શકે. છેલ્લાં વર્ષોમાં તેમને વૃદ્ધત્વે ઘેર્યા, કાનની અને ચાલવાની મર્યાદા આવી ત્યારે પણ લોકભારતી-આંબલા-માઈધાર કે બીજી ઉત્તર બુનિયાદી શાળાઓના કાર્યક્રમોમાં ભાગ લેતા. એમાં એવી સમજ કે આજના વિષમ સંજોગોમાં પણ જેઓ નઈ તાલીમની ઢબે સરસ કામ કરી રહ્યા છે તેમની પીઠ થાબડવી.

મણારની સીધી જવાબદારીમાંથી નિવૃત્ત થઈને પણ પ્રવૃત્ત રહ્યા. વિદ્યાર્થીઓ અને પરિચિતોને નિર્વ્યાજ સ્નેહથી ચાહતા. જીવનભર તેમણે એ જાળવ્યું કે સંસ્થાહિતમાં હોય તે કરવું જ. લોકભારતીના ગુરુજનોને તેઓ ઉમળકાથી ઋણભાવે યાદ કરતા રહેતા. એમને સરળતા એવી પચેલી હતી કે તેઓ ક્યાંય પણ હોય, નિર્ભાર અને સહજ હોય. મોટાઈની મથામણ તેમણે કદી ન કરી. ગ્રામદક્ષિણામૂર્તિ મણાર સાથે તેમનું અંતરનું જોડાણ હતું. અને સદ્‌ભાગી કે ત્યાં જ આજીવન રહી સ્થાઈ થયા, ત્યાં જ અંતિમ શ્વાસ લીધાં. (મૃત્યુ તા. ૨૫-૮-૨૦૨૫)/૯૧ વર્ષના જીવનની આ મોટી સાર્થકતા ગણાય. એ પણ નોંધપાત્ર કે છે કે તેમણે દેહદાન કરેલું. છેલ્લામાં છેલ્લું પણ અન્ય માટે આપ્યું હતું.

દરેક વ્યક્તિમાં મહાનતાનાં ગુણલક્ષણો ન જ હોય. પરંતુ વ્યક્તિ થોડા ગુણલક્ષણોને નિષ્ઠાથી એવી રીતે યોજે છે કે એ નોંધપાત્ર જરૂર બની રહે. પ્રવીણભાઈ મહેતા એવું સાર્થક જીવન જીવ્યા. માટે નોંધપાત્ર બન્યા. આવા કાર્યકરો વડે સંસ્થાઓ ઊજળી બને છે.

મોબાઇલ : ૯૮૨૪૦૪૨૪૫૩

## ૦૨ શિક્ષક પ્રશિક્ષણ : નીતિઓ અને સમસ્યાઓ

**સતીશપ્રકાશ એસ. શુકલ**

---

શિક્ષક બનવા ઈચ્છુક વ્યક્તિને પૂર્વ સેવાકાલીન પ્રશિક્ષણ આપવામાં આવે છે. શિક્ષક પ્રશિક્ષણ મેળવેલ વ્યક્તિઓને શાળામાં શિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવે છે. તેથી, શિક્ષણને સફળ બનાવવા માટેના શિક્ષકોના કૌશલ્યોનો વિકાસ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં તાલીમ દરમિયાન થવો જોઈએ. તે માટે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ અને શિક્ષક પ્રશિક્ષકો શું કરી શકે અથવા કરે છે, તેના સંદર્ભમાં આપણે ચર્ચા કરીશું.

ભારતમાં NCTE દ્વારા શિક્ષક પ્રશિક્ષણ અંગેની નીતિઓ ઘડવામાં આવે છે. તેણે છેલ્લે ૨૦૧૪માં શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો માટેની કેટલીક નીતિઓ જાહેર કરી છે. આ નીતિઓ મુજબ તમામ પ્રકારના શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોના અભ્યાસક્રમો, પ્રશિક્ષકોની લાયકાત અને પ્રશિક્ષણનાં સમયગાળાના સંદર્ભમાં અનેક પરિવર્તનો કરવામાં આવ્યા છે. તેથી શરૂઆતમાં આપણે NCTEની છેલ્લે જાહેર થયેલી નીતિઓના કેટલાક અંશો સમજાવાનો પ્રયત્ન કરીશું.

### ભારતમાં શિક્ષક પ્રશિક્ષણ માટેની નીતિઓ

ભારતમાં, શિક્ષક પ્રશિક્ષણ સાથે સંબંધિત તમામ નીતિઓ ઘડવાનું કામ હાલમાં રાષ્ટ્રિય શિક્ષક પ્રશિક્ષણ પરિષદ (National Council for Teacher Education NCTE) દ્વારા થઈ રહ્યું છે. જેનો અમલ સમગ્ર દેશની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાએ કરવાનો હોય છે. છેલ્લે ૨૦૧૪માં આ પરિષદે બી.એડ્. અને એમ.એડ્.નો અભ્યાસક્રમ બે વર્ષનો કરવાની સાથે શિક્ષણ પ્રશિક્ષણને લગતાં અનેક ધારા ધોરણોમાં ફેરફાર કર્યા છે. ૨૦૧૪ તેમાંથી કેટલાક અગત્યનાં ધોરણો અને વિનિયમો (Norms and Regulations) આ પ્રમાણે છે.

**(૧) નીચે જણાવેલ શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમ ચલાવવા માટે શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાએ NCTEની માન્યતા લેવાની રહેશે.**

- ડિપ્લોમાં ઈન પ્રી સ્કૂલ એજ્યુકેશન (DPSE) - સમયગાળો : બે વર્ષ.

- ડિપ્લોમાં ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (D.El.Ed.) - પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા (Face to Face mode)- સમયગાળો: બે વર્ષ.

- ડિપ્લોમાં ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (D.El.Ed.)- મુક્ત અને દૂરવર્તી શિક્ષણ પ્રણાલી દ્વારા (Open and Distance Mode) – સમયગાળો : બે વર્ષ.

- બેચલર ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed.) - સમયગાળો: ચાર વર્ષ.

- બેચલર ઓફ એજ્યુકેશન (B.Ed.) - પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા (Face to Face mode) - સમયગાળો : બે વર્ષ.

- બેચલર ઓફ એજ્યુકેશન (B.Ed.) મુક્ત અને દૂરવર્તી શિક્ષણ પ્રણાલી દ્વારા (Open and Distance Mode) - સમયગાળો : બે વર્ષ.

- માસ્ટર ઑફ એજ્યુકેશન (M.Ed.) - સમયગાળો: બે વર્ષ.

- ડિપ્લોમાં ઇન ફિઝિકલ એજ્યુકેશન (D.P.Ed.) - સમયગાળોઃ બે વર્ષ.

- બેચલર ઓફ ફિઝિકલ એજ્યુકેશન (B.P.Ed.) - સમયગાળોઃ બે વર્ષ.

- માસ્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશન (M.P.Ed.)- સમયગાળોઃ બે વર્ષ.

- ડિપ્લોમાં ઇન આર્ટ્સ એજ્યુકેશન - વિઝ્યુઅલ આર્ટ્સ (DAE-Visual Arts) - સમયગાળોઃ બે વર્ષ.

- ડિપ્લોમાં ઇન આર્ટ્સ એજ્યુકેશન - પરફોર્મિંગ આર્ટ્સ (DAE-Performing Arts) સમયગાળોઃ બે વર્ષ.

- B.A. B.Ed./B.Sc.B.Ed. નો સંકલિત અભ્યાસક્રમ - સમયગાળોઃ ચાર વર્ષ.

- બી.એડ્. નો ખંડકાલીન અભ્યાસક્રમ (B.Ed. Part Time) - સમયગાળો : ત્રણ વર્ષ.

- બી.એડ્. અને એમ.એડ્.નો સંકલિત અભ્યાસક્રમ (Integrated Course of B.Ed. and M.Ed.)

સમયગાળો : ત્રણ વર્ષ.

(૨) ઉપર જણાવેલ અભ્યાસક્રમ શરૂ કરવા માગતી સંસ્થાએ NCTE એ સૂચવેલ તમામ ધારાધોરણોનો અમલ કરવાનો રહેશે.

(૩)અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી આપતા પહેલાં NCTE એ નીમેલ તપાસ સમિતિના સભ્યો જે તે સંસ્થાની મુલાકાત લેશે અને સંસ્થાએ ધારા-ધોરણો મુજબ તમામ સુવિધાઓ અને મકાનની વ્યસ્થા કરી છે કે નહી તેની તપાસ કરશે.

(૪)શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ માટે NCTE એ જાહેર કરેલ 'ધોરણો અને વિનિયમ ૨૦૧૪' નો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ થી કરવાનો રહેશે.

(૫) 'ધોરણો અને વિનિયમ ૨૦૧૪'નો અમલ થયા પહેલાં જે સંસ્થાઓ શિક્ષક પ્રશિક્ષણનાં ઉપરોક્તમાંથી કોઈ પણ કાર્યક્રમ ચલાવતી હશે તેમણે સમયગાળામાં અને અભ્યાસક્રમમાં ફેરફાર કરવાનો રહેશે. તેમની ભૌતિક સગવડોની તપાસ NCTE દ્વારા ફરીથી કરવામાં આવશે નહીં.

(૬) બી.એડ્.નો કાર્યક્રમ ચલાવતી આવી જૂની સંસ્થાઓને દર વર્ષે ૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો હક્ક રહેશે. જો કોઈ ચાલુ સંસ્થા માગણી કરશે તો નીચે જણાવેલી શરતોએ તેને દર વર્ષે ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવશે.

- વધારાના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને તાત્કાલિક વધારાનો સ્ટાફ ભરવાનો રહેશે.

- NCTE દ્વારા ફરીથી તેમની ભૌતિક સગવડોની તપાસ કરવામાં આવશે.

- જો નિયત સમય મર્યાદામાં સ્ટાફ અને ભૌતિક સગવડોમાં અપેક્ષિત વૃદ્ધિ કરવામાં નહીં આવે તો આવી સંસ્થાઓની ૧૦૦ વિદ્યાર્થીઓની મંજૂરી પાછી ખેંચી લેવામાં આવશે અને સંસ્થાને ફક્ત ૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની છૂટ આપવામાં આવશે.

(૭)તમામ શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોમાં ICT, યોગ અને સમાવેશક શિક્ષણ જેવા વિષયો શીખવવાના રહેશે. અભ્યાસક્રમમાં આ વિષયો અંગેની ખાસ જોગવાઈ કરવાની રહેશે.

(૮)દરેક શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમના અભ્યાસક્રમ માટે NCTE તરફથી એક માર્ગદર્શક માળખું આપવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમ તૈયાર કરવાનો રહેશે. સ્થાનિકકક્ષાએ આવી સંસ્થાઓને જોડાણ આપનાર વિશ્વવિદ્યાલય કે શિક્ષણ બોર્ડે અભ્યાસક્રમ તૈયાર કરવાનો રહેશે.

હાલમાં ભારતમાં સરકાર હસ્તક સંસ્થાઓ, સરકાર

દ્વારા અનુદાનિત સંસ્થાઓ, અમુક વિશ્વવિદ્યાલયો, ખુલ્લી વિદ્યાપીઠો સહિત અનેક ખાનગી સંસ્થાઓ શિક્ષક પ્રશિક્ષણનાં અભ્યાસક્રમો ચલાવે છે. ખાનગી સંસ્થાઓ મોટા ભાગે સ્વનિર્ભર ધોરણે આવા અભ્યાસક્રમો ચલાવે છે. તેમને સરકાર તરફથી કોઈ નાણાકીય સહાય આપવામાં આવતી નથી. વિનિયમ -૨૦૧૪ નો અમલ થયા પછી શિક્ષક પ્રશિક્ષણ અંગેના વિવિધ કાર્યક્રમોના અભ્યાસક્રમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં સમાવેશક શિક્ષણ, ICT અને યોગ વિષયોને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

**શિક્ષક પ્રશિક્ષણના હેતુઓ**

પૂર્વ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધી વિવિધ હેતુઓને ધ્યાનમાં રાખીને શિક્ષક પ્રશિક્ષણ આપવામાં આવે છે. તેમના કેટલાક અગત્યના હેતુઓ નીચે જણાવ્યા પ્રમાણેના છે.

- કોણ, કોને, શું, શા માટે અને કઈ રીતે ભણાવશે તે અંગેની માહિતી પ્રશિક્ષણાર્થીઓને આપવા માટે અને તે માટેના તેમનાં કૌશલ્યોનો વિકાસ કરવા માટે પ્રશિક્ષણ આપવામાં આવે છે.

- શિક્ષકોએ વિવિધ પ્રકારની શૈક્ષણિક પરિસ્થિતિમાં, જુદી જુદી કક્ષાએ અધ્યયન ક્ષમતા ધરાવતા અને વિવિધ પ્રકારની શૈક્ષણિક જરૂરિયાત ધરાવતાં અધ્યેતા સામે અધ્યાપન કાર્ય કરવાનું હોય છે. તે માટે શિક્ષક પાસે અધ્યાપન કૌશલ્યો હોવા જરૂરી છે. પ્રશિક્ષણાર્થીઓના આવાં અધ્યાપન કૌશલ્યોનો વિકાસ કરવા માટે શિક્ષક પ્રશિક્ષણની જરૂર છે.

- શિક્ષણના વ્યવસાય પ્રત્યે શિક્ષકોની પ્રતિબદ્ધતા વધારવા અને ટકાવી રાખવા માટે તેમને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

- જે તે પ્રદેશમાં જે તે સમયે પ્રવર્તમાન શૈક્ષણિક પ્રશ્નો અને સમસ્યાઓની સમજ આપવા માટે અને તેમાંથી બહાર નીકળવાના માર્ગો શોધવાની ક્ષમતા કેળવવા માટે શિક્ષક પ્રશિક્ષણ આવશ્યક છે.

- વિદ્યાર્થીઓ તેમની મહત્તમ કક્ષાએ શૈક્ષણિક સિદ્ધિ મેળવે તે શિક્ષકની જવાબદારી છે. શિક્ષકો આ જવાબદારીને સમજે અને તે મુજબ શિક્ષણ કાર્ય કરે, તેવી તેમની ક્ષમતાનો વિકાસ કરવા માટે પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

-શાળા અને કૉલેજ જીવન દરમિયાન શિક્ષકો સાથે થયેલા અનુભવોને આધારે પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણ વિશે વ્યવસાય અને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા અંગેની ચોક્કસ અને મર્યાદિત છાપ લઈને પ્રશિક્ષણ મેળવવા માટે આવે છે. તેમના મગજમાં રહેલી આવી છાપને શિક્ષણની ફિલસુફીને અનુકૂળ વ્યાપક સ્વરૂપમાં ઢાળવા માટે શિક્ષક પ્રશિક્ષણ આવશ્યક છે.

- જુદી જુદી સામાજિક પૃષ્ઠભૂમિ, સંસ્કૃતિ અને આર્થિક પરિસ્થિતિ ધરાવતાં બાળકો શાળામાં આવે છે. સમાનતાને ધોરણે તથા નિષ્પક્ષ રીતે તમામ બાળકોને શિક્ષણ આપવા માટે શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશીલા સમજવી શિક્ષક માટે આવશ્યક છે. શિક્ષકની આ સમજ વિકસાવવા માટે પ્રશિક્ષણ આપવામાં આવે છે.

- જુદી જુદી માનસિક અને મનોવૈજ્ઞાનિક પરિસ્થિતિ ધરાવતાં બાળકોની મનોદશા સમજીને તમામને સમાનતાને ધોરણે અને નિષ્પક્ષ રીતે શિક્ષણ આપવા માટે શિક્ષણની મનોવૈજ્ઞાનિક આધારશીલા સમજવી આવશ્યક છે. પ્રશિક્ષણાર્થીઓ અને શિક્ષકોની આ સમજ વિકસાવવા માટે શિક્ષક પ્રશિક્ષણ આવશ્યક છે.

- શા માટે, કોને અને શાનું શિક્ષણ આપવું તે સમજવું શિક્ષક માટે જરૂરી છે. શિક્ષણની તાત્ત્વિક આધારશીલા શિક્ષકો અને પ્રશિક્ષણાર્થીઓની આવી સમજ વિકસાવી

શકે છે. જે શિક્ષક પ્રશિક્ષણ દ્વારા શક્ય બને છે.

- શિક્ષણની સમાજશાસ્ત્રીય, તાત્ત્વિક અને મનોવૈજ્ઞાનિક આધારશીલાના સંદર્ભમાં પ્રશિક્ષણાર્થીઓને નીચે જણાવેલ કાર્યો માટે સક્ષમ કરવાના હેતુથી શિક્ષક પ્રશિક્ષણ જરૂરી છે.

- તમામ પ્રકારનાં બાળકોની સંભાળ લે,

- દરેક બાળકને તેના સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને રાજનૈતિક સંદર્ભમાં સમજે,

- અસરકારક અધ્યયનની રીતો સમજે અને તેમનો અમલ કરાવવા માટેની ક્ષમતા કેળવે,

- અધ્યયન માટે પ્રેરક વાતાવરણનું સર્જન કરે,

- બાળકો વચ્ચે રહેલી વ્યક્તિગત ભિન્નતાઓને સંતોષે તેવા અધ્યયન વાતાવરણનું સર્જન કરે,

- સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સમજે અને બાળકોને વધુ સારા વિશ્વના વિકાસ માટે તૈયાર કરે,

- અધ્યયનને, વ્યક્તિગત અનુભવને આધારે અર્થ આપવાની પ્રક્રિયા તરીકે જુએ, નહી કે તથ્યોની જાણકારી તરીકે,

- જ્ઞાનના સર્જનને, ચિંતનાત્મક અધ્યયનને કારણે સતત વિકસિત થતી પ્રક્રિયા તરીકે જુએ,

- અભ્યાસક્રમીય માળખાં, નીતિઓના સૂચિતાર્થો અને વિષયવસ્તુનું વિશ્લેષણ કરે,

- ભાષામાં પાયાની નિપુણતા મેળવે,

- સંશોધનાત્મક દ્રષ્ટિ વિકસાવે,

- એવા શિક્ષકો તૈયાર કરવા માટે પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપવામાં આવે છે કે જેઓ અધ્યાપન,અધ્યયન પ્રક્રિયા દરમિયાન નીચે જણાવેલ કાર્યો માટે બાળકોને પ્રોત્સાહન આપે, તે માટેની સુવિધા પૂરી પાડે અને સહાયક બને.

- બાળકો પોતાની પ્રતિભાને જાતે ઓળખે, શોધે અને વિકસાવે.

- તેઓ પોતાની શારીરિક અને બૌદ્ધિક ક્ષમતાને મહત્તમ કક્ષાએ ઓળખે અને તે કક્ષા સુધી વિકસિત કરે,

- બાળકો ચારિત્ર્યવાન બને,

- એક જવાબદાર નાગરિક તરીકે કાર્ય કરવા માટે સામાજિક અને માનવમૂલ્યો કેળવે.

- વિકાસના બદલાતા રાષ્ટ્રિય ધ્યેયો અને બદલાતી શૈક્ષણિક અગ્રતાઓને આધારે ચિંતન કરીને અને પાછલા અનુભવોને સાંકળીને પ્રશિક્ષણાર્થી, શાળાના વર્તમાન અભ્યાસક્રમની સમીક્ષા કરવાની, સમાજની બદલાતી જરૂરિયાતો અને અધ્યેતાની વ્યક્તિગત જરૂરિયાતને સુસંગત હોય તેવા અભ્યાસક્રમનો વિકાસ કરવાની ક્ષમતા વિકસાવે તે માટે તેમને પ્રશિક્ષણ આપવું આવશ્યક છે.

- ઉપરાંત પ્રશિક્ષણાર્થી, અભ્યાસક્રમની રચના અને વિકાસ કરવાનું કાર્ય કરી રહેલા લોકોના સમૂહનો સક્રિય સભ્ય બનવાની ક્ષમતા કેળવે તે માટે, તેમને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

- ઉપરોક્ત હેતુઓ સિવાય નીચે જણાવેલ હેતુઓ પૂર્ણ કરવા માટે શિક્ષક પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપવામાં આવે છે.

- પ્રશિક્ષણાર્થીઓની, સ્વયંની વિવેચના કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- બાળકોનું અવલોકન કરવા માટેની અને તેમની સાથે વ્યસ્ત રહીને પોતાને તેમની સાથે જોડવાની તક પૂરી પાડવા માટે,

- નવા જ્ઞાન અને વિચારોના પરિપાચન તથા સંધાનની ક્ષમતાનો વિકાસ કરવા માટેની, સ્વનિર્દેશિત અધ્યયન માટેની, સમૂહમાં કામ કરવા માટેની, સ્વઅધ્યયન માટેની અને ચિંતન માટેની તકો પૂરી પાડવા માટે.

- પોતાને સમજવા માટેની ક્ષમતાનો વિકાસ કરવા

માટે; અન્ય લોકોની ધારણાઓ, માન્યતાઓ, સંવેગો અને ક્ષમતાઓને સમજવા માટેની અને સ્વવિશ્લેષણ કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટેની તક આપવા માટે,

- સ્વમૂલ્યાંકન, અનુકૂલન, લવચિકતા, સર્જનાત્મકતા અને નવપ્રવર્તન માટેની ક્ષમતાનો વિકાસ કરવા માટેની તક પૂરી પાડવા.

- વિવેચનાત્મક ચિંતન ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- વિષય આધારિત જ્ઞાન અને સામાજિક વાસ્તવિકતાને સમજીને વિષયવસ્તુને વ્યવહારિક જીવન સાથે સાંકળવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- શિક્ષણશાસ્ત્રીય અને વ્યવસાયિક કૌશલ્યોનો વિકાસ કરવા માટેની તકો પૂરી પાડવા માટે,

- જ્ઞાનને પાઠ્યપુસ્તકમાં મુદ્રિત બાહ્ય તથ્ય સમજવાને બદલે અધ્યાપન-અધ્યયન અને વ્યક્તિગત અનુભવોની વહેંચણીના સંદર્ભમાં સમજે તે માટે,

- મૂલ્યાંકનની વિવિધ રીતો, તેમની ઉપયોગિતા અને મર્યાદાઓ સમજીને વિવિધ પરિસ્થિતિમાં ઉચિત રીતનો અમલ કરવાની પ્રશિક્ષણાર્થીઓની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- મૂલ્યાંકન ઉપકરણોની રચના કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- શિક્ષકના વ્યવસાય માટેની આચાર સંહિતાનું પાલન કરવા માટેની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ શિક્ષણનાં વર્તમાન પ્રવાહોથી પરિચિતિ કરવા અને તેમનું વિશ્લેષણ કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- પ્રશિક્ષણાર્થી શિક્ષણને વ્યવસાય તરીકે સ્વીકારે, વ્યાવસાયિક સંગઠનનું મહત્ત્વ સમજે અને તેનો સભ્ય બનવાની ક્ષમતા વિકસાવે તે માટે,

- પ્રશિક્ષણાર્થી, શિક્ષણનાં વ્યવસાયને અનુકૂળ આવે તે રીતે તેના વ્યક્તિત્વનો વિકાસ કરે તે માટે,

- પ્રશિક્ષણાર્થીઓની, અધ્યાપન, અધ્યયન સામગ્રીની રચના કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે,

- માહિતી પ્રૌદ્યોગિકી અને શૈક્ષણિક પ્રૌદ્યોગિકીના ક્ષેત્રમાં વિકસિત થતી નવી તક્નિકીનો ઉપયોગ કરવાની ક્ષમતાનો વિકાસ કરવા માટે.

શિક્ષક પ્રશિક્ષણનાં ઉપરોક્ત હેતુઓ પૂર્ણ કરવામાં સૌથી મોટી ભૂમિકા શિક્ષક પ્રશિક્ષકોએ અદા કરવાની હોય છે. તે માટે તેમની પાસે પણ કેટલાક અગત્યના કૌશલ્યો અને શૈક્ષણિક લાયકાત હોવા જરૂરી છે. તેના સંદર્ભમાં ચર્ચા કરતાં પહેલાં આપણે શિક્ષક પ્રશિક્ષકનો અર્થ સમજવાનો પ્રયત્ન કરીશું.

### શિક્ષક પ્રશિક્ષકનો અર્થ (Meaning of Teacher Educator)

શિક્ષક પ્રશિક્ષકનો કોઈ નિશ્ચિત અર્થ આપવાનું કામ કઠિન છે. કારણ કે પૂર્વ પ્રાથમિકથી માંડીને ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધીની જુદી જુદી કક્ષા માટે શિક્ષકો તૈયાર કરવા માટે જુદા જુદા પ્રકારની પ્રશિક્ષણ સંસ્થાઓ કામ કરે છે. આવી જુદી જુદી કક્ષાની પ્રશિક્ષણ સંસ્થામાં પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપવાનું કામ કરતાં પ્રશિક્ષકો જુદી જુદી શૈક્ષણિક પૃષ્ઠભૂમિ અને શૈક્ષણિક લાયકાત ધરાવે છે. તેમ છતાં વિવિધ કક્ષાના શિક્ષક પ્રશિક્ષકોની મુખ્ય ફરજને ધ્યાનમાં, રાખીને અર્થ આપવો હોય તો કહી શકાય કે,

શિક્ષણના નિશ્ચિત સ્તર માટે શિક્ષકો તૈયાર કરવાના હેતુથી પ્રશિક્ષણ સંસ્થામાં શિક્ષક પ્રશિક્ષણાર્થીઓને તેમની વ્યવસાયિક ક્ષમતા અને શિક્ષકો માટેના અપેક્ષિત કૌશલ્યોનો વિકાસ કરવા માટે પ્રશિક્ષણ આપતા અનુદેશક (Instructor) કે પ્રશિક્ષકને શિક્ષક પ્રશિક્ષક કહે છે.

## ૦૩ શિક્ષણ અને સમાજ : અનુબંધ અને પરિવર્તન

**રમેશ સંઘવી**

---

**(૪) શિક્ષણ દ્વારા જવાબદાર નાગરિક નિર્માણ**

આજે દેશ, સમાજ, વર્ણ, જ્ઞાતિ, ધર્મ, પ્રદેશ, સંપ્રદાયમાં વાડાબદ્ધ થયો છે. કોઈ પણ સમાજ કે દેશનાં વિકાસ, શાંતિ, સુખ માટે તે નડતરરૂપ છે. આનો ઉપાય અને ઉપચાર એ સંયમિત-સંતુલિત, ચારિત્ર્યશીલ-જવાબદાર, બીજાની કાળજી-સંભાળ લેનાર નાગરિકત્વનું નિર્માણ જ છે. આ માટે કોઈ ફોર્મ્યુલા નથી હોતી. દેશ, કાળ, પરિસ્થિતિની જરૂરિયાતો, સમસ્યાઓ અને વિકાસની સંકલ્પનાએ મુજબ તે બદલાતી રહે છે. કેવળ અક્ષરજ્ઞાન, પુસ્તકિયું પાંડિત્ય એ પૂરતું નથી. વ્યક્તિ પોતાની સમસ્યાઓ ઉકેલી શકે, તેનામાં હિંમત, સમજ, કૌશલ્ય નિર્માણ થાય તે મહત્ત્વનું છે. આવા વ્યક્તિના નિર્માણ માટે વિનોબાજીએ યોગ, ઉદ્યોગ, અને સહયોગ એવાં ત્રિરત્નોની વાત કરેલી, તો વિમલાતાઈએ સખ્ય, સહયોગ અને સહજીવનની વાત કરેલી.

આ માટે શાળાનું તંત્ર લોકશાહી ઢબથી ચાલે તેમ થવું જોઈએ. પ્રત્યેક બાળકને જવાબદારી અપાય અને શાળા સંચાલન તેમજ કાર્યક્રમોમાં હિસ્સેદારી અપાય. શાળાના જે જે કાર્યક્રમો થાય- ઉત્સવ ઉજવણી, પ્રવાસ, મહેમાનોનું સ્વાગત અને ગોષ્ઠિ, પ્રાર્થના-સંમેલન,સંચાલન આ બધામાં વિદ્યાર્થીઓની ભાગીદારી હોય. શાળાનું એક મંત્રીમંડળ અને જરૂરી સમિતિઓ પણ હોય. પ્રત્યેક શાળા સ્વતંત્ર અને સ્વતંત્ર રીતે જ તેનું આયોજન કરી શકે. વિદ્યાર્થીઓ શાળા અને સમાજ કાર્યોમાં પણ જોડાય. સમાજના પ્રશ્નોનું અધ્યયન, ગ્રામશિબિર, ગ્રામસફાઈ, મુલાકાત, માંદાની સારવાર, ગ્રામસર્વે અને તેનો અહેવાલ આવું તો કેટલુંય થઈ શકે. ઉત્સવની ઉજવણી ગામ સાથે મળીને કરે કે ગામમાં જઈને કરે. સ્વાતંત્ર પર્વ કે એવા રાષ્ટ્રીય તહેવારો પણ સાથે મળીને ઉજવે. ગામમાં વ્યસન, બાળલગ્ન, ગરીબી-બેરોજગારી વગેરે પ્રશ્નો અને તેના નિવારણના માર્ગ વિચારે. આવી સમાજાભિમુખતા શાળાના કાર્યક્રમોમાં સમાવિષ્ટ થાય. આ પ્રકારના કાર્યો બાળકોની નાગરિક ચેતના અને સક્રિય નાગરિકતાને જગાડશે. પ્રત્યેક શાળા આ કરી જ શકે. સમાજની ખુલ્લી શાળામાંથી જે શીખવાનું મળે છે, તે ચાર દિવાલોનાં શિક્ષણ કરતાં ક્યાંય વધારે છે. શાળાએ સમાજ સાથે, સૃષ્ટિ સાથે સંધાન કરવાનું છે. અને બાળકની આ અભિમુખતા તેમ જ જાગૃતિ સમાજ પરિવર્તનની પીઠિકા તૈયાર કરી આપે છે, કારણ બાળકનું આંતરિક કલેવર સાબૂત બન્યું હોય છે.

**(૫) શાળાનું વાતાવરણ - ભાવાવરણ**

શાળા એટલે શું? મકાનો અને મેદાનો? શાળા સુવિધામાં નથી. બાળકો કેવી રીતે શીખે છે? બાળકો શીખે છે શાળાના વાતાવરણથી - ભાવાવરણથી. આવું વાતાવરણ નિર્મિત થાય છે શિક્ષક- વિદ્યાર્થીના નિર્વ્યાજ, વત્સલ, સૌહાર્દપૂર્ણ, પ્રેમસભર સંબંધોથી. સત્ત્વશીલ વાતાવરણમાં ચાલતું ભણવાનું, મળતું પ્રેમતત્ત્વ, થતી પ્રવૃત્તિઓ અનેક સુખદ, દુઃખદ ઘટનાઓ પણ બને, પણ આ બધું બાળકના ઘડતરમાં, તેના શિક્ષણમાં-શીખવામાં અસરકારક ભાગ ભજવે છે. શિક્ષક પાસે આ અંગે દૃષ્ટિ અને સમજણ હોય અને તે માટેની સ્વતંત્રતા-છૂટ હોય તો જીવનનું શિક્ષણ સહજ જ મળે છે, પ્રવર્તે છે. શિક્ષક પાસે વૈજ્ઞાનિક દ્રષ્ટિ અને પ્રયોગશીલતા હોય, બાળકના નિજત્વનો આદર અને ધૈર્ય હોય, તેનામાં વાણી સંયમ અને આત્મસંયમ હોય, તેનું આચરણ કશાય લોભલાલચ વિનાનું

અને બાહ્ય દબાણ વિનાનું હોય તો આ પાથેય તેને ખૂબ કામ લાગે છે.

શાળા અને તેના પર્યાવરણની, શિક્ષકો અને તેના અધ્યાપનકાર્ય તેમજ પ્રવૃત્તિઓની જ વાત કરીએ. મૂળ વાત છે બાળકને પ્રવૃત્તિમાં, દિવસભરનાં શાળા કે શાળા બહારના કાર્યક્રમોમાં રસ પડવો જોઈએ. બાળક રસાનુભૂતિથી તૃપ્ત થાય છે અને તેની અસર અવિસ્મરણીય બને છે. આ તૃપ્તિ જ તેને આત્મવિશ્વાસ અપાવે છે, અભિવ્યક્તિ અપાવે છે. શાળાના સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એક સામગ્રિક - સુગ્રથિત દ્રષ્ટિથી થાય. શાળાએ બાળકોને વિવિધ પ્રકારના માતબર જીવન અનુભવો આપવાના છે, તે માટેના સંજોગો પેદા કરવાના છે અને તેને શિક્ષણ સાથે જોડવાના છે. શાળાની અંદર અને શાળાની બહાર જે કાર્યક્રમો થાય તે બધાનો સમવાય શિક્ષણ સાથે કરવાનો છે, અને આ શિક્ષક, શિક્ષકગણ તેમજ શાળાનાં સંચાલનતંત્રે કરવાનો છે. જેમ કે સમાજની વચ્ચે જઈ ઉત્સવો ઉજવવા, કોઈ પ્રશ્ન આવે તો તેનાં તપાસ અભ્યાસ કરવાં અને આ બધું સમાજ સાથે અને જીવન સાથે પ્રયોજી - સંયોજી શકાય. રસ્કિને જ કહેલું : 'પથ્થરમાં મૂર્તિ છે જ, શિલ્પી તો પોતાનાં કલ્પના અને ઓજારો વડે તે પથ્થરમાંથી મૂર્તિ સિવાયનો ભાગ કાઢી નાખે છે. શાળાએ પણ પોતાનાં ઓજારો-કાર્યક્રમો, દ્રષ્ટિ-હેતુ દ્વારા બાળકમાં પડેલ સારા માણસ થવાની મૂર્તિને કોતરવાની છે, ઘાટ આપવાનો છે.' આ માટે વિવિધ પ્રકારની શાળાઓના અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના પ્રયોગ થયા. જીવનશાળા, મુક્તશાળા, કારીગરશાળા, હુન્નરશાળા, લોકશાહીશાળા- મૂળ વાત છે બાળકની સ્વતંત્રતા, જવાબદારી, સહનશીલતા સાથે નિજી સ્ફૂરણને અવકાશ મળે અને સમાજ સાથે પણ અનુબંધિત થાય તેવા કાર્યક્રમો હોય.

**(૬) છાત્રાલય (સમૂહજીવન) : ઘડતરનું ધરુવાડિયું**

છાત્રાલય એ જીવન ઘડતરનું - જીવન પરિવર્તનનું માધ્યમ છે, અને તેને શાળા-વિદ્યાલય સાથે જોડવાનું છે. શાળામાં જે શીખવવા-સમજાવવામાં આવે તેનું પ્રત્યક્ષ કાર્ય-અનુભવજ્ઞાન છાત્રાલયમાં થઈ શકે. શાળા શિક્ષણ અને સમાજના અનુબંધતા છાત્રાલયનું પણ સુંદર યોગદાન બની શકે. છાત્રાલયની દિનચર્યા અને થતા કાર્યક્રમોને, સંબંધને પણ વિદ્યાર્થી ઘડતર અને સમાજ ઘડતરની દ્રષ્ટિએ જોવાના છે. કદાચ, છાત્રાલય શાળા કરતાં પણ અનુબંધ અને પરિવર્તનનું વિશેષ સમૃદ્ધ માધ્યમ છે.

આવી શાળામાં પારિવારિકતા હોય અને તેથી તેમાં સંખ્યા મર્યાદિત હોય. શાળાનાં મહાલય જેવાં ભવનો અને ગંજાવર સંખ્યાથી પારિવારિકતા ન આવે અને પારિવારિકતા વિના ઘડતર ન થાય.

શિક્ષણનો એક મહત્ત્વનો ભાગ છેઃ 'સમૂહમાં જીવતા શીખવું' અર્થાત્ સમૂહજીવન. વિદ્યાર્થીનું ઘડતર યોગ્ય-સમુચિત સમૂહજીવનથી થાય છે, કારણ કે સમૂહ એ સમાજની જ નાની આવૃત્તિ છે. To Live to Gether એટલે Living, Loving, અને Lerning. સમૂહજીવનનાં સ્નેહ અને મૈત્રી, ભાઈચારો અને સમાનતા, સહયોગ અને સ્વાશ્રય, સ્વાવલંબન અને સ્વાધ્યાય વ્યક્તિનું સુંદર ઘડતર કરે છે. પ્રત્યેક શાળા-શિક્ષણ સંસ્થાએ આ જ કામ કરવાનું છે. છાત્રાલય એ બૃહદ પરિવાર છે અને તેમાં જવાબદારીભર્યા વ્યક્તિગત કે સમૂહકાર્યો એ જીવનઘડતરનું-ચારિત્ર્યઘડતરનું માધ્યમ છે. કિશોરલાલ મશરૂવાળાએ જીવન માટે પ્રચલિત ચાર પરિબળો : કુદરતી સંપત્તિ, મનુષ્યબળ, અનુકૂળ શાસન અને જ્ઞાનવિજ્ઞાનની સાથે પાંચમું પરિબળ પ્રજાનું- નેતાનું ચારિત્ર્ય મહત્ત્વનું ગણ્યું છે. ચારિત્ર્યની કેળવણી સમૂહમાં થઈ શકે.

એટલે શિક્ષકની મૂલ્ય શ્રદ્ધા, પરિશીલન, નિષ્ઠા, દ્રષ્ટિ અને આચરણ મુખ્ય છે. તે જ નવા સમાજનો રચયિતા અને પરિવર્તનનું માધ્યમ બની શકશે.

**(૭)શ્રમઃ**

કેળવણી સાથે સ્વાશ્રય અને શ્રમ સામેલ હોય તે પણ સમાજભિમુખતા, અનુબંધ અને પરિવર્તન માટે મહત્ત્વનું

કામ છે. શિક્ષણ મળે છે જીવાતા જીવનમાંથી. વિદ્યાર્થી જ્યારે શ્રમ દ્વારા ધરતી સાથે જોડાય છે ત્યારે તે પ્રકૃતિ સાથે જોડાય છે. દેશ - પરદેશના શ્રમિક વર્ગ સાથે પણ તેનો નાતો બંધાય છે, જેની સંખ્યા ઘણી મોટી છે. વ્યાપક અર્થમાં તે જીવનનાં મૂળભૂત તત્ત્વો સાથે સંબંધમાં આવે છે. શ્રમ એ શાળામાં કે ગામમાં કે કોઈ ખેડૂતને ત્યાં પણ થઈ શકે. વિદ્યાર્થીની પંચેન્દ્રિયની કેળવણી, હૃદયનો વિકાસ અને મસ્તિષ્કની સક્રિયતા-આ ત્રણે શ્રમ દ્વારા સાધી શકાય છે. સમાજમાં બેઠાડું, શોષક વર્ગ એ રાષ્ટ્રનો મોટો પ્રશ્ન હોય છે. શિક્ષણ સાથે પરિશ્રમ અનિવાર્યપણે જોડવો જોઈએ.

**(૮)અનુબંધ અને પરિવર્તન**

'અનુબંધ' એટલે વિષય શિક્ષણને જીવન સાથે, સમાજ સાથે, જીવન અને સમાજની જરૂરિયાતો-સમસ્યાઓ સાથે જોડવું. અને 'પરિવર્તન' એટલે વ્યક્તિ અને સમાજનું અપેક્ષિત પરિવર્તન. મૂલ્યલક્ષી, જવાબદાર-જાગૃત નાગરિકતા અને સ્વાધ્યાયલક્ષી શિક્ષણ તેમજ સામાજિક પરિવર્તન. શિક્ષણનું કામ છે સમસ્યાઓને ઉકલવી. તેને બદલે તે જ સમસ્યારૂપ થઈ જાય તો? તો સમાજમાં પણ તેની અસર થાય અને તેની પ્રતિક્રિયા નિરાશા-નિરર્થકતાના સ્વરૂપે આવે. આવું આજે થાય છે તેનું કારણ શિક્ષણ એ એકલવાયું બની ગયું છે.

વ્યક્તિના જીવન, સમાજના જીવન કે સમગ્ર સૃષ્ટિ સાથે તેનો સંબંધ નથી. આ સંબંધને સ્થાપિત કરવો તે અનુબંધનું કામ અથવા એટલે જ અનુબંધ. ગાંધીજીની આ મોટી અને મૌલિક ભેટ છે.

અનુબંધનો વિચાર કેળવણીના તમામ તબક્કાઓમાં અપનાવવો જોઈએ. શિક્ષક ભણાવે છે તેમાં તેને અનુષંગિક અન્યજ્ઞાન, ક્રિયા અને ભાવજગતને જોડવાં અને તે પ્રત્યક્ષપણે જોડવાં તે અનુબંધ. કોઈ પણ વિષય હોય, તેનો કોઈ મુદ્દો હોય, જેમ કે ખેતી -પશુપાલન કે ગૃહઉદ્યોગો - ગ્રામઉદ્યોગો. વિદ્યાર્થી તે માટે પુસ્તકાલયમાંથી સ્વાધ્યાય આધારે કક્ષા મુજબ વિગત મેળવે, ગામમાં ચાલતા ખેતી - પશુપાલન કે ગૃહઉદ્યોગ - ગ્રામઉદ્યોગની મુલાકાત લે, તેને સમજે અને પછી તેનાં કેટલાંક પ્રયોગિક કાર્ય સાથે જોડાય. હાથ -પગ, બુદ્ધિ-સમજ અને ઊર્મિ-ભાવજગતની કેળવણીની જે વાત કરીએ છીએ તે અહીં ચરિતાર્થ થાય.

વિદ્યાર્થી જ્યારે આ સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થશે ત્યારે ખેતી-પશુપાલન, ગૃહઉદ્યોગો - ગ્રામઉદ્યોગો કે ગામનું જીવન - તેનું અર્થતંત્ર આદિમાં શું પરિવર્તન હોવું જોઈએ તેની આંતરપ્રતીતિ તેને થશે. ગામડાંમાં ગંદકી છે, લોકો ગમે ત્યાં મળમૂત્ર,થૂંક આદિ વિસર્જિત કરે છે - આ બધાનો પ્રત્યક્ષ અનુભવ અને પછી શિક્ષક દ્વારા તેની સમીક્ષા અને સમજણ આદિથી વિદ્યાર્થીને થશે આ બદલવું જોઈએ. આ તો એક ઉદાહરણ, પણ શાળા સાથે સમાજની આવી તો વિવિધ વાતો જોડીને સમાજપરિવર્તનને સાબૂત કરી શકાય. આજનો વિદ્યાર્થી બાર વર્ષનું પ્રથમ તબક્કાનું શિક્ષણ લે છે. આ પ્રત્યેક તબક્કે સામાજિક કાર્યો, પ્રકૃતિ સંરક્ષણ, સ્વવિકાસ, રચનાત્મક કાર્યો સાથે વિદ્યાલયનો - અભ્યાસક્રમનો અનુબંધ અનિવાર્ય છે. તો જ પરિવર્તન પ્રતિ ગતિ થઈ શકે. વિદ્યાર્થીની ઉંમર, શારીરિક શક્તિ, સમજશક્તિ મુજબ આ બધું આયોજન થાય. શિક્ષણના સિદ્ધાંતો જ છેઃ પરિચિતથી અપરિચિત તરફ, સ્થૂળથી સૂક્ષ્મ તરફ, અનુબંધ કે સમવાયમાં આ સિદ્ધાંતો સહજ જોડાશે. અનુબંધમાં જીવનને સ્પર્શતાં ક્ષેત્રો આવી શકે અને પ્રત્યક્ષ કાર્યો, પુસ્તકાલય, વ્યાખ્યાનો, મોજણી, શ્રમકાર્ય આદિ સાથે તેનો અનુબંધ કરીને વિષય શિક્ષણને વ્યવહારિક અને જીવન ઉપયોગી બનાવી શકાય.

**(૯) નિત્યનિરંતર નઈ તાલીમ :**

રાજાજીએ કહેલું : 'ગાંધીજીએ માત્ર ભારતને જ નહીં, પણ સમગ્ર દુનિયા માટે ક્રાંતિકારી વિચારની ભેટ આપી છે, તે છે નઈ તાલીમ.' નઈ તાલીમ એક સમાનતામૂલક, શોષણરહિત, અહિંસક સામજરચનાના નિર્માણની કેળવણી છે. નાનાભાઈ ભટ્ટે કહેલું : **'હાથમાંના આમળાંની જેમ જોઈ શકું છું કે નઈ તાલીમ એ અહિંસક સમાજની સ્થાપના**

**માટે ઉત્તમ કાર્યક્રમ છે.'** નઈ તાલીમ એટલે જ સમગ્રતા. આજના એકાંગી શિક્ષણનો તે મજબૂત વિકલ્પ છે. સમાજ પરિવર્તનની તાકાત નઈ તાલીમમાં છે, ગુજરાતમાં નઈ તાલીમની જે જે શાળા- મહાશાળાઓ, જે જે વિસ્તારમાં ચાલે છે તેથી તે વિસ્તારનું તો પરિવર્તન થયું જ છે, પણ તેના વિદ્યાર્થીઓ જ્યાં જ્યાં ગયા ત્યાં અદીઠપણે વ્યક્તિ પરિવર્તન, વ્યવસ્થા પરિવર્તન, સમાજ પરિવર્તન થયું છે. કારણ કે તેમાં જીવાતા જીવનનો અને શાશ્વત જીવનનો સ્વીકાર છે. તે પ્રાસંગિક પણ છે અને ચિરંતર છે. દર્શકે કહેલું : **'કેળવણીમાં સનાતન સાથે નૂતનની કલમ કરવાની છે.'**

નઈ તાલીમમાં બીજી વાત પણ છે, સમગ્ર પ્રજાને પણ કેટલાક કાર્યોમાં શાળાકાર્યો સાથે જોડવી. શાળા ગ્રામશિબિર કે ગ્રામસફાઈનો કાર્યક્રમ હાથ ધરે છે તો ગામના લોકો તેમાં જોડાઈ શકે. ગામમાં કોઈ ઉત્સવ ઉજવણી કે કથા-વાર્તા થાય છે તો શાળા તેમાં જોડાઈ શકે. વિદ્યાર્થીઓ કોઈ ખેડૂત કે ઉદ્યોગગૃહોમાં જઈને કામ કરે અને તાલીમ મેળવે. ગાંધીજીની નઈ તાલીમની જે દ્રષ્ટિ હતી તેમાં તેમણે કહેલું: **'મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ ઉદ્યોગગૃહ સાથે જોડાશે.'** અને ઈજનેરી આદિના વિદ્યાર્થીઓ પણ પ્રત્યક્ષ રીતે મકાન-પુલ આદિ નિર્માણ કાર્યમાં જોડાશે.

શિક્ષણને જીવન પરિવર્તન અને સમાજ પરિવર્તનનું માધ્યમ બનાવવાનું છે. 'દર્શક' કહેલું : **'વર્તમાન એ યજ્ઞભૂમિ છે, તેમાં ભૂતકાળ અને ભવિષ્યકાળનું મિલન થાય છે.'** સમાજમાં રહેલાં અસ્પૃશ્યતા - અસમાનતા, કોમીમાનસ - ધર્મના ભેદભાવ, વ્યસનો - ગંદકી, સ્ત્રીઓની સ્થિતિ આવા તો કેટલાય પ્રશ્નો છે. શાળા આ બધામાં ભૂમિકા ભજવી શકે અને પરિવર્તનમાં યોગદાન આપી શકે. આપણા સામાજિક મૂલ્યો, વ્યવહારો, પરંપરાઓ વગેરેમાં પણ સમુચિત સમજ કેળવીને તપાસવાની - બદલવાની જરૂર છે. અને આ બધું વિવિધ વિષયો, લલિતકળા, ઉત્સવો, સમાજકાર્યો આદિ દ્વારા થઈ શકે છે. તેને આ બધાં માટે આજના શિક્ષણના સમગ્ર ઢાંચામાં પરિવર્તન કરવું પડશે!

જીવન તેમ જ સમાજને પોષક મૂલ્યો મળે. બાળકને નિર્ણયની સ્વતંત્રતા મળે, શાળા સંચાલનમાં તેને જવાબદારી - ભાગીદારી આપવામાં આવે, તેને ટીકા- અવગણના સહન ન કરવા પડે.

આજે સારો નાગરિક જોવા નથી મળતો. જે વ્યક્તિ બીજા માટે સંવેદના- પીડા અનુભવે તે જોવા નથી મળતી. સારા ઉત્પાદકો, વિદ્વાનો, સંશોધકો છે પણ સારા 'નાગરિક' નથી. આ કેવી તો મોટી વિડંબના અને કરુણતા ! નાગરિક ધર્મ એટલે કેવળ પોતાનો નહીં, બીજાનો પણ વિચાર કરે, જેને આપવામાં - ઘસાવામાં આનંદ આવે, જે સમાજ કે સૃષ્ટિ કોઈનું અકલ્યાણ ન કરે — જેનો હૃદયવિકાસ અને દ્રષ્ટિવિકાસ સ્વને વળોટીને સર્વપ્રતિ વળ્યો હોય તેવો નાગરિક જોઈએ અને તે શાળા, શિક્ષકો અને વાતાવરણ જ આપી શકે.

સંપર્કઃ ૯૧૩૧૬૦૭૨૪૨

(અનુસંધાનઃ કોડિયું અંક-૧૫-સપ્ટેમ્બરઃ૨૦૨૫,લેખઃ **'શિક્ષણ અને સમાજઃ અનુબંધ અને પરિવર્તન'**)

**નઈ તાલીમ**

વધુ ને વધુ વકરતા જતા ઉપભોકતાવાદ અને યંત્રવિજ્ઞાનની આંજી નાખતી અવનવી શોધખોળના આ તબક્કે નઈ તાલીમની જીવનદૃષ્ટિ કેટલાકને ભલે અપ્રસ્તુત લાગે, મને ઉપકારક લાગે છે. કેમકે આ સાધનસામગ્રીની ફેરબદલીનો વિષય નથી પણ માનવમૂલ્યોની સમજણ કેળવતી જીવનદૃષ્ટિનો વિષય છે.'

- રઘુવીર ચૌધરી

## ૦૪ કથા આશા અને વિકાસની : ૧૭ - ઘરશાળાની શરૂઆત

**બિંદુ- પાર્થેશ**

---

'કેમ આજે મૂડમાં નથી?' ઑફિસેથી આવી થેલો મૂકતા વિકાસે આશાને પૂછ્યું. 'ના ના એવું કંઈ નથી.' વિદ્યાર્થીના પેપર તપાસતાં તપાસતાં આશાએ જવાબ દીધો. 'તો પછી ચૂપ ચૂપ કેમ છો?' વિકાસ આશાના સ્વભાવને જાણતો હતો તેથી પૂછ્યું.

'આપણા બાળકોનો વિચાર કરું છું.' આશાએ પેપર બાજુમાં મૂકી કહ્યું.

'કેમ શું થયું વળી?' વિકાસના અવાજમાં ચિંતાની છાંટ હતી. એક ઊંડો શ્વાસ લઈ વ્યથિત મને આશાએ વાત શરૂ કરી. 'આપણા બાળકો જ્યારે આપણી શાળામાં ભણતાં હોય ત્યાં સુધી કેટલા નિયમિત હોય છે ! ભણવામાં પણ એકદમ વ્યવસ્થિત. છોકરા- છોકરીઓ ભાઈ, બહેન કે મિત્રની જેમ રહે છે. પ.....ણ ખબર નહીં કેમ હાઈસ્કૂલમાં જાય પછી બધું જ બદલાઈ જાય છે.

સવારે પરાણે પરાણે હાઈસ્કૂલ જાય. બપોર થાય ત્યાં દફતર લઈ ઘર ભેગા થઈ જાય છે ! આશ્ચર્ય તો એ વાતનું છે કે ઘરેથી બધા આપણી શાળામાં જ આંટા મારતાં હોય છે ! મતલબ ઘરે રહેવાં માટે શાળાએથી ભાગી આવે છે એવું નથી ! વળી, હાઈસ્કૂલમાં ગયા પછી છોકરાં છોકરીઓ લફરામાં પડી જાય છે! આટલો બધો બદલાવ કેમ?' આશાએ વિકાસ સામે હૈયાનો ઉકળાટ ઠાલવી દીધો.

'એ તો તમે બાળકોને જ પૂછો ને!' વિકાસે આશાની સામે બેસતાં કહ્યું.

'પૂછ્યું, પણ એ લોકો કહે છે કે એકવાર હાઈસ્કૂલમાં આવીને જુઓ તો ખબર પડે. ગઈ કાલે શ્રેયાનાં દાદી મળ્યાં હતાં. એ પણ વલોપાત કરતાં હતાં. કહેતાં હતાં કે 'અમારી છોડીઓને તો તમે જ ભણાવો. મોટી નેહાળ્યમાં જઈ કશુંય ભણતા નહીં.' આશાએ એકી શ્વાસે બોલી નાખ્યું.

વિકાસ કહે, 'આ વિચાર તો સારો છે !' આશાએ ફાટી આંખે પૂછ્યું, 'એટલે? ' , 'એટલે એમ કે આપણે એમને ભણાવીએ. આપણા ઘરે ભણાવીએ. 'મારી શાળામાં ભણ્યાં પછી તેઓ આપણા ઘર- 'ઘરશાળામાં ભણે.' વિકાસના બોલવામાં સહજતા હતી.

વિકાસ આગળ બોલ્યો, 'જુઓ, નાનાદાદાએ આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા ચાલુ કર્યા પછી સણોસરામાં લોકભારતી ગ્રામવિદ્યાપીઠ કેમ ચાલુ કરી?' 'લોકશાળામાં ભણેલા વિદ્યાર્થીઓને ગ્રામ્ય શિક્ષણ માટે યોગ્ય વિકલ્પ મળે તે માટે.' આશાએ ઉતાવળે જવાબ આપ્યો. તે હજુ શાતામાં ન હતી.

'બસ એવું જ અહીં થયું છે. આપણા બાળકોને 'મારી શાળા'માં પૂરતું માન સન્માન મળે છે. બાળકોને નિર્ણયો લેવાની આઝાદી છે, પ્રવૃત્તિ સાથે ભણે છે, શિક્ષણનો ભાર નથી, શિક્ષકોને જીવનલક્ષી શિક્ષણ આપે છે. પરીક્ષાલક્ષી નથી મળતું એટલે બાળકોને પરીક્ષાનો ભાર નથી લાગતો. 'મારી શાળા'નું વાતાવરણ એટલું સુંદર છે કે બાળકોને રોજે શાળાએ આવવાનું મન થાય. આઠમાં ધોરણ માટે તેઓ હાઈસ્કૂલમાં ભણવા જાય ત્યારે ત્યાં આનાથી બિલકુલ અલગ અનુભવો થાય છે. એ બધું આપણા બાળકોને અનુકૂળ નથી આવતું. તો આપણે 'ઘરશાળા'નો એક પ્રયોગ કરી જોઈએ. આપણે બાળકોને ઘરે ભણાવીએ.' વિકાસે આશા પાસે પ્રસ્તાવ મૂક્યો. આશા તેના સ્વભાવ મુજબ આ સાહસ માટે તૈયાર ન હતી. પણ વિકલ્પના અભાવે કમને હા પાડી.

વિકાસે આ બાબતે કેટલાક લોકો સાથે ચર્ચા કરી. સાતમાં ધોરણમાં ચાર વિદ્યાર્થીઓ હતાં. જે હવે આઠમાં

ધોરણમાં જવાનાં હતાં. હેતલ, કિશન, શર્મિષ્ઠા અને બિપિન. એક દિવસ ચારેયના વાલીઓ સાથે એક બેઠક કરવામાં આવી. 'ઘરશાળા'નો વિચાર વાલીઓએ સ્વીકાર્યો. ચાર વિદ્યાર્થીઓને આઠમાં ધોરણમાં ભણાવવાની જવાબદારી વિકાસે લીધી !

આશા વિચારમાં પડી ગઈ કે નોકરીની વ્યસ્તતા વચ્ચે વિકાસ કેવી રીતે સમય કાઢશે ? વિકાસે આજુબાજુની હાઇસ્કૂલમાં પ્રવેશ માટે પૂછપરછ કરી. બાળકો શાળામાં પ્રવેશ લેશે પણ ભણશે ઘરે એ શરત મૂકી. જે કોઈએ સ્વીકારી નહીં. ગામથી દસેક કિલોમીટર દૂર એક ખાનગી શાળા હતી. તેના સંચાલક વિકાસના મિત્ર હતા. ખૂબ દૃષ્ટિ વાળો માણસ. એ આ પ્રયોગ માટે તૈયાર થયો. આમ 'ઘરશાળા' શરૂ થઈ. વિકાસ નોકરીએ જાય એ પહેલાં ચારેય વિદ્યાર્થીઓ ઘરે આવી જાય. વિકાસ તેમને એકાદ કલાક ભણાવે. પછી તેમને સ્વયં શિક્ષણ માટે કોઈ કામ, કોઈ પ્રોજેક્ટ સોંપે.

ચારેય વિદ્યાર્થીઓ આખો દિવસ તેના પર કામ કરે. કોઈક દિવસ તેઓ નકશા ફરતે બેસી કોલંબસ બન્યા હોય, તો કોઈ દિવસ કોઈ પુસ્તક ફરતે ટાગોર બની બેઠા હોય, ક્યારેક તેઓ થોડાં સાધનો લઈ વિક્રમ સારાભાઈ કે અબ્દુલ કલામ બની કોઈ પ્રયોગ કરતાં હોય, તો ક્યારેક નિબંધની પાંખે બેસી કલ્પનાની દુનિયામાં વિહરતા હોય. ક્યારેક અટવાય, ક્યારેક મુંઝાય, ક્યારેક છલકાય, ક્યારેક ઉભરાય. આ ચાર વિદ્યાર્થીઓ અને વિકાસની એક અલગ દુનિયા હતી. જે દિવસે વિકાસ સવારથી સાંજ બહાર ગામ જવાનો હોય તે દિવસે બાળકોને ગાડીમાં સાથે લેતો જાય. વિકાસ ડ્રાઇવિંગ કરતો જાય અને ભણાવતો જાય. સ્થળે પહોંચ્યા પછી એ એની નોકરી કરે છોકરાઓ તેમને સોંપાયેલ કામ કરે. ક્યારેક તેઓ તાલીમમાં વિકાસના સહાયક બની જાય. ક્યારેક એવું પણ થતું કે વિકાસને અચાનક બહારગામ જવાનું થાય અથવા તેણે સોંપેલ પ્રોજેક્ટમાં આ ચાર વિદ્યાર્થીઓને કઈક ગૂંચવણ ઊભી થાય. ત્યારે તેઓ 'મારી શાળા'માં આશા પાસે પહોંચી જાય. તેમનાં ચહેરા જોઈ આશા સમજી જાય કે હવે મારે વિકાસની ભૂમિકા ભજવવાની છે.

વિકાસ આમ પણ ઊંધી ખોપડીનો જણ. તેની ખોપડીમાંથી જે વિચારો નીકળે તે અનોખા હોય પણ પહેલી નજરે અશક્ય જેવા લાગે. રાજપુર સમાચારની શરૂઆત, એક દિવસ તેઓ કવિતાનો એક પ્રકાર 'હાઈકુ' વિશે ભણતાં હતાં. ચારેય જણ પોતે હાઈકુ બનાવવા લાગ્યાં. જમાવટ થઈ ગઈ. વિકાસે બાળકોને કહ્યું કે આપણે દર અઠવાડિયે એક સાપ્તાહિક છાપુ બહાર પાડીએ તો કેવું? તેમાં આપણા ગામના સમાચાર હોય, દેશ અંગે એક અને વિદેશ અંગે એક સમાચાર હોય. એકાદ હાઈકુ હોય, કંઈ જાણવા જેવું હોય, ચારેય વિદ્યાર્થીઓ તૈયાર થયાં. છાપાંને શું નામ આપીશું? તેના પર ચર્ચા ચાલી.... અને જન્મ થયો 'રાજપુર સમાચાર'નો!

બાળકો ગામમાં બનેલી ઘટનાઓ લખે. વિકાસના લેપટૉપમાં ટાઈપ કરે, હાઈકુ બનાવે, બે પાનાંનું છાપુ તૈયાર થાય. તેની પ્રિન્ટ કાઢે. બાજુની વિદ્યાપીઠના આચાર્યો, આજુબાજુના ગામના સરપંચો, શાળાના આચાર્યો વગેરેને આપવા જાય. વાચકોએ મોકલેલ પ્રતિભાવો પછીના છાપામાં છપાય. સરસ રીતે ભાષાનું કામ ચાલી રહ્યું હતું. પણ સીધી રીતે કામ ચાલે તો તો એ વિકાસની ઘરશાળા થોડી કહેવાય? એટલે કામ સોપાયું હવે હિન્દી ભાષામાં છાપુ બહાર પાડો ! બાળકો એમને સુઝે એવી હિન્દીમાં લખે, આશા એમને સુધારા કરી આપે. એકવાર અંગ્રેજીમાં લખવાની પણ કોશિશ કરી. આમ રાજપુર સમાચારથી ભાષાનું એક સરસ વાતાવરણ ઊભું થયું.

વિકાસ જાત જાતના વિષયો પર નિબંધ લખવા આપે. ક્યારેક કહે કે જો પગની બદલે પૈડાં હોય તો? અને ક્યારેક કહે કે જો બધા માણસોની સરેરાશ ઊંચાઈ ૭ ફૂટ હોય તો? શર્મિષ્ઠાની કલ્પના અનેરી હતી. તેણે લખ્યું કે, જો માણસ સાત ફૂટના હોય તો દરવાજાના માપ બદલાય,

કાપડના તાકા અને પનો પણ બદલાય. ઘરના ખાટલા પણ તે પ્રમાણે હોય. અને છેલ્લે લખ્યું કે આ તો તમે કહ્યું એટલે લખ્યું પણ આવું હોય નહીં ! પણ આનું પરિણામ જબરું આવ્યું. એકવાર ગાંધીનગરમાં કોઈ નિબંધ સ્પર્ધા હતી. કહ્યું કે આ બાળકો ભાગ લેશે? નક્કી કર્યું હરીફાઈ માટે નહીં પણ અનુભવ માટે જવું. ત્રણ બાળકો ગયા. પહેલો અને ત્રીજો નંબર આ બાળકોનો હતો. નિર્ણાયકો એ ખાસ નોંધ્યું કે તેમનું લખાણ ઘણું મૌલિક હતું.

એક દિવસ આશા 'મારી શાળા'ના બાળકોને ભણાવી રહી હતી. ચારેય વિદ્યાર્થીઓ લટકતા મોઢે આવી ઊભા. આશાએ પરિસ્થિતિ સમજી કામ અટકાવ્યું. પૂછ્યું શું થયું? આ જુઓને વિકાસભાઈએ અમને અઘરું કામ સોંપ્યું છે. કહે છે કે રાજપુર સમાચાર ૧૦૦ જણા સુધી પહોંચવું જોઈએ. ગુજરાતના મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, જીસીઈઆરટીના નિયામક, તાલીમ ભવનના પ્રાચાર્ય, તમારા કામમાં રસ લેતા હોય તેવા આપણા ગામના માણસો - બાજુના ગામના માણસો, તમારા સગા વહાલાઓ ,અમારા સગા વહાલાઓને જેને મોકલવું હોય એને મોકલી શકશો. વિકાસ પરદેશ ગયો હતો. એટલાં દિવસ બાળકોને વ્યસ્ત રાખવા આ પડકાર સોંપવામાં આવ્યો.

ચારેયને તકલીફ એ હતી કે તેમના કાકા,બાપા વગેરે તો ગામમાં જ રહેતા હોય. એક ગામમાં દીકરીઓ પરણાવવાનો રીવાજ. એટલે માસીઓ પણ આ ગામમાં જ હતાં. અંતે મામા અને ફઈને પત્ર લખવાનું નક્કી કર્યું. આશા બાળકોના મોસાળનાં સરનામા લખવા બેઠી, તો ખબર પડી કે એકપણ ઘરેથી એકપણ પત્ર ક્યારેય લખાયો જ નથી. બાળકોના મોસાળમાં ફોન કર્યા તો ખબર પડી કે એમને ત્યાં પત્ર ક્યારેય આવ્યો કે ગયો જ નથી !

આશા ભૂતકાળમાં સરી પડી. પહેલીવાર આ ગામમાં નોકરી કરવા આવી ત્યારે એને ખબર પડી હતી કે ગામમાં બસ સ્ટેન્ડ નથી કારણકે બસ આવતી જ નથી. એમ ટપાલ પેટી પણ નહોતી કારણ કે એમાં ટપાલ નાખી શકે એટલું કોઈ ભણેલું નહોતું ! આશાને ત્યારે સમજાયેલું કે ટપાલ પેટી એ માત્ર પત્ર વ્યવહારનું જ નહીં. સાક્ષરતાનું પણ પ્રતીક છે. બાળકો લખતાં વાંચતા થયાં એ પછી આશાએ પોસ્ટ વિભાગ પાસે ટપાલ પેટીની માંગણી કરેલી. પણ ટપાલી કહેતા કે તમારે ટપાલ નાખવી હોય તો મને આપી દેવાની. એમાં ટપાલ પેટી મૂકવાની શી જરૂર? ગામમાં સરકારી કામ માટે જવલ્લે જ સરકારી પત્રો આવતા. એ માટે આશાનું ઘર જાણે પોસ્ટ ઓફિસ હતું. રડ્યા ખડ્યા પત્રો આવે એ ટપાલી આશાના ઘરે આપી દે. આશા બધાને ત્યાં પત્રો પહોંચાડે. સાક્ષરતાને અને ટપાલપેટીને, ટપાલ વિભાગને કેવો અતૂટ સંબંધ છે એ હવે સમજાયું.

આ લેખ લખાઈ રહ્યો છે ત્યારે પણ આ ગામમાં ટપાલ પેટી નથી કે બસસ્ટેન્ડ નથી. એક સમયે ટપાલી અને ટપાલ પેટી બંનેનો દરેક ગામો પર પ્રભાવ હતો. દૂર રહેતા સગા વહાલાના ખબર અંતરનો સ્રોત હતો, સંતાન જન્મની ખુશ ખબર, લગ્નની કંકોત્રી, મરણની કાળોત્રી, સરકારી આદેશો, નોકરીના ઓર્ડર, પ્રેમી પ્રેમિકાના દિલના અરમાનો, કમાણી માટે ગયેલ પતિના દિલના ધખારા બધું આ ટપાલ પેટી અને ટપાલી દ્વારા લોકો સુધી પહોંચતું. પણ સમયે પડખું બદલ્યું. હવે એ સ્થાન મોબાઇલ ફોને લઈ લીધું. ટપાલ પેટી અને ટપાલીના ગામ સાથેના સંબંધ ખંડેર થઈ ગયા ! મજાની વાત એ છે કે હવે મોબાઇલ ફોન દરેક ગ્રામ માનસના પ્રતીક બન્યા છે. જે ગામમાં મહિનાની આવક કરતા કેટલીયે વધારે કિંમતના હપ્તેથી લીધેલા મોબાઇલ ફોન યુવાનોના હાથમાં હોય તે ગામ બરબાદીના રસ્તે જઈ રહ્યું છે તે દેખાડે અને જ્યાં પોતાના કામ ધંધાને અનુકૂળ હોય તેવો મોબાઇલ ફોન યુવાનોના હાથમાં હોય તો એ ગામ સમજદાર છે તે સમજાઈ જાય.....

ક્રમશઃ

મોબાઇલઃ ૯૪૨૮૦૦૦૫૪૧

## ૦૫ ભાગ-૩ પેટ્રોલ વિના કાર ચલાવો!

**વિનોદ માંગુકિયા**

---

ટેસ્લાકાર બનાવતી કંપનીએ અમેરિકાના તમામ ૫૦ રાજયોમાં કુલ આશરે દસ હજાર ચાર્જિંગ સ્ટેશનો ઊભાં કરી દીધાં છે. એટલે કોઈપણ કારચાલક પોતાની ટેસ્લાકાર લઈને દેશને એક ખૂણેથી બીજા ખૂણા સુધી ફ્યુઅલની ચિંતા કર્યા વિના ફરી શકે છે. ટેસ્લા ચાલક અમેરિકામાં કોઈપણ રસ્તે ગાડી લઈને જઈ રહ્યો હોય ત્યારે ગાડીની સ્ક્રીન ઉપર જોઈ શકાશે કે હવે પછીનું બેટરી ચાર્જિંગ સ્ટેશન કેટલા માઈલ દૂર છે ? ચાર્જિંગ સ્ટેશન ઉપર દસથી બાર ચાર્જિંગ પોઈંટ હોય છે જયાં એક સાથે દસ કારની બેટરી ચાર્જ થઈ શકે છે. બેટરી સાવ ડાઉન હોય તો ફક્ત ૩૦ મિનિટમાં ફૂલ ચાર્જ થઈ જાય છે નહિતર ૧૫ થી ૨૦ મિનિટમાં પણ ખાલી થયેલી બેટરી ચાર્જ થઈ જાય છે.

૫૦૦ કિલોમીટર જવું હોય તો વચ્ચે એક વાર ગાડીની બંને બેટરીઓ ચાર્જ કરી લઈએ તો સારું એમ માનીને આશરે ૨૫૦ કિલોમીટરની આસપાસ આવનાર એલન મસ્કના ચાર્જિંગ સ્ટેશનની સૂચના ટેસ્લાને આપી અને અમારી પુત્રવધૂએ ટેસ્લાની લગામ સંભાળી! સીટીનો બાયપાસ વિસ્તાર વટાવતાં વીસેક મિનિટ લાગી પછી ધોરી રાજમાર્ગ ઉપર ગાડીને રેવાલ મૂકી દીધી ! જોકે હોટલથી ઊપડયા ત્યારથી જ સ્ટીયરીંગ ઉપર હાથ રાખવાની જરૂર નહોતી અને પગથી લીવર આપવાની કે ક્યાંય બ્રેક લગાવવાની જરૂર નહોતી. ટેસ્લા એટલે એલન મસ્ક સાહેબની માનસપુત્રી !

'સમજદાર કો ઈશારા કાફી હોતા હૈ !'શિકાગો તરફ જતા હાઈવે ઉપર ટ્રાફીક સારો એવો રહે છે. જવાના ચાર ટ્રેક અને આવવાના ચાર ટ્રેક ! આજે એક સાથે સતત ૫૦૦ કિલોમીટર જવાનું હતું ! હું આગળની સીટ ઉપર બેઠો હતો, મુસાફરી દરમિયાન મેં શું જોયું ? આટલા અંતરમાં એક પણ અકસ્માત જોવા ન મળ્યો. એક પણ વાહન રસ્તામાં બંધ હાલતમાં નહોતું. તમામ વાહનો પોતપોતાના ટ્રેકમાં જ દોડી રહ્યાં હતાં. કોઈ ખોટી જગ્યાએ ઓવરટેક કરતું નહોતું. ગામ આવે ત્યાં ફલાયઓવર બ્રીજ હોય. ગામમાં જવા માટે એકાદ કિલોમીટર પહેલા હાઈવેથી ઊતરી જવું પડે. હાઈવે ઉપર વચ્ચેથી કોઈ વાહન પ્રવેશી શકે જ નહીં. સાઈડમાંથી આવતા રસ્તેથી જ ચડી શકાય. લગભગ દર બે, ત્રણ કે ચાર કિલોમીટરે આડા ફ્લાઈઓવર બ્રીજ સતત આવતા હતા. તેની ઉપર થઈને પછી જ હાઈવે ઉપર ચડી શકાય. એટલે અકસ્માતની શક્યતા ઘણી ઘટી જાય.

ટેસ્લા કારની કેટલીક ખૂબીઓ આપણા માટે નવી લાગે તેવી છે. જેમકે ટેસ્લા ચોરવી ખૂબ અઘરી છે છતાં કોઈ ઉસ્તાદ ઉઠાવગીર તમારી કારનું વોલેટ ચોરીને તમારી ટેસ્લાને ઉપાડી જાય તો જરાય ગભરાયા વિના ટેક્સાસ સ્ટેટ સ્થિત ટેસ્લા કંપનીના કન્ટ્રોલ સેન્ટરમાં તમારી કારનો નંબર અને તમારા નામનો મેસેજ મોકલી આપો. ટેસ્લા કંપનીની આશરે ૫૦ લાખ કાર હાલમાં અમેરિકામાં ફરી રહી છે તેમાંથી તમારી કાર અત્યારે ક્યા સ્ટેટમાં અને કયા રસ્તે દોડી રહી છે તે દસ સેકન્ડમાં ઓફિસમાં બેઠેલો ઓપરેટર જાણી શકે છે કારણ કે ટેસ્લા કંપનીએ વેચેલી પ્રત્યેક કારની વિગત તેની પાસે તો છે જ પણ તે દરેક કાર અત્યારે ક્યાં છે અને તમારી કારનું એન્જીન કુલ કેટલા માઈલ ચાલ્યું છે તેની

રોજે રોજની જાણકારી તેના વિશાળ એવા કમ્પ્યુટરાઈઝડ સેન્ટરમાં હોય છે. તેથી બીજી બે,ત્રણ સેકન્ડ માત્રમાં તમારી ચોરાઈને ભગાડી લઈ જવાતી કારનું એન્જીન સેટેલાઈટ મેસેજથી કંપની બંધ કરી દેશે. તમારી કાર ધીમે ધીમે રોડની જમણી બાજુ ઊભી રહી જશે.

તસ્કર બિરાદર કારનું ડોર ખોલીને બહાર નીકળી નહીં શકે કારણ કે ટેસ્લા કંપનીએ એક મેસેજ મોકલીને કારના ચારેય ડોરના લોક બંધ કરી દીધાં હશે. હવે તમે પોલીસને જાણ કરો એટલે નજીકના વિસ્તારની પોલીસ થોડીવારમાં તમારી કાર પાસે પહોંચી જશે અને તસ્કરભાઈની જરૂરી વિધિ કરશે. તમારી કાર કલાકોમાં પરત મળી જશે. જોકે આ કારની ટેક્નોલોજી એવી છે કે તે ચોરવાની શક્યતા નહિવત છે.

બે મોટી વજનદાર બેટરીઓ કારને ચલાવે છે. એક બેટરી આગળનાં બે પૈડાં અને બીજી બેટરી પાછળનાં બે પૈડાંને ચલાવે છે પણ કોઈ સંજોગોમાં એક બેટરી કામ કરતી બંધ થઈ જાય તો પણ તમારી કાર ચાલતી રહેશે. કાર સાવ બંધ નહીં થાય. આજે જ એક નવી વાત જાણવા મળી. અમે શિકાગોથી ઇન્ડિયાના નામના સ્ટેટમાં ચાર દિવસના પ્રવાસમાં જઈ રહ્યાં છીએ. સીટી બહાર નીકળ્યાં પછી કારને ૩ ટ્રેક જવાના અને ૩ ટ્રેક આવવાના એવા હાઈવે ઉપર જાણે કે રમતી મૂકી. આજે ટેસ્લા મારી પુત્રવધૂ ચલાવી રહી હતી. કારને સંપૂર્ણ ઓટો મોડ ઉપર મૂકી દીધી. હાઈવેની બંને સાઇડમાં સ્પીડ લિમિટનાં બોર્ડ જાતે વાંચીને ટેસ્લા તે મુજબ દોડી રહી હતી. આ રસ્તો ઇન્ડિયાના સ્ટેટના પાટનગર જતો હતો તેથી ટ્રાફીક પણ ઠીક ઠીક હતો. તમામ વાહનો પોતપોતાની નિશ્ચિત ગતિમાં દોડી રહ્યાં હતાં. અમારી કાર પહેલા ટ્રેક ઉપર ગતિ કરી રહી હતી. હું ડ્રાયવરની ઓપોઝીટ સીટ ઉપર આગળ જ બેઠો હતો. અમારા ટ્રેક ઉપર આગળ દૂર સુધી કોઈ વાહન નહોતું તો પણ ટેસ્લા ત્રણ ચાર વાર પહેલો ટ્રેક છોડીને બીજા ટ્રેક ઉપર આવી જતી હતી. થોડી વારમાં પુનઃ પહેલા ટ્રેક ઉપર આવી જતી હતી. મેં પુત્રવધૂને કહ્યું, 'આમ કેમ થાય છે. તારો હાથ સ્ટીયરીંગ ઉપર કેમ નથી ? ગાડી એકાએક ફગી કેમ જાય છે ?'

મારી ગભરામણ વધી ગઈ. મારો પુત્ર નિરાંતે પાછળની સીટમાં લૅપટોપમાં કાંઈક કામ કરતો હતો. તેનાં પેટનું પાણી પણ હલતું નહોતું ! મને પુત્રવધૂએ સમજાવ્યું કે, 'આપણે ઘરેથી નીકળ્યાં ત્યારથી મારો હાથ સ્ટીયરીંગ ઉપર નથી અને પગ લીવર ઉપર નથી. ટેસ્લાને હું ચલાવતી નથી પણ તે જાતે દોડી રહી છે.' તો પછી ટેસ્લા પહેલો ટ્રેક છોડીને બીજા ઉપર કેમ આવી જાય છે ? આમાં તો અકસ્માત થઈ જશે !' મેં ડરને લીધે પૂછ્યું. મને સમજાવવામાં આવ્યું કે, 'આપણી પાછળ આવતી કોઈ ગાડીની સ્પીડ આપણી ગાડીની સ્પીડ કરતા વધારે હોય તો ટેસ્લાને આપોઆપ ખબર પડી જાય છે અને તે હળવેથી બીજા ટ્રેક ઉપર આવીને પાછળ આવતી કારને સાઇડ આપી દેશે. એ પછી પોતે પુનઃ પહેલા ટ્રેક ઉપર આવી જશે. આમાં હું કાંઈ કરતી નથી જે કાંઈ કરે છે તે ટેસ્લા પોતે કરે છે !'

આનું નામ જ 'સ્વયંસંચાલન !' જો કે એક વાત મને એ પણ સમજાવવામાં આવી કે ચાલક ભલે ગાડીને હાથ પણ ન અડાડે તો પણ દર દસ મિનિટે ચાલકે એક વાર સ્ટીયરીંગ ઉપર થોડી વાર માટે પણ હાથ અડાડી દેવો ફરજિયાત છે ! જો તમે સ્ટીયરીંગ ઉપર હાથ જ ન રાખો તો ટેસ્લા સમજી જશે કે ચાલકને ઊંઘ આવી ગઈ છે એટલે ટેસ્લા પોતે ચાલકને એલર્ટ કરવા બીપ બીપ બીપ અવાજ કરશે. તમે જાગો છો કે ઊંઘી ગયા છો તેની ખાતરી કરશે જેથી અચાનક આવી પડતા અકસ્માત નિવારી શકાય.

ઓટોડ્રાઈવ ટેસ્લામાં ચાલકે પોતે તો ગાડી ચલાવવાની નથી પણ ગાડી પોતે જાતે જ ચાલશે એ ખરું પણ એક વ્યક્તિએ ડ્રાયવિંગ સીટ ઉપર બેસવું ફરજિયાત છે. જેણે દર દસ મિનિટે એક વાર સ્ટીયરીંગ ઉપર હાથ મૂકવો પણ ફરજિયાત છે જેથી ગાડી પોતે જાણી શકે કે ચાલકને ઊંઘ તો નથી આવીને. ?

ટેસ્લા માલિક એલન મસ્ક હજી એક સ્ટેપ આગળ વધવાની તૈયારી કરી રહ્યા છે.તેઓ હવે એવું નવું મોડલ મુકવા માંગે છે કે ચાલક એક વાર ગાડીને સ્ક્રીન ઉપર ક્લીક કરીને જરૂરી કમાન્ડ આપી દે પછી પોતાની સીટ ૬ ફૂટ લાંબી કરીને આરામથી ચાલુ ગાડીએ ઊંઘી જાય. ભલે નસકોરાં બોલાવે ! ચિંતા નહીં રાખવાની કારણ કે તમે આપેલા કમાન્ડ મુજબનાં ૪૦૦ માઈલ દૂર સ્થાને પહોંચીને તમારી કાર જાતે જ ઊભી રહીને ચાલકને જગાડી દેશે. લયો! સાહેબ, ઊઠો ! આ ન્યુયોર્ક આવી ગયું !

ટેસ્લામાં પંચર પડે તો પણ ૨૫થી ૩૦ માઇલ દોડી જશે. તેમ છતાં પંચર કરનાર કોઈ રસ્તામાં ન મળે તો તમે તમારી ટેસ્લા કારનું નાનું કમ્પ્રેશર એક સ્વીચ દબાવીને ચાલુ કરી ટાયરમાં જાતે નળી જોઈન્ટ કરીને હવા ભરી લો એટલે કાર બીજા ૩૦ માઈલ દોડી જશે.

ટેસ્લાની બીજી નાની નાની ઘણી સુવિધાઓ હશે. પણ હવે ટેસ્લા પણ ભારતના રસ્તાઓ ઉપર દોડવા લાગશે અને તે પણ પેટ્રોલ વિના તે મહત્ત્વની વાત છે. જો કે આપણે ટેસ્લાથી બહુ પ્રભાવિત થવાની જરૂર નથી. એક બાજુ બુલેટ ટ્રેન માટે ટ્રેકનું નિર્માણ સમાપન થવામાં છે. બીજી બાજુ દેશમાં નવી એક સો 'વંદે ભારત' ટ્રેન દોડવા લાગી છે અને ભારત જે ગતિથી આગળ વધી રહ્યો છે તે મુજબ આપણા દેશના યુવા ઇજનેરો આવનારા સમયમાં ટેસ્લાની સ્પર્ધા કરે તેવી ભારતીય ટેક્નોલોજીવાળી ઓટો કારનું ઉત્પાદન ભારતમાં જ કરવા લાગશે એ દિવસો બહુ દૂર નથી !

અને હા, ટેસ્લા કાંઈ સતના આધારે નથી ચાલતી તે તો પેલી નવી નવેલી નીકળેલી સેમી કન્ડકટર ચીપને આધારે દોડે છે. આ ચીપને કારણે હજી આપણા હાથ બંધાયેલા છે. આપણે કરોડો રૂપિયાની ચીપ્સ બીજા દેશો પાસેથી લેવી પડે છે પણ આશાનું એક નવું કિરણ પોતાનાં આગમનની છડી પોકારી રહ્યું છે. સૂકા અને નપાણિયા ગણાતા જે ભાલપ્રદેશમાં એક સમયે કોઈ દીકરી દેવા જલદી તૈયાર થતું નહોતું તે જ ભાલપ્રદેશના ધોલેરા,ભડિયાદ અને કાદીપુર ગામના ત્રિકોણ વચ્ચે આવેલા ખારાપટમાં કોઈ મોટી કંપની સેમી કન્ડકટર ચીપનું ઉત્પાદન કરવા માટે આવી રહ્યાના સમાચાર આવ્યા કરે છે. પછી તો આપણી જ ચીપથી આપણા દેશમાં બનેલી બેટરી સંચાલિત ઓટો ઈલે.ગાડીઓ દોડવા લાગશે !

ભારત માતાની જય !

શિકાગો તા. ૧૫/૦૯/૨૦૨૫

સંપર્ક : ૯૪૨૭૬૯૪૭૭૦

જે બાળક તોફાની છે એ નાખુશ છે. એની અંદર જ એક ધમાસાણ યુદ્ધ ચાલે છે જેનાં પરિણામે એ બહારની દુનિયા સાથે લડે છે. આપણે તોફાનનો ઉપચાર નથી કરવાનો પણ નાખુશીનો કરવાનો છે. નહીંતર એ મોટું થઈને પણ એક દુઃખી જ વયસ્ક બનશે.તમે ક્યારેય જોયું છે કે કોઈ ખુશ વ્યક્તિ આવીને સભાને ખલેલ પહોંચાડે ! ના, એ એવું ન કરે. કોઈ ખુશ વ્યક્તિ ક્યારેય યુદ્ધની તરફેણ કે એનો ઉપદેશ ન કરે. ખુશ લોકો પીડિતો અને વંચિતો પર અત્યાચાર ન કરે. કોઈ ખુશ માણસ ક્યારેય ચોરી કે હત્યા નથી કરતો અને કોઈપણ ખુશ શેઠ એનાં કર્મચારીને ડરાવતો નથી. બધાં જ ગુનાઓ, નફરત કે પછી યુદ્ધોનું મૂળ નાખુશી છે.

-'સમરહિલ' એ.એસ. નીલ.

## ૦૬ સ્વિટ્ઝર્લેન્ડ ધરતીનું સ્વર્ગ શું કામ છે?

**મૌલિક જગદીશ ત્રિવેદી**

---

ઈશ્વરકૃપા અને માબાપના આશીર્વાદથી હું ત્રીજી વખત સ્વિટ્ઝર્લેન્ડ ફરવા ગયો. આ વખતનો પ્રવાસ અનોખો અને યાદગાર હતો કારણ કે અમારી સાથે અમારી બંને દીકરીઓ પણ હતી. બંને દીકરીઓ- તેર મહિનાની થયેલી બંને ઢીંગલીઓની આ પહેલી વિદેશયાત્રા હતી. પણ અહીંયા મારે વાત મારી નથી કરવી પણ સ્વિટ્ઝર્લેન્ડની કરવી છે. ધરતી ઉપરના સ્વર્ગની કરવી છે. એક નાનો એવો દેશ પોતાની શિસ્ત અને કુદરતી સૌંદર્યની રમણીયતાથી જગતભરને આકર્ષિત કરી અનુરાગમાં નાખી રહ્યો છે.

પ્રકૃતિનું સોંદર્ય તો અહીંયા અઢળક છે. ભગવાને સ્વિટ્ઝરલેન્ડને ખૂબસુરતી આપવામાં જરાય આળસ નથી કરી. આંખોના ચશ્મા જતા રહે એટલી લીલોતરી છે. કવિ રમેશ પારેખની ગીતની પંક્તિ છેઃ 'કંઈક લીલુંચટ્ટાક મારી આંખમાં, કંઈક લીલુંચટ્ટાક તારી આંખમાં...' અહીં સાર્થક થાય છે. કવિને જે અર્થ અભિપ્રેત હોય મારી આંખો તો અહીંની કુદરતી-રમણીયતાથી લીલી છમ બની ગઈ હતી.

પહાડો અને સરોવર એટલા રમણીય કે મટકું પણ માર્યા વગર એકીટશે જોયા કરીએ. પણ, નોંધ કરવા જેવી વાત એ છે કે આ દેશને આટલો સુંદર જાળવી રાખવા બદલ અહીંયાના માણસોને પણ અભિનંદન આપવા જોઈએ. ઈશ્વરે તો સુંદરતા આપી પણ એ સુંદરતા ટકાવી રાખવી એ ત્યાં રહેનારા માણસોની જવાબદારી છે અને એ ત્યાંના નાગરિકોએ બરાબર નિભાવી છે. Switzerland is a combination of Natural & Man made beauty.

અહીંયા પહાડોમાંથી ટનલ કાઢીને રસ્તા બનાવ્યાં છે. દર ૫-૧૦ કિલોમીટરે એક ટનલ આવશે. મેં એક અઠવાડિયામાં ૧૦૦૦ કિલોમીટર જેટલું ડ્રાઇવ કર્યું એમાં અસંખ્ય ટનલમાંથી અમે પસાર થયા. પણ તમે ટનલ જુઓ એટલે આફરીન પોકારી જાવ. ચકાચક રસ્તાઓ, લાઈટ્સ અને દર ૧૦૦ મીટરે ફોનની સુવિધા એટલે કોઈ મુશ્કેલી આવે તો તમે ફોન કરીને તરત મદદ માંગી શકો. અમુક ટનલ તો ૧૦ કિલોમીટર જેટલી લાંબી છે પણ અમને એક સેકન્ડ માટે પણ બીક નથી લાગી.

હવે વાત ત્યાંના રસ્તાઓની; અમે ૨૦૦૦ મીટર સુધીની ઉંચાઈ ઉપર પહાડોમાં ડ્રાઇવ કરીને ગયાં છીએ. પહાડો ઉપર એમણે જે રસ્તાઓ બનાવ્યા છે, એવા રસ્તા તમને અમુક દેશોમાં મુખ્ય શહેરોમાં પણ જોવા નહીં મળે. અમે એક અઠવાડિયું અલગ અલગ જગ્યાએ ડ્રાઇવ કરીને ગયાં પણ અમને એક પણ વખત ખરાબ રસ્તાનો અનુભવ નથી થયો. આશ્ચર્યની વાત એ છે કે આટલા સરસ રસ્તાઓ હોવા છતાં ત્યાં અનેક જગ્યાઓ ઉપર અમને રસ્તાનું કામ ચાલતું જોવા મળ્યું. એનો મતલબ એ લોકો રસ્તાઓ નિયમિત રીતે સમારકામ કરે છે. રોડ કે પુલ બનાવી દેવાથી જવાબદારી પૂરી નથી થઈ જતી. પણ નિયમિત રીતે એની માવજત કરવી જેથી કોઈ દુર્ઘટના ન સર્જાય એ વધારે અગત્યનું છે, જે અમને સ્વિટ્ઝર્લેન્ડમાં દરેક જગ્યાએ જોવા મળ્યું.

બીજી અગત્યની વાત. અહીંયા પહાડોમાં ઉપર જવા માટે રોપ વે અથવા ટ્રેન હોય છે. અહીંયા રોપ વે તો તમને અસંખ્ય જોવા મળશે. એક જગ્યાએ અમારે ત્રણ રોપ વે બદલીને ઉપર પહાડોમાં જવાનું હતું. એમાં બીજા નંબરનું રોપ વે ટેકનિકલ ખામીને કારણે એમણે બંધ કરી દીધું. પછી

પૂછપરછ કરતા મને જાણવા મળ્યું કે એક સાવ સામાન્ય પ્રોબ્લેમ હતો એમાં એમણે તરત જ રોપ વે બંધ કરી દીધું. ત્યાંના લોકોએ કહ્યું કે, Human Safety is our top most priority. સુરક્ષાની બાબતમાં અમે કોઈ કચાશ નહીં રાખીએ. જો તમે અગાઉથી પેમેન્ટ કરી દીધું હોય તો તમને ત્યાંને ત્યાં ૧૦૦% રિફંડ પણ મળી જાય. બીજા દેશોમાં આંગળીના વેઢે ગણી શકાય એટલા રોપ વે માંડ ચાલતા હશે તો પણ નિયમિત રીતે અકસ્માતના બનાવો બનતા હોય છે જ્યારે સ્વિટ્ઝર્લેન્ડમાં, ગામોમાં અઢળક રોપ વે હોવા છતાં તમને કોઈ દુર્ઘટના વિશે ક્યારેય સમાચાર નહીં મળે કારણ કે ત્યાં માણસની જિંદગીનું મૂલ્ય છે.

સ્વિટ્ઝર્લેન્ડના માણસો પણ પ્રેમાળ અને લાગણીશીલ. તમે કોઈ અજાણ્યા માણસને પણ એક સવાલ પૂછો ત્યાં તમને સામેથી બીજા પાંચ સવાલોના જવાબ મળી જાય એટલા વિસ્તારથી જવાબ આપે. આટલા પ્રવાસીઓ આખી દુનિયામાંથી ત્યાં આવે છે છતાં કોઈને લૂંટી લેવાની કે છેતરી જવાની ત્યાંના નાગરિકોમાં કોઈ ભાવના નથી. મહિલાઓ પણ એકદમ સુરક્ષિત. તમે કોઈ પણ જગ્યાએ કોઈપણ સમયે એકલા જઈ શકો.

ટૂંકમાં, સ્વિટ્ઝર્લેન્ડ ધરતીનું સ્વર્ગ કહેવાય છે એમાં કુદરતની કૃપા તો મુખ્ય છે જ પણ, ત્યાંના માણસોની માવજત અને વતન પ્રત્યેની લાગણી પણ એટલી જવાબદાર છે. ત્યાંના રોડ રસ્તાઓ, ટનલ, રોપ વે વગેરે એકદમ સુરક્ષિત છે કારણ કે ત્યાં ભ્રષ્ટાચાર નથી પણ શિષ્ટાચાર છે. શિષ્ટાચાર, સંસ્કાર હંમેશા સંસ્કૃતિને સંવારે છે. માનવતાને પ્રસરાવે છે. જે દેશમાં જીવંત નાગરિકોની માત્રા અધિક હોય ત્યાં અહર્નિશ સુઘડતા અને સૌંદર્ય, વિવેક, વિનમ્રતા પનપતા રહે છે.

**પ્રસન્નતા**

પ્રામાણિકતા વિના વ્યકિત પ્રસન્ન નથી રહી શકતી. આપણે શ્રદ્ધામાં નથી, સ્પર્ધામાં છીએ તેથી અપ્રસન્ન છીએ. પ્રસન્ન રહેશો તો પરમાત્મા મળશે. પ્રસન્ન એ જ રહી શકે જે બીજાના ગુણ જોયા કરે. જીવનનો રસ પામવો હોય તો નફરતોથી ન જીવવું. પ્રસન્ન રહેવા માંગો છો તો ઉપાય છે, પણ તમારે પ્રસન્ન રહેવું જ નથી તો કોઈ ઉપાય નથી.

બાપ, હસવું જોઈએ અંદરના કેમિકલ બદલાઈ જાય. રામ હસતા હતા, કૃષ્ણ હસતા હતા, શિવ હસતા હતા, ઋષિઓ હસતા હતા, પતંજલિ હસતા હતા, સાધક હસતો હોવો જોઈએ. મુસ્કુરાહટ હોવી જોઈએ. સ્માઇલ હોવી જોઈએ. આપણે ગંભીર થવાનું કોણ કહી ગયું? હસવું જોઈએ ઉપનિષદ છૂટ આપે છે પછી શું? તમે સ્માઇલ કરી લ્યોને એટલે દરેક ઘટના માઇલ્ડ થઈ જાય. મુસ્કુરાહટ તો જિંદગીના વૃક્ષોનું ફૂલ છે.

શાસ્ત્રોમાં લખ્યું છે કે હસો અને હસાવો તો મુકિત મળી શકે છે. શંકરાચાર્યજીએ પણ કહ્યું છે કેઃ પરમેશ્વરની પ્રાપ્તિ કરવી હોય તો હસતાં રહેવું. સ્માઇલ કોઇપણ વસ્તુને માઇલ્ડ કરી નાખે ! મુસ્કુરાહટમાં એ તાકાત છે, કે કોઈપણ વસ્તુને એ હળવી કરે. તમે હસતાં શીખો, પ્રસન્નતા પવિત્ર છે, અપ્રસન્નતા પાપ છે. પોતે અપ્રસન્ન રહેવું તેમજ બીજાને અપ્રસન્ન કરવાં એ બંને મોટામાં મોટું પાપ છે.

મોરારિબાપુ

## ૦૭ આધ્યાત્મને કેળવણીમાં સમર્પિત કરનાર : નાનાભાઈ ભટ્ટ

**વિજયભાઈ મકવાણા**

---

વિશ્વના ઇતિહાસમાં અનેક એવી વ્યક્તિઓ આવી ગઈ છે, જેમણે માત્ર એક રાષ્ટ્રને નહીં, પરંતુ સમગ્ર માનવજાતિને નવી દિશા આપી છે. આવી વિરલ વિભૂતિઓમાં એક પ્રેરણાપ્રદ, શુભનામ છે નાનાભાઈ ભટ્ટ ! સ્મરણીય નાનાભાઈએ શિક્ષણને માત્ર વ્યવસાય નહિ, પરંતુ એક યજ્ઞ ગણ્યો હતો. શિક્ષણનાં બુનિયાદી સિદ્ધાંતોને જીવનમાં ઉતારનાર આ વિદ્વાન વિચારક ગાંધીવાદી, સંસ્કૃતના પંડિત, ઉપનિષદના તજજ્ઞ, સૌરાષ્ટ્રના શિક્ષણપ્રધાન તથા રાજયસભાના સભ્ય તરીકે ખ્યાતિ પામ્યા હતા. નાનાભાઈએ પોતાની જ્યોતિર્મય કલમે રચેલી આત્મકથા 'ઘડતર અને ચણતર' શિક્ષણજગતના તજજ્ઞો, કેળવણીકારો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને આજના આધુનિક યુગમાં પણ માર્ગદર્શન આપે છે. આ કૃતિના માધ્યમથી ન્યાય, નીતિ અને મૂલ્યોની જ્યોત પ્રગટે છે. એ પ્રસંગે 'દર્શક'ના ભાવભર્યા શબ્દો યાદ આવે, **'હરભાઈ બનતાં મને સાત દિવસ લાગે, ગિજુભાઈ બનતાં સાત વર્ષ લાગે,પરંતુ સાત જન્મે પણ નાનાભાઈ ન બની શકું !'**

'પથ્થરમાંથી પાટુ મારીને પાણી કાઢે' એવી કહેવતને સાર્થક કરનાર એવા પાણીદાર હીરો એટલે નાનાભાઈ ! શરૂઆતનું જીવન ગરીબીમાં વીત્યું, છતાં જુસ્સો, ઉત્સાહ અને ખમીર અડગ જ અણનમ. પૂજ્ય મોરારિબાપુ ઘણી વાર કહે છે, **'શિક્ષકે પુસ્તક જ નહીં મસ્તક પણ ભણાવવું જોઈએ. છેવાડાના માણસને સમજે, એને શિક્ષણ આપે અને એનું નિરીક્ષણ કરે તથા સાથે સાથે તેનું રક્ષણ કરે. એવા શિક્ષણની અને શિક્ષણકારોની જરૂર છે. માતા જે રીતે પોતાના બાળકનું ગર્ભમાં જતન કરે છે, તે રીતે શિક્ષકે બાળકનું વર્ગમાં જતન કરવાનું છે.' નાનાભાઈ માત્ર શિક્ષક ન્હોતા; તેઓ સંતશિક્ષક અને લોકશિક્ષક હતા. સત્ય, પ્રેમ અને કરુણાની ત્રિમૂર્તિ એમના જીવનમાં સાકાર થઈ હતી.**

શ્રી નથુરામ શર્માનો નાનાભાઈ પર ગાઢ પ્રભાવ પડ્યો હતો. નથુરામ શર્માના સૂચનથી નાનાભાઈએ સંસ્કાર સિંચન માટે છાત્રાલય ખોલવાનો વિચાર સ્વીકાર્યો. પોતાના ઈષ્ટદેવ દક્ષિણામૂર્તિદેવના નામે ભાવનગરમાં ૧૯૧૦માં 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'ની સ્થાપના કરી. પ્રાધ્યાપક પદેથી રાજીનામું આપી પોતાના જીવનને દક્ષિણામૂર્તિદેવના સેવક તરીકે અર્પણ કરી દીધું.

ગાંધીજીના વિચારો પ્રત્યે અનુરાગી બની નાનાભાઈએ ૧૯૩૮માં આંબલા ગામે 'ગ્રામદક્ષિણામૂર્તિ' લોકશાળાની સ્થાપના કરી અને નઈ તાલીમના પ્રયોગો દ્વારા બુનિયાદી શિક્ષણનો પાયો નાખ્યો. ત્યારબાદ,૧૯૫૩માં ૭૧ વર્ષની ઉંમરે સણોસરા ગામે 'લોકભારતી' ગ્રામવિદ્યાપીઠની સ્થાપના કરી. અહીં કૃષિ સંશોધન, રસાયણ વિજ્ઞાન, પ્રયોગશાળા, પુસ્તકાલય, છાત્રાલય અને ગોશાળાનું સુંદર સંકલન કર્યું. આજે ૭૨ વર્ષ બાદ લોકભારતી કેળવણીનું લોકતીર્થ બની ગયું છે.

નાનાભાઈએ માત્ર શિક્ષણક્ષેત્રમાં જ નહીં, પરંતુ દેશના સ્વાતંત્ર્ય આંદોલનમાં પણ યોગદાન આપ્યું. સત્યાગ્રહમાં સામેલ થઈ બે વાર જેલવાસ ભોગવ્યો. સ્વાતંત્ર્ય પછી સૌરાષ્ટ્ર રાજ્યમાં પ્રથમ શિક્ષણપ્રધાન તરીકે સેવા આપી અને ત્યારબાદ પાંચ વર્ષ સુધી રાજયસભાના સભ્ય તરીકે દેશસેવામાં અડગ ઊભા. નાનાભાઈ ભટ્ટનું વ્યક્તિત્વ વિશાળ પણ વિનમ્ર, સરળ પણ ઊર્જાસભર હતું. આવા મહાન કેળવણીકારોની સરખામણી સહેલાઈથી કોઈ કરી શકે નહીં. તેમણે સાહિત્યપ્રેમ, આધ્યાત્મપ્રેમ અને ધર્મપ્રેમને શિક્ષણપ્રેમમાં સમર્પિત કરીને શિક્ષણક્ષેત્રને નવી દિશા આપી.

અંતિમ શ્વાસ સુધી કેળવણી દ્વારા લોકસેવામાં સમર્પિત રહેલા આ મહાપુરુષ ખરેખર શિક્ષણના તપસ્વી, કર્મયોગી હતા.

મો.૯૭૩૭૨૪૩૨૦૩

## ૦૮ શાળા નરસંહારના કેન્દ્રો બનશે શું?

**તખુભાઈ સાંડસુર**

અમદાવાદની એક ખાનગી શાળામાં છોકરાંઓનું ટોળું એકલદોકલ મોટાં છોકરાઓ પર હુમલો કરે છે. બાળક ઘાયલ થઈ જાય છે, પરંતુ તેના તરફ કોઈ દ્રષ્ટિપાત કરતું નથી. શરીરમાં લોહી ગંઠાવાના કારણે બાળકનું પ્રાણ પંખેરુ ઊડી જાય છે. સરસ્વતીનું ધવલ મંદિર રક્ત રંજીત થાય છે. મા સરસ્વતીની આંખ પણ ભીની થઈ ગઈ હશે!! આ ઘટના માત્ર કોઈ એક શાળાની નથી પરંતુ આવતા દિવસોમાં આવો સિલસિલો રોજિંદો બની રહે તો તેમાં કોઈ નવાઈ પામવા જેવું નહીં હોય!! કારણકે આપણી સમગ્ર શિક્ષણ વ્યવસ્થાના તમામ તબક્કાઓને આવરી લઈ જઈ શકો છો તે આખું વાડોલિયું માવજત કરવાને બદલે વાડ વગરનું ખેતર બની ગયું છે. તે પણ હવે લગભગ બિન ઉપજાંઉ-બીડ જેવું લાગે છે.

ગાંધી થોટ એક્ટિવિટી બેઝ એજ્યુકેશન તરફ અંગુલી નિર્દેશ કરે છે. આપણા અનેક શિક્ષણના ચિંતકો જીવનની કેળવણી તરફ વધુમાં વધુ ભાર આપી ગયાં છે, પણ આપણે એટલે કે વાલીઓ ડિમાન્ડ અને સપ્લાયના આધારે ઊભા થયેલાં કારખાના એટલે કે શાળાઓ, પણ હવે જીવન અને જીવિકાને બેમાંથી કોઈના ઉપર પસંદગી ઉતારવી હોય તો જીવિકા તરફ ઉપર આંગળી મૂકે છે. તેનાથી આ વિટંબણાઓ,સમસ્યાઓ ઊભી થઈ રહી છે !

શાળા, શિક્ષક અને બાળક એકબીજા સાથે એવી રીતે જોડાયેલાં હોવા જોઈએ કે ત્યાં કોણ કોને છાનો રાખે તે એક સમસ્યા થઈ પડે તેવી હાલત હોવી જોઈએ. પણ શિક્ષણનું વ્યવસાયીકરણ અને નફા- નુકસાનને ધ્યાનમાં રાખીને ઊભી થયેલી દુકાનોમાં ના તો કોઈ શાળાને પોતાની માને છે કે પછી વિદ્યાર્થીને શાળા પોતાનો પારિવાર ગણે છે. કોઈ શિક્ષકને બાળક સાથે કોઈ સ્નેહ તંતુ નથી રાખવો કારણ કે તે અહીં કલાકો મુજબ રોકાયેલો રોજમદાર છે ! આ બધામાં બાળક સતત પોતાને એકલો, નિરાધાર અનુભવે છે. પ્રેમ, કરુણાનો પ્રવાહ જ્યાં ખળખળ નિર્મળ વહેતો અનુભવાય તે શાળા આજે ગેંડાની ચામડી જેવી રુક્ષ બની ગઈ છે. જ્યાં માત્ર પૈસાની લેવડદેવડ માટે મશીનો ચાલે પણ તેમાંથી એક પણ લાગણીની ઝાપલી કે છીંડુ સંવેદના માટે પ્રગટતું નથી. વિદ્યાર્થીઓ પ્રેમ,સ્નેહ,હૂંફ ઝંખે છે. આ પૂર્તતા હવે ન તો પરિવાર કરી શકે તેમ છે, માબાપ પાસે સમય નથી. શાળા પાસે કોઈ અપેક્ષા રાખી શકાય તેમ નથી.

ટેક્નોક્રેટ જીવનશૈલી બાળકને રેઢો મૂકીને રડાવી રહી છે. અને તેથી સર્જાયું છે હિંસાત્મક વાતાવરણ. અહીં જીવનની આચારસંહિતા રઝળી પડી છે. સમજણ અને વર્તનના કોઠાઓને જીતાય અને જીવન ઉત્તમ નિર્માણ કરી શકાય તેવું કંઈ નથી. સ્થિતિએ દરેક હતાશા અનુભવે છે અને હિંસા ઉપર આવી જાય છે. યુરોપ અમેરિકા વગેરેમાં ગન કલ્ચર વિકસ્યું તેમાં આ કારણો જવાબદાર છે. આપણે પરત ફરવાની દરકાર નહીં કરીએ તો આવતા દિવસોમાં આપણી શાળાઓ હિંસાચારી કેન્દ્રો બની જશે ! આપણે કોઈ એવી દિશા તરફ પછી તે વાલી હોય, શાળા હોય કે પછી શિક્ષક હોય, વિચારવું જોઈએ કે આપણે આપણા બાળકને જીવિકા આપવા માંગીએ છીએ કે જીવન આપવા માંગીએ છીએ ?! ગુણાંક આપવા માગીએ છીએ કે ગુણ માટે મથામણ કરવા માગીએ છીએ. આવો, આપણે આપણા બાળકોને Mark long jump નહીં Life long માટે તૈયાર કરીએ.

મો. ૯૪૨૭૫૬૦૩૬૬

## ૦૯ તારો દીવો તું થા : વ્યક્તિત્વની ખરી દીવાદાંડી

**ડો. દિનેશકુમાર**

---

ભગવાન બુદ્ધનું પ્રખ્યાત જીવનસૂત્ર 'અપ્પો દીપ ભવઃ' અર્થાત્ તારો દીવો તું થા. આ જીવનસૂત્ર કાયમ મનુષ્યજાત માટે પ્રેરણારૂપ છે. ઝેન વિચારધારા પ્રમાણે કોઈ વ્યક્તિએ આનંદ, શાંતિ, સુખ અને સંતોષ માટે અન્ય પર અવલંબિત રહેવાની જરૂર નથી એવો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. સ્વના આત્મ-સાક્ષાત્કાર માટે પોતાની જાતથી વિશેષ દુનિયાની કોઈ તાકાત મદદ કરી શકે તેમ નથી. સ્વયંને ઊર્જાવાન, શક્તિવાન અને શીલવાન બનાવવા માટે પોતાની જાત જ સર્વોત્તમ દોસ્ત બની રહે છે. જગતના પ્રલોભનો, આશ્વાસનો કે બાહ્યદેખાવ જીવનને શણગારવામાં સહેજેય ઉપયોગી થાય તેવું લાગતું નથી. જગતમાં સૌથી મોટી ઓળખાણ એ સ્વયંની ઓળખાણ જ છે તે બાબત શાશ્વત સત્ય છે.

બાહ્ય પ્રેરણા ક્ષણભંગુર, તકલાદી અને બનાવટી હોય છે, જ્યારે આંતરિક પ્રેરણા ચિરસ્થાયી, નક્કર અને ખરી ઔષધિરૂપ હોય છે. બાહ્ય પ્રેરણાની અસર થોડા સમય માટેની જ હોય છે જ્યારે આંતરિક પ્રેરણા આપણા હૃદય અને આત્મા સાથે જોડાયેલી હોય છે અને આમેય આપણા આત્માનો અવાજ ક્યારેય અસત્યના બોદા રણકાર જેવો હોતો નથી. આપણા ઋષિમુનિઓએ પણ ધ્યાન, યોગ, પ્રાણાયામ, સત્સંગ વગેરેની મહત્તા સાબિત કરી આપી છે. આ સત્કાર્યો દ્વારા જ સ્વયંને જાણી શકાય છે. આત્માનું પરમાત્મા સાથેનું મિલન ચરિતાર્થ કરાવી શકાય છે. આજકાલ બાહ્ય સુંદરતાને વધારે પડતું મહત્ત્વ આપવામાં આવે છે. બાહ્ય સુંદરતા ક્ષણજીવી અને તકલાદી હોય છે, જે ઘડીકભર આનંદ આપે છે. જ્યારે આંતરિક સુંદરતા વ્યક્તિને કાયમ નિજાનંદમાં રાખે છે. આંતરિક સુંદરતા જ ખરી સુંદરતા છે, જે માણસને ખરેખર સુંદર, સત્ત્વશીલ અને શીલવાન બનાવે છે.

ડેનિયલ પિંક નામના એક વિદેશી પુસ્તક 'Drive: Truth About What Motivates us.' માં લેખક ખૂબ જ સ્પષ્ટ રીતે જણાવે છે કે, 'કોઈપણ કામમાં આંતરિક સંતોષ આપણને સૌથી મહત્ત્વનું પ્રોત્સાહન પૂરું પાડે છે. બહારથી આપવામાં આવતું મોટીવેશન આંતરિક અને સહજ મોટીવેશનને નુકસાન પહોંચાડે છે.' કોઈપણ કામ જ્યારે આપણને પોતાનું લાગે છે, અર્થસભર લાગે છે અને આપણે આપણું કામ સ્વનિયમનથી કરીએ છીએ ત્યારે આપણને અંદરથી ધક્કો લાગે છે. કામ કરવાની સ્વપ્રેરણા મળે છે. આપણી સહજ મનોવૃત્તિ કંઈક એવા પ્રકારની છે કે, બીજાએ આપણા માટે બનાવેલા નિયમો આપણે જલ્દીથી તોડીએ છીએ. એ નિયમો તોડવામાં આપણને આનંદ આવે છે. જ્યારે જે નિયમો આપણે આપણા માટે બનાવેલા હોય તો તે, સ્વાભાવિક રીતે આપણે તોડતા નથી કારણ કે, એ નિયમો આપણે પોતે બનાવ્યા છે. જગતનું શ્રેષ્ઠ નિયમન એ સ્વનિયમન ગણાવી શકાય. જે વ્યક્તિ સ્વનિયંત્રણની પ્રવિધી શીખી લે છે એને બીજું કશુંય શીખવાની આવશ્યકતા રહેતી નથી.

ખાસ કરીને ઘરમાં માતાપિતા અને કુટુંબીજનોએ તેમજ શાળામાં શિક્ષકોએ બાળકોના સ્વનિયમન પર વધારે ભાર મૂકવો જોઈએ. બાળકોની શક્તિઓ, ઇચ્છાઓ કે જરૂરિયાતોનું દમન કરવા કરતા તેનું યોગ્ય રીતે શમન, દોહન અને ઊર્ધ્વગમન કરવામાં આવે તો, તેમનો ઊર્ધ્વગામી વિકાસ શક્ય બનાવી શકાય છે. સામાન્ય રીતે આપણે બાળકો કોઈ ભૂલ કરે તો તેને ખખડાવી નાખીએ છીએ અને

સારું કામ કરે તો એટલું જ પ્રોત્સાહન આપતા નથી એ કડવું સત્ય જરૂર છે. ઘણીવખત આપણે જ સ્વનિયમન ન કરી શકતા હોઈએ તો બાળકો પાસે કેમ અપેક્ષા રાખી શકીએ? આપણે આપણા સંવેગો જેવા કે ક્રોધ, અહંકાર, હસવું, રડવું વગેરેને નિયમિત કરી શક્યા છીએ કે કેમ? તે પ્રશ્ન પણ આપણી જાતને પૂછીએ તો જ સાચો જવાબ મળે.

આપણી પ્રશંસા થાય તેનાથી આપણને વધુ સારું કામ કરવાનું પ્રોત્સાહન મળે છે તે સાચું, પરંતુ આપણે જો સજાગ ન રહીએ તો, વાહવાહી કે વખાણના ગુલામ બની જઈએ છીએ. વાહવાહી ઘણીવાર શાબ્દિક લાંચનું કામ કરે છે. આપણે ઉચિત કામ માટે અને ઉચિત વ્યક્તિ તરફથી મળતી પ્રશંસા માટે જાગૃત ન હોઈએ તો, તે આપણને આપણા આચરણ અને વિચારમાં દ્વૈત સાધવામાં અવરોધરૂપ બને છે. જો આપણને વાહવાહીની ટેવ પડી ગઈ હોય તો તે સર્કસના જોકરની જેમ સતત પર્ફોર્મ કરવા મજબૂર કરી માનસિક તણાવ ઊભો કરે છે. માણસ ગમે તેટલો પ્રતિભાસંપન્ન હોય, પણ જો તેને બીજા લોકોની તાળીઓ અને પ્રશંસાની અપેક્ષા હોય, તો તે ઈમાનદાર ન રહી શકે અને પછી તે બીજા લોકોને ખુશ કરવા માટે ખુદને અમુક રીતે રજૂ કરશે. એક કડવું સત્ય એ પણ છે કે, વાહવાહીમાં આપણને આત્મમુગ્ધ બનાવી દેવાની તાકાત હોય છે. આપણે જ્યારે બધાની પસંદ બનવા પર ધ્યાનકેન્દ્રિત કરીએ છીએ, ત્યારે આપણે ખુદ પરના ધ્યાનથી વિમુખ થઈ જઈએ છે. વાસ્તવમાં પ્રતિભાસંપન્ન વ્યક્તિ એ હોય છે કે, જેનામાં જાત સાથે ઈમાનદાર રહીને એકલા પડી જવાનું સાહસ હોય. કહો કે, જે વ્યક્તિ દરરોજ પોતાની જાત સાથે સાથે ગોઠડી માંડતો હોય.

સામાન્ય રીતે શાળાકક્ષાએ અને કુટુંબકક્ષાએ બાળકોને બાહ્યપ્રલોભનો અને પ્રેરણાથી લાદી દેવામાં આવતા હોય છે. સંઘર્ષ, જાતઅનુભવ અને પીડા બાળકો પર વિધાયક અને નિષેધક બન્ને પ્રકારની અસર ઉપજાવે છે. ઉપરોક્ત બાબતોની વિધાયક અસરો વધે અને નિષેષક અસરો ઘટે તે પ્રકારનું ભાવાવરણનું સર્જન થાય તો સ્વપ્રેરણાનું સર્જન, સંવૃદ્ધિ અને વિસ્તૃતિકરણ કરાવી શકાય છે. શાળામાં સારસ્વતોનો વર્તનવ્યવહાર, ઘરમાં મોટેરાઓનું વર્તન એમની આંતરિક પ્રેરણાને જાગૃત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જે વ્યક્તિ પોતાના આત્માને ઢંઢોળે છે અને આત્માનો અવાજ સાંભળે છે તેને નિરાશાના વાદળો ઘેરી શકતા નથી. તે સંઘર્ષોના તીવ્ર ઝંઝાવાતમાં પણ અડીખમ ઊભા રહી શકે છે અને સફળતાને વરી શકે છે.

બધા વ્યક્તિઓનાં વર્તનવ્યવહાર પાછળ મૂળભૂત અને પાયારૂપ પરિબળ વિચારો છે. 'એટોમિક હેબિટ્સ' નામના પુસ્તકમાં લેખક જેમ્સ ક્લિયર જણાવે છે કે, 'આપણે પોતે કશુંય નથી પણ આપણે જેવા વિચારો કરીએ છીએ એવા જ બની જઈએ છીએ.' આપણા હાલના વ્યક્તિત્વનું અસલ પ્રતિબિંબ આપણા ભૂતકાળના વિચારો છે. આપણે જેવા વિચારો કરીએ છીએ તેવા જ બની જઈએ છીએ.

આધિ, વ્યાધિ અને ઉપાધિનું એક કારણ એ પણ છે કે, માણસ પોતાનાં વિશે થોડું અને બીજા વિશે ઘણું જાણે છે. જ્યારે માણસ પોતાની ભીતરમાં ડોકિયું કરશે ત્યારે પોતાના ગુણ અને અવગુણથી સારી રીતે વાકેફ થશે. ભીતર દૃષ્ટિ કરવાથી આંતરિક શાંતિ અને બાહ્ય અવરોધોને પાર કરી શકાય છે. શાળાકક્ષાએ અને કુટુંબકક્ષાએ જ્યારે બાળકોને આંતરરાહ ચીંધવામાં સહાયભૂત થઈએ તો તેના સત્ત્વશીલ પરિણામો ચોક્કસ મળશે જ તે અપેક્ષિત છે. તો ચાલો આપણે આપણામાં ડૂબી જઈને આપણી જાત વિશે બધું અવગત કરીએ,અસદ્‌ને દૂર કરી સદ્‌ને રોપીએ.

મો.નં.:૯૯૨૪૫૩૮૨૮૨

'રામાયણ'ને હું જોઉં, 'રામાયણ'નું દર્શન કરું તો મને એમ લાગે કે એમાં સાહિત્ય પણ છે, એમાં સાંસ્કૃતિક ભૂમિકાઓ પણ છે અને આધ્યાત્મિક તો છે જ.

મોરારિબાપુ

## ૧૦ અહેવાલ : લોકભારતી પરિવાર ભાવમિલન

**પ્રવીણચંદ્ર ઠક્કર**

---

વિશ્વવાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા અને કન્યા વિદ્યાલય વળાવડ તા. સિહોરના સંયુકત ઉપક્રમે તા. ૨૩ ઓગષ્ટ ૨૦૨૫ને શનિવારે સવારે વળાવડ મુકામે લોકભારતી ગ્રામવિદ્યાપીઠના પૂર્વ વિદ્યાર્થીઓ, કાર્યકરો, પરિવારજનો તથા શુભેચ્છકોનું ભાવમિલન યોજાયું હતું. જેમાં લોકભારતીના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.અરુણભાઈ દવે, લોકભારતી યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, વળાવડ સંસ્થા પ્રમુખ શ્રી મેહુરભાઈ લવતુકાની ઉપસ્થિતિમાં ૧૫ જિલ્લાના ૧૭૦થી વધુ મિત્રો હાજર રહ્યા હતા. જે પૈકી ૧૭ કર્મશીલોએ પોતાના કાર્યક્ષેત્રના રોચક અનુભવો રજૂ કરી ભૂતકાળનું મધુર સ્મરણ કરેલું. પ્રસંગના પ્રારંભે વિદ્યાલયની દીકરીઓએ સુમધુર ગીત-સંગીતથી શુભારંભ કરાવેલો. બગસરા ટ્રસ્ટના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દેવચંદભાઈ સાવલિયાએ સ્વાગત પ્રવચન, કન્યા વિદ્યાલયના આચાર્ય શ્રી અમીનભાઈ ચૌહાણએ સંસ્થા પરિચય આપ્યો હતો. વિદ્યાસંસ્થાના સ્થાપક મેહુરભાઈએ પ્રાસ્તાવિક પ્રવચનમાં કહ્યું હતું : ‘અમે સામાન્ય વર્ગની દીકરીઓની કન્યા કેળવણી દ્વારા ઋષિવર્ય નાનાભાઈ, મનુભાઈના વિચારોનું અહીં વાવેતર કર્યું છે. દીકરીઓ તુલસીના કયારા છે. તેથી અહીં ટકાવારીના આધારે નહીં પણ કુટુંબની પરિસ્થિતિ અને વિદ્યાર્થિનીઓના ઉત્સાહ પ્રમાણે પ્રવેશ અપાય છે. અહીં શિક્ષણની સાથે રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમ, ઉત્સવો દ્વારા વિદ્યાર્થિનીઓનું ચારિત્ર્યઘડતર થાય છે. શિક્ષકોની નિષ્ઠા, અભ્યાસવૃત્તિને કારણે ૧૦૦% પરિણામ આવે છે.

લોકભારતી સંસ્થાના પૂર્વ નિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કરે તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ‘લોકભારતીના વિદ્યાર્થીઓ ૧૨૮ જેટલા ક્ષેત્રોમાં નૈતિક મૂલ્યો અને સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખી પ્રવૃત્ત છે. તેના પાયામાં છે સંસ્થાનું ‘શિક્ષણ’, ‘વિસ્તરણ’ અને ‘સંશોધન’. આ ઉપક્રમમાં નીચેના મિત્રોએ સામાજિક નિસ્બત સાથે પોતાના અનુભવો રજૂ કર્યા હતાઃ

૧. ગ્રામસ્વરાજ સંઘ અને ચિરંતન ગાંધીવિદ્યા કેન્દ્ર પરિચય - શ્રી નકુલભાઈ ભાવસાર, પૂર્વાચાર્ય નિલપર-કચ્છ.

૨. ગોમૂત્ર દ્વારા નિરામય સ્વાસ્થ્ય - શ્રી તુલસી ઘોરી, પાલીતાણા.

૩. પોલીસ વિભાગમાં મૂલ્યોનું સિંચન - ડૉ. લક્ષ્મણ જેઠવા - પોલીસ ઈન્સ્પેકટર ગાંધીનગર.

૪. શિક્ષણ અને સાહિત્યનો અનુબંધ - શ્રી વાસુદેવ સોઢા, અમરેલી.

૫. વિધાયક રાજનીતિના અનુભવો - શ્રી સુખાજી ઠાકારે, ધારાસભ્ય બેચરાજી.

૬. પરિવર્તનનું માધ્યમ : શિક્ષણ અને સાહિત્ય - શકિતદાન ગઢવી, શિક્ષક, સંયોજક, ભાવનગર વૃદ્ધાશ્રમ.

૭. મૂલ્ય સંવર્ધન અને જીવનવિદ્યા- શ્રી વિવેક ઠક્કર - અધિકારી, સ્નાઈડર ઈલેકટ્રીકલ લી. વડોદરા.

૮. અબોલ જીવો માટે નિસર્ગ નિકેતન અને વંચિતોને મદદ - શ્રી દિનેશ ઠાકર : પૂર્વાચાર્ય, શંખેશ્વર, અત્યારે બેચરાજી.

૯. ગુજરાત શૈક્ષણિક, સાંસ્કૃતિક મંચના ઉદ્દેશ્યો અને કાર્યો - શ્રી તખુભાઈ સાંડસુર, પૂર્વાચાર્ય, વેળાવદર, પત્રકાર.

૧૦. સંકલિત બાલવિકાસ કાર્યક્રમમાં લોકભારતીનું શિક્ષણ - શ્રી ઈલા ત્રિવેદી, ચાઈલ્ડ ડેવલપમેન્ટ ઓફિસર, ભાવનગર.

૧૧. માલધારીઓના સર્વાંગી ઉત્થાન માટે મારગ- શ્રી નીતા પંડયા : સ્થાપક, પ્રમુખ મારગ.

૧૨. કિસાન એગ્રો સેન્ટર સિહોરમાં નીતિમત્તા અને સંબંધોનું સ્થાન- શ્રી જસાભાઈ કુવાડિયા, સિહોર.

૧૩. ભારતયાત્રા દ્વારા સંવેદના સર્જન અને રાષ્ટ્રીય એકતા - શ્રી લાલજી દેસાઈ, પ્રમુખ - રાષ્ટ્રીય સેવાદળ, અમદાવાદ.

૧૪. ઉદ્યોગ સાહસિકતા - શ્રી ભગીરથસિંહ સરવૈયા- ઉદ્યોગપતિ, અમદાવાદ.

૧૫. શિક્ષણ, આરોગ્ય અને સહકારી પ્રવૃત્તિનો સમન્વય - શ્રી હુસેન ચૌધરી, પૂર્વાચાર્ય- વાંકાનેર.

૧૬. અમૂલ દ્વારા પ્રાકૃતિક ઉત્પાદન - શ્રી જગદીશ ચાડ, આણંદ.

૧૭. પત્રકારિત્વના શિક્ષણમાં લોકભારતીનું પ્રદાન - શ્રી સોનલ પંડયા, અધ્યક્ષ પત્રકારિત્વ ભવન, ગુજરાત યુનિ. અમદાવાદ.

આ પ્રસંગે લોકભારતી યુનિ.ના કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈએ સ્પષ્ટતા કરી હતી કે યુનિ.ના તમામ અભ્યાસક્રમો સ્વનિર્ભર હોવા છતાં તેની ફી વાજબી રાખવામાં આવી છે. જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની વ્યવસ્થા છે. લોકભારતીના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈએ તેમના પ્રોત્સાહક સંબોધનમાં દર્શાવ્યું હતું કે, 'લોકભારતી એ શ્રેષ્ઠ વિચાર છે. લોકભારતીત્વની વિચારધારા પ્રમાણે કામ કરતા સૌ મિત્રો સંસ્થાની વડવાઈ સમાન છે. નાનાભાઈથી માંડીને ગોશાળાના બનુભા ગોહિલ દરેક આપણા ગુરુ છે. તેમની પાસેથી કંઈકને કંઈક શીખવા જેવું છે. અત્યારે ગાંધીજી અંગે અનાવશ્યક ટીકા-ટિપ્પણીઓ થાય છે. તે અંગે વ્યથિત થવાનું નથી. ગાંધીવિચાર અમર છે, એમ લોકભારતી એ કોઈ સ્થૂળ પરિસર નથી. નઈ તાલીમ દ્વારા સિંચાયેલા મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધન માટે આપણે મથામણ કરીએ છીએ. આ સિદ્ધાંતોને જાળવવાની સૌની નૈતિક જવાબદારી છે. લોકભારતીના બે વિભાગો ગ્રામવિદ્યા અનુસ્નાતક કેન્દ્ર અને સ્નાતક નઈ તાલીમ મહાવિદ્યાલય સરકારશ્રીના અપર્યાપ્ત સહયોગને કારણે બંધ કરવાની ફરજ પડી પણ બુનિયાદી ઉચ્ચશિક્ષણના બીજને જીવંત રાખવા, સંસ્થાકીય અસ્તિત્વને સાચવવા સ્વધર્મના ભાગરૂપે યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. જેની વિશેષતા છે અદ્યતન ટેકનોલોજી, કમ્પ્યૂટર અને અંગ્રેજી શિક્ષણ, નિષ્ણાતોના વ્યાખ્યાનો, સૈદ્ધાંતિક- પ્રત્યક્ષ શિક્ષણનું પ્રમાણ ૨૦:૮૦. નવી શૈક્ષણિક નીતિમાં જે શિક્ષણના સિદ્ધાંતો સમાવિષ્ટ છે તેનો આપણે ૧૯૫૩થી અમલ કરતા આવ્યા છીએ. શ્રમને મહત્ત્વ આપીએ છીએ. કોઈ વિદ્યાર્થી રૂ. ૧૦ નું કામ કરે તો તેને રૂ. ૨૦ મળે છે પણ હવે વાલીઓની માનસિકતા અલગ પ્રકારની છે. તેઓ ઇચ્છે છે કે તેમના સંતાનો ભણ્યા વિના માત્ર ફી ભરીને પદવી મેળવી લે. અત્યારે ભણેલા લોકોની આત્મહત્યા વધતી જાય છે. આ સમસ્યાઓનું ત્યારે જ નિરાકરણ આવે જ્યારે શિક્ષણની સાથે સંવેદના અને સંસ્કારનો સમન્વય થાય. લોકભારતી યુનિવર્સિટીનું પ્રથમ પદવીદાન સમારંભ બીજી ઓકટોબરના રોજ યોજાશે. ત્યારે અમે અભ્યાસમાં પ્રથમ સ્થાન મેળવેલા વિદ્યાર્થી ઉપરાંત સંસ્કાર અને સેવાના ક્ષેત્રે અગ્રતા ક્રમ ધરાવનારને પણ સુવર્ણચંદ્રક આપવાનો નિર્ણય કર્યો છે. લોકભારતીએ યુનિ.ના આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રકચર, વર્ગખંડ, છાત્રાલય, સ્ટાફ કવાટર્સ વગેરે માટે જરૂરી ફંડ એકત્ર કર્યું છે અને હજુ કરશે પણ મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ ફંડની વિશેષ આવશ્યકતા છે. ઉત્સુક પૂર્વ વિદ્યાર્થીઓ એ માટે સ્વૈચ્છિક મદદ કરી શકે છે.'

આ અપીલના પ્રતિસાદરૂપે લાલજીભાઈ દેસાઈએ તેમના જૂથના વિદ્યાર્થીઓ દ્વારા પાંચ વિદ્યાર્થીઓને અભ્યાસ કરે ત્યાં સુધી સ્કોલરશીપ પૂરી પાડવાની જાહેરાત કરી હતી. બી.એડ્. કૉલેજ મહુવાના અધ્યાપક ડૉ.નરેન્દ્ર ધાંધલ્યાની આભારવિધિ, સુમધુર ગીત અને મિષ્ટ ભોજન બાદ કાર્યક્રમ સુપેરે સંપન્ન થયો હતો.

સંપર્કઃ ૯૪૨૬૪૬૧૦૯૦

## ૧૧ 'લગ્ન' વિશે થોડુંક ચિંતન

**ડો. દિનુ ચુડાસમા**

ભારતીય સમાજમાં લગ્ન એક ઉત્તમ પરંપરા રહી છે. સંતાનો જયારે ૨૫ વર્ષ પાર કરે, વિદ્યાભ્યાસ પૂરો થાય, સ્વનિર્ભર બને કે ના બને, સમજણ વિકસે કે ના વિકસે છતાં તેને પરણાવી દેવામાં આવે છે. લગ્ન એક સારી વ્યવસ્થા છે. પરંતુ આજકાલ લગ્નો અધિક ફેશનેબલ - મૉડર્ન થતાં જાય છે, એની સામાજિક,પર્યાવરણલક્ષી અસર તપાસવી પડે એમ છે.

માણસનું જીવન સમયનું બનેલું છે. આપણે અદ્યતન સમયમાં -ડિજિટલ સમયમાં શ્વાસ લઈએ છીએ ને ! તોયે લગ્નમાં ખૂબ વખત બગાડીએ છીએ જ ને? લગ્ન હોય એ ઘરમાં પૂર્વતૈયારીનો સમય, એનો તણાવ, બધું જ જો વિચારીએ તો ? વિચારવું જ પડે એમ છે ને? ચાલો થોડુંક ચિંતન અહીં ઉજાગર કરું છું.

**લગ્નનું માર્કેટઃ**

ભારતમાં લગ્નની ખરીદીનું ખૂબ મોટું બજાર છે. ગત-૨૦૨૪ માં લગ્ન વિષયક એક સંશોધન પ્રમાણે ૫૦ લાખ યુવક યુવતીઓએ લગ્ન કર્યા. આ ૫૦ લાખ ઘરોએ અને એના સગાઓએ જે તે વસ્તુઓની ખરીદી કરી હતી તેનો આંકડો ૬ લાખ કરોડ રૂપિયાનો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં લગ્નની વસ્તુઓ પાછ ૬ લાખ કરોડ ખર્ચાયા તેમાંથી ૭૫% રકમ તો અલંકારો, ફટાકડા, ડી.જે., ફોટોગ્રાફી, મંડપ પાછળ ખર્ચ કરવામાં આવ્યો હતો. બીજી ૨૫% રકમ કપડાં, બ્યૂટીપાર્લર, વાહન, ભોજન સમારંભ,પાર્ટીઓ પાછળ ખર્ચાયા. આ રકમમાં ૫૦% રકમ તો ઉછીની કે બેંક પાસેથી લોન લઈને ખર્ચ કરવામાં આવી હતી. બીજું કે આ પ્રક્રિયા પાછળ બધી જ રીતે કુલ ૫૦ કરોડ માનવ કલાકોનો વેડફાટ થયો હતો. આ કલાકોમાં બધું જ કાર્ય સ્થગિત. જો આટલી ગંજાવર રકમમાંથી અરધી રકમ -ધન શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને માનવીય સુવિધાઓ પાછળ ઉચિત ખર્ચ કરવામાં આવે તો? સરસ પરિણામ મળે !

એક તો પરિવાર આર્થિક ભારણ વેઠે,તણાવમાં રહે એ પછી પણ કેટલાયે લગ્નો નિષ્ફળ જાય છે. છૂટાછેડા લેવા માટે વકીલની ફી,કોર્ટ-કચેરીના ધક્કાઓ એ પછી અતિ નિરાશાઓમાં થતી આત્મહત્યાઓ- બાપ રે બાપ! બીજું કે લગ્નો દરમિયાન પર્યાવરણમાં જે નુકશાન થઈ રહ્યું છે એની ગણતરી કરો તો? વાસ્તવ આ રહ્યું:

**(૧) હવાનું પ્રદૂષણઃ**

આજે આપણે મૂળ જંગલોને બદલે ક્રોંકીટના જંગલો ઊભા કરી દીધાં છે. હજારો વર્ષ જૂના ખેતરમાં કયારે સોસાયટી ઊગી જાય એ ખબર પડતી જ નથી. પૃથ્વી ઉપર શુદ્ધ પ્રાણવાયુ ઘટી રહ્યો છે. લગ્નોમાં ઉપયોગ થતાં વાહનો જે કાર્બનડાયોકસાઈડ છોડે, ફટાકડાઓ ફોડવાથી હવામાં ભળતું પ્રદૂષણ. આખરે સૃષ્ટિને નુકશાન કરે છે કે? પ્રદૂષિત હવા શ્વાસમાં લેવાથી આરોગ્ય વિષયક અનેક સમસ્યાઓ ઊભી થયેલી જ છે.

**(૨) અવાજનું પ્રદૂષણઃ**

લગ્નોમાં લોકોની ભીડ એકઠી થાય એની વાતો, ફટાકડાના અવાજો, જૂના વાહનોના કર્કશ અવાજો, હોર્ન, બેંડ- ડી.જે. જે ઘોંઘાટ કરી મૂકે એ તો અસહ્ય...અસહ્ય ! આપણે આપણી જ પૃથ્વી ઉપર કલરવ સાંભળવા, સૃષ્ટિનું સંગીત સાંભળવાને બદલે શું સાંભળીએ છીએ? લગ્નોમાં બહેરાશ આવી જાય એવો ઘોંઘાટ પ્રસરે છે. વાતાવરણને અશાંત કરે છે.

**(૩) અન્નનો બગાડઃ**

આપણે ત્યાં હવે તો લગ્નોમાં બૂફે-ભોજન હોય છે, જમવાનું રુચિ પ્રમાણે જે જોઈએ તે તમારી હાથે લઈ

લ્યો..પણ ૭૫% વર્ગ જમવામાં થાળીઓ ભરે પછી ૨૫% એઠું રાખે..રાખે ને રાખે જ છે. જો તમારે અન્નનો બગાડ જોવો હોય તો ભોજન લીધાં પછી જયાં એઠાં વાસણ માંઝતી બહેનોને ત્યાં જઈ જોવું. આ જોઈને સંવેદનશીલ માણસને તો અરેરાટી થઈ જાય. થોડેક દૂર માંગવાવાળા ખાલી વાસણો લઈ બેઠા હોય એ લાચારીનું શું કહેવું? આપણે શિક્ષણ તો લીધું પણ કેળવણી ન પામ્યા..નાગરિક બનવાની હજું શરૂઆત પણ નથી થઈ એવું લાગે છે કે?

આજે જગતમાં જે યુદ્ધો થાય છે એમાં જે બેઘર થયાં,એને નથી રહેવા ઘર કે જમવા માટે ભોજન. ભોજનનો બગાડ ન થાય તો કેટલાય નિરાશ્રિત કેમ્પોમાં ભોજન પહોંચી શકે એમ છે. ભારતમાં જ હજુ લાખો લોકોને પૂરતું ભોજન નથી મળતું? એ આપણે ભોજન સમયે યાદ રાખવાનું છે.

**(૪) સમય બગડેઃ**

જીવન સમયનું બનેલું છે. સમયની બરબાદી એટલે જીવનની જ પસ્તાળ. ભારતીય સમાજમાં લગ્નસરા આવે છે તે લાંબો વખત રહે છે. જે ઘરે લગ્ન હોય એને જીવનવિકાસની સઘળી ક્રિયા નેવે મૂકીને લગ્નની તૈયારીમાં લાગી જવું પડે છે. પુષ્કળ સમય આપવો જ પડે એથી ઘણી વખત પોતાના વ્યવસાયને-કામને સમય ન આપી શકે તેથી તણાવ ઊભો થાય છે.

**(૫) દહેજપ્રથાઃ**

ભારતમાં સંતાનોના લગ્ન થાય એમાં મોટાભાગે લેતી-દેતીનો જબરો વ્યવહાર કરવામાં આવે છે. કેટલાક સમાજમાં ધારો-બાંધણું જ હોય કે એટલું આપો તો લગ્ન થઈ શકે, આખરે એ તો દહેજ થયું કે નહીં? આજના મોંઘવારીના સમયમાં વાલીઓ સંતાનોના લગ્નો માટે ઉછીના રૂપિયા જમીન-જાયદાદ વેંચીને પણ મેળવી બધું આટોપતા હોય છે. પછીની હતાશાનું સંશોધન કરવા જેવું છે.

**(૬) લગ્ન સાદગીથી પણ થઈ શકે છેઃ**

ભારતમાં લગ્ન વિષયક ઘણું લખી શકાય એમ છે. પરંતુ સંતાનોના લગ્ન સમજણપૂર્વક, સાદી રીતે કરવા હોય તો પણ થઈ શકે છે જ હમણાંજ અમે પુત્ર- ચિરંજીવ વૈભવના લગ્ન કર્યા. અમારી પુત્રવધૂ-ભાવિકા બંને ભણેલા-કેળવાયેલ-સમજણા અને એથી વિશેષ દીકરીના માબાપ-પરિવાર હાર્દિક + બૌદ્ધિક એટલે પ્રેમપૂર્વક અમે બંને પરિવારે એક સાદગીમય લગ્નનું આયોજન કર્યું હતું. કેવું ? કહું તમને...

(૧) બંને પરિવાર તરફથી ૪૦ કુટુંબીજનો લગ્નવિધિમાં સામેલ થાય એવું નક્કી કર્યું અને એ પ્રમાણે જ થઈ શકયું એનો આનંદ છે.

(૨) અરસપરસ પહેરામણી કે ઓઢામણી, લેતી-દેતી બંધ ( કશું જ દહેજ આપવું કે લેવું નહીં) બંને પરિવાર રાજી-ખુશીથી સહમત થયાં-ખાસ તો વર-વધૂની સમજણ અધિક. સ્વનિર્ભર હોવા તરફની ગતિ.

(૩) બંને પક્ષે ખોટા દેખાડાથી મુકત રહેવું, જરૂરીયાત પૂરતી સઘળી સુવ્યવસ્થા કરવી.

(૪) લગ્નમાં ફટકડાં ફોડવા નહીં, બેંડવાળા, ડી.જે. નહીં. કશો ઘોંઘાટ નહીં કરવાનો.

(૫) સમય બગડે નહીં માટે ચોક્કસ,તારીખ,વાર-તિથિ,શુભ સ્થળ નિયત કર્યા. બંને પક્ષના થઈને કુલ ૪૦ માણસો લગ્નસ્થળે મળ્યાં. લગ્નગીતો ગવાયા, બ્રાહ્મણદેવએ લગ્નવિધિ કરાવી,મંગળફેરા અને આશીર્વાદ,પછી ભાવતું ભોજન લઈ...દીકરીને વળાવી આપી..સવારથી બપોરે ૨:૩૦ કલાકે સૌ પરિવાર પોતાના ઘરે પરત પહોંચીને આરામ કર્યો.

(૬)ફળશ્રૃતિ શું?

કશી જ દોડ કરવામાં આવી નહીં તેથી જરાયે માનસિક તણાવ થયો નહીં. સમયની ખેંચ પડી નહીં. હવાનું - અવાજનું પ્રદૂષણ થયું નહીં. પાણીનો, ભોજનનો બગાડ થયો નહીં. પ્રકૃતિ,પર્યાવરણને સૌથી ઓછું નુકશાન થયું. બંને પરિવારે સુખ,શાંતિ,સંતોષ-જીવન વિશેની સમજણ પ્રમાણે આચરણ કર્યું. બંને પરિવાર હળવા, હસમુખા રહ્યા. સમજણનો સેતુ સર્જાયો.ખુશી-મોજની અનુભૂતિ મળી.

મો. ૯૯૭૯૧૮૭૫૮૭

## ૧૨ સમય પાક્યો છે... ખેડૂતોએ ખૂબ વિચારી ખેતી કરવાનો

**હીરજી ભીંગરાડિયા**

માત્ર હું એક જ નહીં, પણ છાતી માથે હાથ રાખીને જવાબ આપવાનું કહેવામાં આવે તો જાત મહેનત કરી, ખેતીને આરાધ્યદેવ માની ગુજરાન ચલાવવાની મહેનત લઈ રહેલા બધા જ ખેડૂતો ચોક્કસપણે એવો જવાબ આપવાના કે 'ખેતી' હવે કરવા જેવો ધંધો રહ્યો નથી.આ ધંધામાં હવે બાર સાંધીએ ત્યાં તેર તૂટે છે. કુટુંબનું ભરણ-પોષણ પણ ઠીક રીતે થઈ શકતું નથી. આનો અર્થ શું આપણે એવો કરશું કે સૌરાષ્ટ્રના ખેડૂતો મહેનત કરવામાં થાકી ગયા છે ? ના, એવું બિલકૂલ નથી. એના શરીરની ખડતલતાને હિસાબે રાત-દિવસ કે ટાઢ-તડકો જોયા વિના કાળજાતૂટ મહેનત કરવામાં પાછા પડતા નથી. તો પછી શું ખેતી અંગેનું એનું જ્ઞાન બૂઠું થઈ ગયું ? કે બીજા બધા ક્ષેત્રોની જેમ ખેતીનું વિજ્ઞાન શું એની ભેર નથી કરી રહ્યું ? એની ખેતી કેમ ખાડે જવા લાગી છે ?

ખેતી ખાડે જવાના કારણો કયા છે ? આમ ગણો તો એવું કાંઈ નથી ! સૌરાષ્ટ્રના તળમાંથી પાણી ભલે ઘટ્યા, બાકી સૌરાષ્ટ્રના ખેડૂતોના પાણી હજુ ઉતર્યા નથી. તેની આગવી સૂઝ અને ખેતીની રોજ-બ-રોજની સમસ્યાઓના ઉકેલ માટેની હૈયા ઉકલતે ખેતીના નવા વિજ્ઞાનની અમલવારીથી વચ્ચે એક સમય એવો ઊભો કરી દીધો હતો કે ભલભલા ઉદ્યોગકારો પણ ખેતીનો ધંધો કરવા લલચાયા હતા. જોકે ઉદ્યોગકારોતો આજે પણ આડેધડ મોંઘી કિંમતો આપીને જમીનો ખરીદી રહ્યા છે પણ એમનો હેતુ ખેતી કરવાનો નહીં, પાંચ-પંદર દાડે એ મિલ્કતની કિંમત વધે એટલે વેંચી મારી, પૈસા રળી લેવા માત્રનો હેતુ હોય છે.

હવે તો અદ્યતન બિયારણો, અદ્યતન ઓજારો, સંરક્ષણના ઉપાયો અને છોડ-ઝાડના ખોરાક માટે ખાતર-પાણી-તમામ પ્રશ્નોમાં દિલ દઈને એવી તો મહેનત લેવાણી કે ઉત્પાદનમાં ક્રાંતિ સર્જાણી ! બજારભાવો પણ તે સમયે પ્રમાણમાં ઠીક મળ્યા. એટલે ખેતી કરતા કુટુંબોમાં શરીર ઉપર ઉજળા કપડાં અને પ્રસંગોની ઉજવણીમાં રોનક દેખાવા લાગી. ગાર-માટીના છાપરાંને ઠેકાણે બેંગલોરી નળિયાં અને સિમેંટ કોંક્રેટના સ્લેબ છવાયા.

ગામડાંમાં રહી ખેતી કરે એટલે એને શું મનોરંજનના સાધનો કે ઘર વપરાશની અદ્યતન સગવડો અને અન્ય જરૂરિયાતની ચીજ વસ્તુઓની ઇચ્છા ન થાય? કમાયા તેમાંથી ઘરઘંટી, કૂલર કે ફ્રીજ જેવા સાધનો ઘેર ઘેર જોવા મળવા લાગ્યા. ટ્રેકટર ખેડૂતનું ગાડું બન્યું. મોટરસાયકલ પ્રવાસ માટેનું વાહન નિમાયું. છોકરા ભણતા થયા અને સારે ઠેકાણે વરતા થયા. સોળે કળાએ ગામડાંમાં સુખ, સમૃધ્ધિ અને શાંતિના આગમનના એંધાણ દેખાવાની શરૂઆત થઈ ત્યાં કોણજાણે કેમ કોઈની ભારે નજર પડી ગઈ હોય તેમ એવી રીતના એ પૂરના પાણી ઓસરવા લાગ્યા કે ઘટી ઘટીને આજે સાવ ઢેફે જ ઊભા રહી ગયા છે. 'ખેતી'એ તો જાણે ખેડૂત માથે લોઢાને પાયે બેઠેલી પનોતી હોય તેમ રાક્ષસ બની ખેડૂતોને ભરખી રહી છે.

આમ કેમ બન્યું હશે ? આજે ગામડાંઓમાં ખેડૂતોના ઘરદીઠ બે જણા, બન્ને બુઢ્ઢા, દાદા અને દાદી ઘર અને મિલ્કત એ અવાવરુ નહીં થવા દેવાના ઈરાદે સંકોડાઈને પડ્યા છે. કારણ કે ખેતીમાં તો છેલ્લા કેટલાય વરસોથી માત્ર નાખ્યા કરવાનું રહ્યું છે. લેવાનું કશું જ આવતું નથી. ખર્ચનો પાર નથી અને ઉપજમાં કાંઈ વળતું નથી. ખેતીમાં મજૂરી કરતા મજૂરને પણ ભીગીદારીથી ખેડૂતની જમીન સંભાળી હોય તો તેનેય ભાગમાં કંઈ સુઝે નહીં,એટલે તેને રાત લઈને ભાગી જવાનો વારો આવતો હોય ત્યાં ખેડૂત પોતેય ભાળે શું ?

ખાતર, બિયારણ, દવાઓ, ડીઝલ, ક્રુડ, મજૂરી બધામાં મોંઘવારી ફાટી નીકળી, ખેડૂતે પકવેલ માલના કોઈ ધણી નહીં ! એમાંએ વૈશ્વિક બજારો ખુલ્લા થયા પછી કપાસ,

ડુંગળી, બટેટા કે મોસંબી, ઘઉં, ગમે તે માલ પકાવો નાખી દેવાના જ ભાવ મળે ! ખેડૂત કરે શું ? નવલોહિયા જુવાનિયાઓને મા-બાપ જ કોઈ બીજા ધંધે શહેર ભણી ધકેલી દે છે. ન ધકેલે તો કુટુંબ ખાય પણ શું ? વાતેય સાચી છે. કહેવાય ભલે ખેડૂત "જગતનો તાત !" પણ તાતના છોકરાનો સંબંધ કરવો હોય, અને "ગામડામાં રહી ખેતી સંભાળે છે" તેમ કહો એટલે કોઈ કન્યા દેવા તૈયાર નથી. આ સ્થિતિ છે જગતના તાતની ! ભૂખ્યા, દુખ્યા ને વાંઢા ફરવાની !

તમે માનશો ? કેટલાક ભણેલા ગણેલા અને લાંબુ આયોજન કરી ખેતીને પાયાનો અને આદર્શ ધંધો માની, આમાંથી જ પ્રમાણિક રોટલો રળવા, આને જ આરાધ્યદેવ માની, એક ધૂન લઈ લાગી પડેલા તેવા પ્રયોગશીલ ખેડૂતો પણ આજે મુંજવણમાં મૂકાઈ ગયા છે, અને વિચારતા થઈ ગયા છે કે 'આપણે ક્યાંક ખોટા માર્ગે તો નથી ચડી ગયાને?'

તો મિત્રો ! આવું કેમ બન્યું ? વરસોથી ખેતી કરતા અને બધી બાબતોનો વિચાર અને આયોજનપૂર્વકની ગણતરીવાળી ખેતી કરનારા સૌને એક જ પ્રકારનો એહસાસ થવાનો કે .... વરસાદની અનિયમિતતા, ખેત ઉપયોગી જણસોમાં અસહ્ય ભાવવધારો, રાજ્યની કોઈપણ જાતની વ્યાજબી સેંસરશીપ વિના આડેધડ ફાટી નીકળેલા અનેકવિધ બિયારણો, મોંઘી થઈ ગયેલી મજૂરી, પાવર-ઊર્જા આપવામાં સરકારની આળશ અને સૌથી મોટું કારણ ખેડૂતોમાં સંગઠનની કચાશ. પરિણામ ? પરિણામ-ખેતી એક થઈ ગયેલ ખોખલું ગાડું ! આ બધા ઊડીને આંખે વળગે એવાં કારણો ખેતીની કેડ ભાંગી નાખનારાં બહારવટિયા બની ખેડૂતોની સામે આવી ગયા છે.

આપણે કબૂલ પણ કરવું પડશે કે, આપણે ખેડૂતોએ એટલી વાત જરૂર કબૂલવી પડશે કે "અતિ લોભ પાપનું મૂળ છે" એ સૂત્ર આપણે ભૂલ્યા અને વધુ ઉત્પાદનની લ્હાયમાં દેશી ખાતર વાપરવાનો વિવેક છાંડી જઈ જંતુનાશક દવાઓ થેલીઓ મોઢે ખેતરોમાં ઠાલવી. જોઈએ તેટલી વાપરવાને બદલે ટીપણાં મોઢે રેડી છોડવાને ધમાર્યા. જમીનને પણ નીંદણની ઝેરીલી દવાઓમાં રગદોળી ! ઉત્તેજના આપતા હોર્મોંસ છોડવે છોડવે પ્રસરાવ્યા અને પાતાળની નાડ્યુ ચૂસી ચૂસી મોળાં, ભાંભળા, ખારાં,કડવાં અને ઉના ફળફળતાં-જેવા હાથલાગ્યા એવાં પ્રવાહી,પાણી નહીં ! પૃથ્વીના ઉપલા જીવંત અને ફળદ્રુપ-ઉત્પાદક એવા ઉમદા પડ ઉપર ધબેડ્યે રાખ્યા. જેથી 'જમીન' જમીન મટી એક નિર્જીવ ચોતરો બની ગઈ. હવે ગમે તેટલા ખાતરો ઉમેરીએ તો પણ છોડવાઓ એનો જવાબ આપતાં બંધ થઈ ગયા છે. ગમે તેટલા જંતુનાશકો છાંટીએ તો પણ નુકશાનકારક જીવાતો હટતી નથી. પાણી, ખાતર કે જંતુનાશક રસાયણો-કશાનો લગીરેય સાનુકૂળ પ્રતિભાવ મળતો નથી.

લગાતાર વવાતા એકનાએક પાકના હિસાબે એને ભાવતા તત્ત્વો તે જમીનમાંથી ખુટવાડી દે. અને એ પાક જેને ખૂબ ભાવે છે તેવા બધા જંતુઓ અને રોગો તેના મામા-માસીના બધા સગા-સહોદરને તેડાવી, અહીં ધામા નાખી દે ! આમાંથી જ પાકસંરક્ષણની અને પોષણતૂટની આ મોંકાણો સર્જાણી હોય એ વાત શું ખરી નથી ?

તમે જૂઓ ! ખેતીના ઉત્પાદન અને એના ખર્ચનો મેળ ઊંધો ઉતરવા લાગ્યો છે. આવક કરતા ખર્ચ વધવા લાગ્યો છે. પરિણામે ખેડૂત માથે દેવું વધતું જાય છે. વ્યાજની ઝડપને ઘોડાએ આંબતાં નથી ! ભીખ માગવાનો તો ખેડૂતનો સ્વભાવ નથી. એટલે બાવા થઈ માગી ખાવાનો કોઈને વિચાર સુધ્ધાં આવતો નથી. પણ આ બધાનો અંત આ સિવાય નહીં આવે તેવું ગણિત કરી 'આપઘાત'કરવાના આરંભ થઈ ચૂક્યા છે. ઉકેલો ઝડપથી શોધવા પડશે.

હવે કરવાનું શું ? 'જમીન પરની ખેતી' અને 'દરિયા પરની ખેતી' એ બે જ પાયાના ઉદ્યોગ ગણાય. આવા કરોડરજ્જુ સમાન ઉદ્યોગમાં નહીં નહીં તોય ગુજરાત રાજ્યમાં ૬૫ થી ૬૮ ટકા લોકો ખેતી અને એને સંલગ્ન ધંધાઓમાંથી આજીવિકા મેળવે છે. આ ધંધાને જે કારમી થપાટ લાગી રહી છે, તેમાંથી તેને ઉગારી નહીં લઈએ તો તે ઘરડા બળદની જેમ પૂંછડે પડી જશે. પછી બહુ બધા મળી ડીંગડાં લઈ ઊભો કરવા બળ કરશું તોયે તે ઊભો થઈ ડગ માંડશે કે નહીં, તે કહી શકાય તેવું નથી.

(૧) સૌથી પહેલી વાત-ખેતીમાં ખર્ચ ઘટાડવો પડશે. જ્યાં કરકસર થઈ શકે તેમ હોય ત્યાં ભૂલ્યાવિના કરીએ. જ્યાં ખર્ચમાં કાપ મૂકી શકાય તેમ હોય ત્યાં મૂકીએ. ખર્ચ કરવામાં થોડા કઠ્ઠણ બની જઈએ. ઉત્પાદન થોડું ઓછું આવે તો કુરબાન, પણ ખર્ચ તો ઘટાડવો જ પડશે !

(૨) પાકની એવી જાતો પસંદ કરીએ કે જે પ્રમાણમાં ખોરાક અને પાણી બન્ને ઓછાં માગે. તેની કોઈ લક્ઝરિયસ જરૂરિયાતો ન હોય. જે કાંઇ સહેજે ઉપલબ્ધ હોય તેનાથી ચલાવી લે તેવા જ પાકો પસંદ કરીએ.

(૩) રાસાયણિક ખાતરોનો ઉપયોગ બંધ, એ ન કરી શકીએ તો ખૂબ જ વિવેકસભર ઉપયોગ કરીએ. અરે ! ખૂબ જ ઓછી માત્રામાં, એક અનિવાર્ય અનિષ્ટ તરીકે સમજીને જ ચાલીએ.

(૪) પાકના સંરક્ષણ અર્થે વપરાતી રાસાયણિક દવાઓ સદંતર બંધ કરી જૈવિક દવાઓ ભણી વળવું પડશે. કુદરત દ્વારા આપમેળે થઈ રહેલી જીવાત-સમતુલા પદ્ધતિમાં શ્રદ્ધા રાખી ધીરજ ધરવી પડશે.

(૫) ભલે થોડું ઓછું ઉત્પાદન આવે પણ પોતાના શરીરને રોગ સામે ટક્કર લઈ અડીખમ રાખી શકે તેવી, પર્યાવરણને સાનુકૂળ થઈ જીવી જાણનારી જાતોનાં બિયારણ શોધવાં પડશે. એનો વ્યાપ વધારવો પડશે.

(૬) હવામાં ભમતા નાઈટ્રોજનને પકડી મૂળિયાંમાં ભેળો કરનાર અને જમીનમાં જકડાઈને પડી રહેલ ફોસ્ફરસને છોડ ખાઈ શકે તેવા સ્વરૂપમાં ફેરવનાર કુદરતના કીમિયાગર જૈવિક કલ્ચર બેક્ટેરિયાના મામૂલી કિંમતે મળતાં નાનાં એવાં પડીકાં અને પ્રવાહી બોટલોનો વપરાશ- થેલીબંધ તત્ત્વોનો ઉમેરો કરવાની તાકાત ધરાવે છે. આપણે તેનો સાથ લેવાનો શરૂ કરીએ.

(૭) જમીનને જીવતી રાખવા, તેની ફળદ્રુપતા અને ઉત્પાદકતા કાયમી રીતે ટકાવી રાખવા જેમ બને તેમ સેંદ્રીય ખાતરો વધુ વાપરતા થઈએ. સાંઠી, તલહરા, કુંવળ,પરાળ, પાંદડાં, ઓગાહ, કુણાં કાંટા સહિતનો ખેત-કચરો 'ક્યારેય સળગાવશું નહીં' એવા શપથ લેવા પડશે. તેને કરડી,મરડી, ભાંગી-ભુક્કો કરી, માલઢોરના છાણ-પેશાબ તથા માટીમાં રગદોળી-સેડવી દઈ, વધુ દેશી ખાતર જાતે બનાવવાની મહેનત લેવી પડશે. અને સેન્દ્રીય કચરામાંથી ''પોષક જળ– આહાર'' બનાવી આપનાર- ''અમૃતપ્લાન્ટ'' તૈયાર કરી પાકને કુદરતી પોષણ પૂરું પાડવાનું ગોઠવવું પડશે.

(૮) મોસમી પાકોની સાથે કેટલાક પર્યાવરણીય વૃક્ષ પાકોને ભેરુ બનાવી ઉત્પાદનમાં અને વરસાદી માહોલ તૈયાર કરવા માટે મદદે લેવા પડશે.

(૯) વરસાદી પાણીને વહી જતું રોકી જમીનમાં ઉતારશું, પણ પાછા ઊંડા દાર વાટે નીચેના ખરાબ તળમાં વહી ન જાય, કે નીચેના ખરાબ તળનું પાણી ઉપર આવી મીઠા તળમાં ભેગા કરેલા પાણીને બગાડી ન જાય માટે માપથી વધુ ઊંડા દાર-બોર છે તેને બૂરીને સીલ કરી દેવાનું વિચારવું પડશે.

(૧૦) જેના થકી ખેતી વ્યવસાય ઉજળો છે એવું પશુપાલન અને એમાંય તે 'ગાય-પાલન' કે જે ખેતીપાકોની મુખ્યપેદાશની સાથોસાથ ફરજિયાત રીતે પ્રાપ્ત થતાં ગૌણપેદાશ રૂપી પાંદડી, ડાંખળી, પરાળ, કુંવળ, કડબ, ઘાસ-પૂસ અને પાલા જેવી ચીજોને ખોરાક બનાવી દૂધ, ગોબર, ગૌમુત્ર અને ધીંગાધોરી બળદની ભેટ ધરનાર 'ગાય' નો સાથ કદી ન છોડીએ.

ખેતી ખાડે નાખવામાં કેટલાક કુદરતી અને માનવસર્જિત-બન્ને પ્રકારના પરિબળો કારણભૂત બન્યાં છે. એની ચર્ચા ગમે તેટલી કરીએ, નિવેડો તો જ આવે કે ખેતી-પરિસ્થિતિમાં જે સમય બદલાયો છે તેને ઓળખી લઈએ, જે વળાંક આવ્યો છે તેને બરાબર પારખી લઈએ. કહોને સમયની રૂખને જાણી લઈએ અને તેમાંથી સીધો અને સરળ જે રસ્તો દેખાય એને નજર સમક્ષ રાખી આપણા ખેત-આયોજનો અને કાર્યક્રમોમાં ફેરફારો શરૂ કરીએ. જો થોડાકેય મોડા પડ્યા તો મહા મોંઘવારી અને વિશ્વવ્યાપારના આ ઘોડાપૂરમાં ક્યારે ઓવાળે ચડી જઈશું તેની ખબર ખુદ આપણનેય રહેશે નહીં !

મો. ૯૩૨૭૫ ૭૨૨૯૭

## ૧૩ મન વિશે મનની વાત

**ડો. બી. એમ. શેલડિયા**

---

કબીરે કહ્યું છે, જ્યાં સુધી હું હતો, શોધી-શોધીને, પરેશાન થઈ થઈ ને મરી ગયો, પણ તેને ન મેળવી શક્યો. અને જ્યારે હું વિલીન થઈ ગયો, તો મે જોયું કે તે સામે ઊભા છે ! તે દૂર નહોતા. હું હતો, એટલા માટે દૂર હતા. મારું હોવું જ એક માત્ર અવરોધ છે.

અર્જુન પણ તે અંતિમ, આખરી,,,. જ્ઞાનીઓએ કહ્યું છે, અહંકાર અંતિમ બાધા છે. બધું જ છૂટી જાય છે. ધન છોડવું સરળ છે. પરિવાર છોડવો સરળ છે. શરીર છોડવું સરળ છે. અહંકાર છોડવો સૌથી કઠિન છે કે હું છું. અને જ્યાં સુધી હું છે, ત્યાં સુધી હું કેન્દ્ર હોય છે. અને જો પરમાત્મા પણ સામે ઊભા હોય, તો તે પણ નંબર બે છે, નંબર એક તો હું જ છું! અને જ્યાં પરમાત્માને નંબર એક પર રાખવાની તૈયારી ન હોય, ત્યાં સુધી બાધા રહેશે. જે ક્ષણે હું કહી શકું છું કે હવે તું જ છે, હવે હું નથી.

ગુરજિએફ માણસની સાધનાના ચાર ચરણો કહ્યા છેઃ 'આપણને એ પણ ખબર નથી કે આપણે એક માણસ નથી. આપણી અંદર કેટલાય ઈગો છે એટલા માટે સવારે કંઈક, બપોરે કંઈક, સાંજે કંઈક થઈ જઈએ છીએ. સવારે કોઈ એક વાતનું વચન આપીએ છીએ, બપોરે ભૂલી જઈએ છીએ. સાંજે એક વાત નક્કી કરીએ છીએ, સવારે વિસ્મૃત થઈ જાય છે.

ગુરજિએફ કહે છે, જે 'હુંએ' નક્કી કરેલ હતું કે ક્રોધ નહીં કરું, તે હું બીજો છે. અને જે 'હુંએ' ક્રોધ કર્યો, તે હું બીજો છે. આપણી અંદર ભીડ છે, આપણી અંદર એક હું નથી. તેથી આપણી વાતનો કોઈ ભરોસો નથી.

ગુરજિએફની પાસે કોઈ આવે છે અને કહે છે કે, 'હું સાધના કરવા આવ્યો છું.' તો ગુરજિએફ કહેતાં, 'તમારી વાતનો ભરોસો કરી શકું છું? તમે અત્યારે સાધના કરવા આવ્યા છો, સવારે, કાલ સવારે પણ સાધના કરવા તૈયાર રહેશો? તમને પાકી ખાતરી છે કે તમે ક્રોધ નહીં કરવાનો નિર્ણય કર્યો હતો, તો પછી ક્રોધ કર્યો જ નથી?' ત્યારે તે માણસ ડગમગી જશે. તે કહેશે, નિર્ણય તો ઘણી વખત કર્યો છે કે ક્રોધ નહીં કરું, પરંતુ તે મુજબ થઈ શક્તું નથી.

એક ઘરડા માણસે ઓશોને કલકતામાં કહ્યું હતું - મોટા પ્રતિષ્ઠિત માણસ હતા -'હું જીવનમાં બ્રહ્મચર્યનું વ્રત ચાર વખત લઈ ચૂક્યો છું !'

બ્રહ્મચર્યનું વ્રત તો જીવનમાં એક જ વાર લઈ શકાય છે. ચાર વખત બ્રહ્મચર્ય વ્રતનો મતલબ શું? ઓશોની સાથે એક સજ્જન હતા, તેઓ આ વાત સાંભળીને બહુ જ પ્રભાવિત થયા. તેમના ખ્યાલમાં જ ન આવ્યું; તેમની બુદ્ધિમાં વાત જ ન પ્રવેશી કે ચાર વખત બ્રહ્મચર્ય વ્રતનો મતલબ શું થાય છે?

ઓશોએ તે વૃદ્ધ સજ્જનને પૂછ્યું કે પાંચમી વાર વ્રત આપે શા માટે ન લીધું? તેમણે કહ્યું, હું ચાર વાર હારી ગયો અને પછી મે વ્રત લેવાનું જ છોડી દીધું ! આપણે વ્રત લઈએ છીએ પણ આપણું વ્રત ટકી શકતું નથી.

ગુરજિએફ કહે છે, આપણી અંદર કેટલાય હું છે. આપણી અંદર એક હું નથી. મહાવીરે યોગ્ય શબ્દનો ઉપયોગ કર્યો છે, બહુચિત્તવાન. આ જ વાત ગીતાએ પણ કરી છે. એક જ માણસની અંદર ઘણાં ચિત્ત છે. અને મહાવીરના આ બહુચિત્તવાનની સ્વીકૃતિ અત્યારે પશ્ચિમમાં મનોવિજ્ઞાને આપવી શરૂ કરી છે. મનોવિજ્ઞાન પણ કહે છે, મલ્ટીસાઈકિક, અનેક મન છે. માણસની પાસે એક મન નથી.

ગુરજિએફે બીજી અવસ્થા કહી છે, એક હું. આ સમગ્ર ભીડને નષ્ટ કરીને જે વ્યક્તિ પોતાની અંદર એક સ્વર પેદા કરી લે છે; જેનાં વચનનો અર્થ છે; જે કંઈક કહેશે, તે પૂરું કરશે; જે પોતાની વાત પર અડગ રહેશે. તે પોતાનું વ્રત પૂરું કરશે. તેની અંદર એક હું છે. સવાર હોય કે સાંજ, તફાવત નહીં પડે. તેણે પ્રેમ કર્યો હશે, તો પ્રેમ જ કરશે,

પછી ઘૃણા નહીં કરી શકે.

આપણા પ્રેમનો કોઈ ભરોસો નથી. અત્યારે પ્રેમ છે, ક્ષણવારમાં ઘૃણા થઈ જશે. પાછી ઘૃણા પ્રેમ થઈ જાય. અત્યારે ક્રોધ છે, પછી શાંતિ થઈ જાય. પાછો ક્રોધ થઈ જાય. આપણી વાતનો કોઈ ભરોસો નથી.

ગુરજિએફ કહે છે, બીજી સ્થિતિ છે, એક હુંની, યુનિટરી આઈ. એક જ સ્વર રહે. સાધના આપણી ભીડને કાપે છે અને એકનું નિર્માણ કરે છે. પરંતુ તે બીજી અવસ્થા છે. ગુરજિએફ ત્રીજી અવસ્થા કહે છે, ન-હુંની, નો-આઈ. જ્યારે હું ન રહે. અનુભવ થવા લાગે કે હું નથી. આ ત્રીજી અવસ્થા છે.

બીજી અવસ્થાવાળા માણસને જ ત્રીજી અવસ્થા મળી શકે છે. જેની પાસે પાક્કું છે કે હું છું, તે હિમ્મત કરી શકે છે હુંને જોવાની. જે આપણી પાસે નથી, તેને ખોઈ શકાય કેવી રીતે? જે આપણી પાસે છે, તેને આપણે છોડી શકીએ છીએ. જે આપણી પાસે છે જ નહીં, તેને આપણે છોડીશું કેવી રીતે? આપણી પાસે અત્યારે હું પણ નથી, પૂરો અહંકાર પણ નથી, મજબૂત, એક, જેનો આપણે ત્યાગ કરી દઈએ. અને ત્યાગ કોણ કરશે? એક ત્યાગ કરશે, બીજો પકડતો રહેશે, પછી આપણે શું કરીશું! આપણે એક ભીડ છીએ.

ગુરજિએફ કહે છે, જેને બીજી અવસ્થા પ્રાપ્ત થઈ જાય, એક હુંની, તે પછી ત્રીજી અવસ્થામાં પણ છલાંગ લગાવી શકે છે. તે કહે છે, છોડું છું આને! ત્યારે તે 'ન-હું', 'નો-આઈ' ભાવને ઉપલબ્ધ થાય છે. ગુરજિએફ કહે છે, આ ત્રીજી અવસ્થાની પહેલી પાર ચોથી અવસ્થા છે, જ્યારે હું, હું નથી. હું નથી તેની પણ ખબર પડતી નથી. કારણ કે તેની ખબર પડવી, થોડા હુંની ખબર પડે છે. હું નથી, તો પણ લાગે છે કે હું છું. કોણ કહી રહ્યું છે કે હું નથી? જેને ખબર પડી રહી છે કે હું નથી? આ કોણ છે, જે બોલે છે કે હું નથી? આ છે. તેથી ગુરજિએફ કહે છે, ચોથી અવસ્થા તેનું પણ વિસર્જન છે.

પહેલા એક ભીડ છે, હુંની, એક ક્રાઉડ; પછી એક હુંનો જન્મ; પછી એક હુંનો ત્યાગ, ન-હુંનો જન્મ છે, પછી ન-હુંનું પણ વિસર્જન છે. આ શૂન્ય અવસ્થામાં જે માણસ ઊભો હશે, તે માણસ પરમાત્માનો પૂરો સ્વીકાર કરે છે. આની પહેલા પરમાત્માનો પૂરો સ્વીકાર કરી શકાતો નથી.

મોબાઈલઃ ૯૪૨૮૧૯૧૩૧૧

---

નઈ તાલીમની કેળવણી જીવન સાથે નાડી-સંબંધ ધરાવનારી હોય, છાત્રાલયયુક્ત હોય, ગ્રામસમાજ તરફ અભિમુખ હોય, તેમાં ઉત્પાદક પરિશ્રમ, જ્ઞાન-વિજ્ઞાન અને કાવ્ય-સાહિત્યનો સમન્વય થયો હોય, તેમાં સહશિક્ષણ હોય, દંડને તેમાં સ્થાન ન હોય, તેમાં વિદ્યાર્થી અધ્યાપક વચ્ચે માત્ર સંપર્ક જ નહિ કુટુંબભાવ હોય છે.

નઈ તાલીમ વિદ્યાર્થીની રુચિ તથા વયની જરૂરિયાતોને લક્ષમાં રાખીને ચાલતી હોય, અભ્યાસની પ્રેરણા અંદરથી આવતી હોય, તે કોઈને આશરે ન હોય, તેમાં સૌથી નીચેની કક્ષાની કેળવણીમાં સૌથી ઉત્તમ માણસો ને ઉત્તમ સાધનો રોકાયાં હોય. નઈ તાલીમમાં સામાજિક કે અન્ય ઉચ્ચનીચ ભેદભાવને પ્રવેશ જ ન હોય.

નઈ તાલીમના હાર્દની વાત કરીએ તો પહેલું હાર્દ તો શ્રમની પ્રતિષ્ઠા અને બીજું કોઈ કામ હલકું નથી એવી ભાવના. જે કામ જાતે ન કરી શકીએ તે બીજા પાસે ન કરાવી શકાય. જો માનવમાત્ર ગમે તે દેશનો, ગમે તે રંગનો, ગમે તે સંપ્રદાયનો, ગમે તે કોમનો, ગમે તે જાતનો,ગમે તે માન્યતાવાળો આદરને પાત્ર હોય અને પ્રભુના મહાસર્જન તરીકે કોઈ માનવીનો વિનાશ કરવાનો આપણને અધિકાર ન હોય. આખોય માનવસમાજ એક મોટું કુટુંબ છે અને આપણે સૌ એકબીજાના ભાંડુઓ છીએ અને એકબીજાનાં સુખદુઃખનાં ભાગીદાર છીએ એ ભાવના સિદ્ધ કરવી હોય. માનવીમાત્રને પોતપોતાની રીતે પોતાનો સંપૂર્ણ વિકાસ સાધવાની છૂટ હોવી જોઈએ એ માન્યતા બરાબર હોય. માનવીમાત્રને યુક્ત આહાર, ટાઢતડકાથી રક્ષણ માટે વસ્ત્ર, રહેવા માટે આશરો, સ્વાસ્થ્યને જીવનની કેળવણી આટલાં તો મળે જ મળે એવી સમાજરચના કરવી મહત્ત્વની છે.

- નાનાભાઈ ભટ્ટ

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- લોકભારતી યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહના મુખ્ય અતિથિ પદ્મશ્રી ડૉ. પ્રકાશ આમ્ટેજી સાથેનો સમગ્ર લોકભારતી પરિવાર સાથેનો સંવાદ કાર્યક્રમ તા.૦૧ના રોજ યોજાયો, જેનું સંકલન શ્રી સંજયભાઈ ભાવે અને શ્રી વિશાલભાઈ ભાદાણીએ કર્યું.
- ગાંધીજયંતી નિમિત્તે તા.બીજી ઑક્ટોબરના રોજ વહેલી સવારે પ્રાતઃ પ્રાર્થના અને એકાદશ વ્રત પૈકીના એક વ્રતનું વાચન યોજાયાં.
- તા.૦૨ના રોજ સવારે ૦૯-૦૦ કલાકે લોકભારતી યુનિવર્સિટીની શૈક્ષણિક ઇમારતો પૈકીની પહેલી ઇમારત 'અ' પાંખનું લોકાર્પણ દક્ષિણામૂર્તિદેવની છબિ સામે દીપપ્રાગટ્ય કરીને પૂ. મોરારિબાપુના હસ્તે દાતાશ્રીઓ શ્રી કિરણભાઈ પટેલ અને શ્રી જતિનભાઈ પટેલ તથા અન્ય શુભેચ્છકોની ઉપસ્થિતિમાં યોજાયું.
- લોકભારતી યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ બીજી ઑક્ટોબરના રોજ આયોજિત થયો. મુખ્ય અતિથિ તરીકે કર્મશીલ અને પર્યાવરણપ્રેમી પદ્મશ્રી ડૉ. પ્રકાશ આમ્ટેજી તથા આશીર્વચન આપવા જેમની હૂંફ લોકભારતીને સતત મળતી રહી છે તેવા પૂ. મોરારિબાપુ ઉપસ્થિત રહ્યા. બંન્ને મહાનુભાવોનાં પ્રેરણારૂપ ઉદ્‌બોધનો થયાં. કુલ ૧૦૪ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી અને તે પૈકી ચાર વિદ્યાર્થીઓને તેમની અભ્યાસ દરમિયાનની વિશિષ્ટ કામગીરી અને નરવી જીવનશૈલી બદલ સન્માનપત્ર આપવામાં આવ્યાં(સામાન્ય રીતે આવા ઍવૉર્ડ ગુણ આધારિત હોય છે, જ્યારે લોકભારતી યુનિવર્સિટીએ ચીલો ચાતરીને માત્ર ગુણ આધારિત સન્માન નહીં, પણ વિદ્યાર્થીની સમગ્ર જીવનશૈલી-વાણી-વર્તન-આવડત-નિષ્ઠા આધારિત સન્માનપત્ર-ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યાં). કુલાધિપતિ શ્રી અરુણભાઈ દવેએ અધ્યક્ષીય ઉદ્‌બોધન અને કુલપતિ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપકુલપતિ શ્રી વિશાલભાઈ ભાદાણીએ સંભાળ્યું. આ કાર્યક્રમમાં લો.ભા.યુનિ.ના બોર્ડ ઑફ મૅનેજમેન્ટ અને ગવર્નિંગ બોડીના માનનીય સભ્યશ્રીઓ, લોકભારતીના અનેક દાતાશ્રીઓ અને શુભેચ્છકો તથા વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા.
- દર વર્ષે 'ફૂલછાબ' દૈનિક તરફથી અપાતો સમાજસેવાનો પ્રતિષ્ઠિત 'ફૂલછાબ ઍવૉર્ડ' આ વર્ષે ગાંધીજયંતીના દિને રાજકોટ મુકામે પૂ. મોરારિબાપુના હસ્તે લોકભારતીના મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી અરુણભાઈ દવેને એનાયત થયો. લોકભારતીના પ્રતિનિધિઓ તરીકે કેટલાક કાર્યકરોએ આ કાર્યક્રમમાં પરિવારજનો સાથે હાજરી આપી.
- તા.૦૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ 'જગતના ધર્મો' વિષય અભ્યાસ અંતર્ગત સોનગઢ-બાહુબલી અને કાનજીસ્વામી મંદિરની પ્રત્યક્ષ મુલાકાતે જઈ આવ્યાં. શ્રી ધીરુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ

સમગ્ર આયોજન ગોઠવાયું હતું. સાથે શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી દિનુભાઈ ચુડાસમા જઈ આવ્યાં.

- શ્રી જગદીશભાઈ કંટારિયા અને શ્રી શીલાબહેન બોરીચા દ્વારા તા.૦૩ના રોજ ખડસલીયા, તા.૦૮ના રોજ બોરડી અને તા. ૧૦ના રોજ ટાણા મુકામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખરીફ ઋતુ દરમિયાન વિવિધ પાકોના આપેલ નિદર્શનોના ક્ષેત્ર દિવસ યોજવામાં આવ્યાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને આત્મા પ્રોજેકટ ભાવનગરના સંયુકત ઉપક્રમે ભાવનગર જિલ્લાના વિવિધ ગામોમાં પ્રાકૃતિક કૃષિ કરવા ઈચ્છુક ૧૧૧૫ ખેડૂતોની કુલ ૧૪ તાલીમ મહિના દરમિયાન વિવિધ સ્થળોએ યોજવામાં આવી. જેમાં શ્રી સરોજબહેન ચૌધરી, શ્રી શીલાબહેન બોરીચા, શ્રી પ્રદીપભાઈ ક્યાડા, શ્રી જગદીશભાઈ કંટારિયા અને શ્રી પરેશભાઈ રાઠોડએ ભાગ લીધો.
- તા.૦૪થી૦૬ દરમિયાન લોકસેવા મહાવિદ્યાલય તૃતીય વર્ષના વિદ્યાર્થીઓની 'જીવનવિદ્યા શિબિર' પ્રબોધક શ્રી જિજ્ઞેશભાઈ ધરજીયાના નેતૃત્વમાં યોજવામાં આવી. સમાપન કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિએ છાત્રાલય એ જીવન જીવવા ઔષધરૂપ બની રહે તેવી પ્રેરણા પૂરી પાડી હતી. શિબિરનું સમગ્ર સંકલન - શ્રી દિનુભાઈ ચુડાસમાએ કર્યું હતું.
- પોતાનાં બાળકોને વિશિષ્ટ રીતે કેળવણી આપતા વાલીઓના એક સંગઠન 'શાર્દુલ' દ્વારા આગામી ડિસેમ્બરમાં લોકભારતી મુકામે એક શિબિરનું આયોજન વિચારાઈ રહ્યું છે, તેના ભાગરૂપે તા.૦૪ના રોજ તેના કેટલાક પ્રતિનિધિઓનું એક જૂથ પ્રાથમિક સર્વે અને મુલાકાત માટે આવી ગયું.
- તા.૦૬ના રોજ તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ રંઘોળા મુકામે કપાસિયાનો ખોળ બનાવતું એકમ, રંઘોળા ડેમ, હડમતિયા મુનિ આશ્રમ અને ભૂતિયામાં લઘુઉદ્યોગ દ્વારા દોરી બનાવતા એકમની પ્રત્યક્ષ મુલાકાતે જઈ આવ્યા જેમાં શ્રી દિનુભાઈ ચુડાસમા અને શ્રી ધીરુભાઈ રાઠોડે માર્ગદર્શન આપ્યું હતું.
- તા.૦૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલય- બુધ સંમેલનમાં શ્રી હસમુખભાઈ સુથારે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી- વિચાર-વિમર્શ કર્યો હતો.
- તા. ૦૮ના રોજ શ્રી નિગમભાઈ શુકલ અને શ્રી પ્રદીપભાઈ ક્યાડા 'ઝર્ક' મિટિંગમાં ભાગ લેવા માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ જઈ આવ્યાં.
- તા. ૯ના લોકભારતી અધ્યાપનમંદિરના શ્રી અમિતભાઈ સાસાણીએ ભાવનગર જિલ્લામાં ગુજરાતના શિક્ષણ વિભાગ આયોજિત માધ્યમિક શાળાઓના નવનિયુક્ત શિક્ષકોને વિષય સજ્જતા તાલીમ માટે પાટણ અને ભાવનગર ડાયેટ મુકામે કામગીરીમાં જોડાયા.
- તા.૧૦થી લોકસેવા મહાવિદ્યાલયમાં દરેક સેમેસ્ટરની આંતરિક કસોટી યોજવામાં આવી.
- શ્રી દિનુભાઈ ચુડાસમાએ તૈયાર કરેલ, સાધુજન સુભાષ ભટ્ટનું દર્શન- 'એક શબદમેં સબ કહા'- પુસ્તકનું બ્રહ્માર્પણ તા.૧૦-૮-૨૫ના રોજ, ૯૬૫મી રામકથા-ગોપનાથમાં વ્યાસપીઠ ઉપરથી કરવામાં આવ્યું હતું. પૂ.મોરારિબાપુએ ખૂબ આશીર્વાદ આપી,આનંદ પ્રગટ કર્યો.
- તા. ૧૧ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કૃષિના વિવિધ પ્રકલ્પોના ઉદ્‌ઘાટનના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આયોજિત કરવામાં આવ્યું જેમાં કુલ ૨૯૧ ખેડૂતોએ ભાગ લીધો.
- લોકભારતીના શુભેચ્છક દાતાશ્રી જ્યોતિબહેન મહેતા તા.૧૨ના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.
- લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક

મંડળની એક બેઠક તા.૧૩ના રોજ સાંજના ૦૫-૦૦ કલાકે સંવાદખંડમાં યોજાઈ ગઈ.

- લોકભારતી કાર્યકર વીમા યોજનાની એક ખાસ સાધારણ સભા તા.૧૪ના રોજ સાંજે ૦૫-૦૦ કલાકે સ્મૃતિભવનમાં યોજાઈ ગઈ. તેમાં ચર્ચા-વિચારણાને અંતે આ યોજના હવે આર્થિક ભારણ અને હાલના સંજોગોમાં એની અપ્રસ્તુતતા જોતાં બંધ કરવાનો સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.
- તા. ૧૪ના રોજ ખેતીવાડી વિભાગ, ભાવનગર આયોજિત અને લોકભારતી ખાતે યોજાયેલ રવિ કૃષિ મહોત્સવ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞોએ વ્યાખ્યાન આપ્યા તેમજ કૃષિ પ્રદર્શનનું આયોજન કર્યું.
- તા. ૧૫ ના લોકભારતી અધ્યાપનમંદિરમાં બંને વર્ષના તાલીમાર્થીઓના વાલી સાથે શૈક્ષણિક સંગોષ્ઠિ યોજાઈ. બહોળી સંખ્યામાં વાલીઓ કાર્યક્રમમા સામેલ થયા. શ્રી જગદીશગિરિ ગોસાઈએ પ્રાસ્તાવિક ભૂમિકા બાંધી હતી. શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી જયવંતસિંહ ગોહિલે પ્રાસંગિક વાત કરી હતી. તેમજ ગૃહપતિ, ગૃહમાતા, વિદ્યાર્થી અને વાલીઓના પણ પ્રતિભાવ રજૂ થયા હતા.
- સંવત ૨૦૮૨ના નૂતન વર્ષના પ્રભાતે લોકભારતી પરિવારનું સ્નેહ મિલન તા.૨૩ના રોજ યોજાઈ ગયું. તેમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી અરુણભાઈ દવેએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી.
- પંચાયતીરાજ તાલીમ કે.માં તલાટી કમ મંત્રી પાયાનો વર્ગ ૮૩ને તાલીમાર્થીઓને આ મહીને નીચે પ્રમાણે તાલીમ મળી હતીઃ સણોસરા ગ્રામ પંચાયતની મુલાકાત યોજી અને પ્રત્યક્ષ તાલીમ યોજી રેકર્ડ વર્ગીકરણ વિષે સમજ્યા, જુદા જુદા નમુનાઓ વિષે જાણકારી મેળવી. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ તાલીમાર્થીઓ સમક્ષ કૈલાસ માનસરોવર યાત્રાનું પી.પી.ટી.રજૂઆત કરી અને પ્રશ્નોતરી યોજી. શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી તાલીમાર્થીઓ સમક્ષ વિજ્ઞાનના વિવિધ પ્રોજેક્ટ્સ ગ્રામકક્ષાએ વિશેષ ઉપયોગિતા અને સ્વમૂલ્યાંકન,આત્મકેળવણી કરવી, વ્યક્તિગત રીતે પર્યાવરણ બચાવની સમજ કેળવવી વિશે વ્યાખ્યાન આપી ગયાં. શ્રી રામચંદ્રભાઈ પંચોલી તાલીમાર્થીઓ સમક્ષ 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' પુસ્તક ઉપર વ્યાખ્યાન આપી ગયાં. શ્રી વત્સલભાઈ દવે 'ગુજરાત સ્થાનિક ફંડ ઑડિટ અધિનિયમ ૧૯૬૩,૧૯૭૪ અને ગુજરાત સ્થાનિક ફંડ નિયમો વિષય પર' નાયબ સમાજ કલ્યાણ અધિકારીશ્રી રાજેશભાઈ લાધવા તાલીમાર્થીઓ સમક્ષ સમાજકલ્યાણ તેમજ કેન્દ્ર અને રાજયની વિવિધ સરકારી યોજનાઓ ઉપર કરી હતી.
- ઘણા સમયથી આયોજન, તૈયારીઓ અને મથામણ ચાલતી હતી તેવું સમગ્ર લોકભારતીના પૂર્વ અને વર્તમાન કાર્યકરો અને તેનાં સંતાનોનું એક પરિવાર સાથેનું સ્નેહમિલન તા.૨૪ અને ૨૫, એમ બે દિવસ માટે લોકભારતી મુકામે બહુ ઉત્સાહ અને ભાવપૂર્વક યોજાઈ ગયું. આ સ્નેહમિલનમાં ત્રણ કે ચાર પેઢી કહી શકાય તેમ લગભગ ત્રણસોથી પણ વધારે સંખ્યામાં સૌ આવ્યાં. બે દિવસ દરમિયાન વક્તવ્યો બહુ ઓછાં અને જૂનાં સંસ્મરણો વાગોળવાં, સાથે રહેવું-જમવું-નહાવું-રમવું-ગરબી લેવી-જુદી જુદી અભિવ્યક્તિઓ રજૂ કરવી વગેરે જેવાં કાર્યક્રમો યોજાયા. સૌએ મશગુલ બનીને આ પળો માણી. સમગ્ર આયોજન પૂર્વ અને નિવૃત્ત કાર્યકરોનાં સંતાનોએ સંભાળેલ. લોકભારતીના વર્તમાન કાર્યકરોએ પણ બહુ જહેમત ઊઠાવી આટલી મોટી સંખ્યાનાં ભોજન-નિવાસ વગેરે બાબતે બરાબરની કાળજી લીધી. આ પ્રકારનું

સ્નેહમિલન લોકભારતીના ઇતિહાસમાં કદાચ પ્રથમ વખત યોજાયાની વાત સૌ કહેતા માલુમ પડતા હતા.

- તા.૩૧ના રોજ શ્રી અલ્કેશભાઈ ચૌહાણ વય નિવૃતિના કારણે નિવૃત થતાં, તેમને શુભેચ્છા આપવાનો કાર્યક્રમ ગોઠવાયો. જેમાં લોકસેવા મહાવિદ્યાલયના સૌ કાર્યકરોએ શાલ-શ્રીફળ,સાકરનો પડો આપી તેમના નિવૃત્તિ જીવનમાં તંદુરસ્તીની શુભેચ્છાઓ પાઠવી.

**આંબલા સમાચાર**

- તા.૦૨ના રોજ ગાંધીજયંતી નિમિતે ‘ગાંધી ગુંજન કાર્યક્રમ’ યોજાઈ ગયો. મુખ્ય વક્તા શ્રી મનહરભાઈ ઠાકરે ‘સત્ય અને અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીના શિક્ષણ દર્શન’ વિષે વ્યાખ્યાન આપેલ.
- તા.૧૫ના રોજ સંસ્થાની સત્રાંત મિટિંગ મળેલ તેમાં પ્રથમ સત્રના દરેક કામની સમીક્ષા કરવામાં આવી. આવનાર શૈક્ષણિક સત્ર માટે ચર્ચા કરવામાં આવી.
- તા.૧૪થી ૧૮ દરમિયાન વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન રાજસ્થાનના માણવા જેવાં સ્થળોની મુલાકાત લીધી હતી.
- તા.૨૦ના રોજ સંસ્થાના પૂર્વ નિયામકશ્રી તથા વડીલ શ્રી લાલજીભાઈ નાકરાણીના પુત્રવધૂ સ્વ.શ્રી સવિતાબેન મધુકરભાઈ નાકરાણીનું (વય ૬૩)અવશાન થયેલ છે. દક્ષિણામૂર્તિદેવ આત્માને શાંતિ આપે
- તા.૨૨ના રોજ નૂતનવર્ષના પ્રારંભે સંસ્થામાં સંસ્થાના પૂર્વ કાર્યકરો, હાલના કાર્યકરો, પૂર્વ વિદ્યાર્થીઓ, ગ્રામજનો, શુભેચ્છકો સ્નેહમિલન યોજાઈ ગયું. કાર્યકરો પરિવાર સહિત ગ્રામજનો પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા. મુ.શ્રી ફાજલદાદા, શ્રી મેહુરભાઈ લવતુકા, શ્રી મેહુલભાઈ ભટ્ટ, શ્રી વાઘજીભાઈ કરમટીયા વગેરેએ પ્રસંગ અનુરૂપ વાતો કરી જૂના સ્મરણો તાજા કર્યા હતા.
- તા.૨૫ના રોજ વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૦ સુધીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલનનું યોજાઈ ગયું. વિદ્યાર્થીઓએ આખો દિવસ સંસ્થામાં રહી ખૂબ આનંદ માણ્યો.

**મણાર સમાચાર**

- બીજી ઑક્ટોબરે ‘ગાંધીજયંતી’ની ઉજવણી કરવામાં આવી. પ્રભાતફેરી, પ્રાર્થના, ગાંધી ગીતો, અને ગાંધીવિચાર અંગે સરસ રજૂઆત આચાર્યશ્રી ડાંગરભાઈએ કરી.
- તા. ૦૩થી ૧૫ સુધી ધો. ૯ થી ૧૨ની પ્રથમ સત્રાંત પરીક્ષાઓ સુપેરે સંપન્ન થઈ.
- તા. ૧૬થી દિવાળી વેકેશન શરૂ થતા સહુએ આનંદપૂર્વક દિવાળી અને નવા વર્ષની ઉજવણી કરી-નૂતન વર્ષાભિનંદન પાઠવ્યાં
- તા. ૨૨ના રોજ ‘નૂતન વર્ષ’ નિમિત્તે સંસ્થામાં પરિવાર મિલન યોજીને શુભેચ્છાઓ વ્યક્ત કરી. સહુએ સાથે મળી ચા, પાણી, નાસ્તા કર્યા વિક્રમ સવંત ૨૦૮૨ ના વર્ષને વધાવવામાં આવ્યું.
- તા. ૨૮ના રોજ શ્રી બાબુભાઈ અવરાણી અને શ્રી મહાલક્ષ્મીબહેન અવરાણીના દીકરા દીપકભાઈ અવરાણી પરિવાર સાથે સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયાં.
- શ્રી સોસીયા વાડી વિસ્તાર પ્રાથમિક શાળાના ‘ભૂમિ પૂજન’ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી અરૂણભાઈ દવે તથા શ્રી ડાંગરભાઈ, શ્રી કંચનબેન ઉપસ્થિત રહ્યા.
- તા. ૩૧ના રોજ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલ એકતા દોડમાં અલંગ પોલીસ સ્ટેશનના સ્ટાફ

સાથે લોકશાળા મણારની ટીમ પણ જોડાઈ હતી.

**માઈધાર સમાચાર**

- તા. ૨ના રોજ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશનનાં દીક્ષાંત સમારોહમાં શ્રી એભલભાઈ અને શ્રી ભદ્રેશભાઈ જઈ આવ્યા.
- તા.૮ના રોજ શ્રી અરુણભાઈ દવે શ્રી જ્યોતિબેનને લઈને સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- તા.૨થી ૧૪ સુધી આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો નવસારી ખારેલ મુકામે તાલીમમાં જઈ આવ્યા
- તા.૧૪ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા શ્રી ભરતભાઈ દવેના માર્ગદર્શનમાં ગીત ગુંજન કાર્યક્રમ યોજાયો.
- તા.૧૬ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓનું વાલી-મિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.
- તા.૧૭ના રોજ રમત ગમતના મેદાનમાં નવા સાધનો ફીટ કરવા માટે શ્રી અરુણભાઈ દવે લોકભારતીથી તેમની ટીમ લઈને આવી ગયા.
- તા.૧૮ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર અમરેલી દ્વારા યોજાયેલ બાલશિબિરમાં આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલા શિક્ષણનાં કાર્યકરો તાલીમ આપવા માટે જઈ આવ્યાં
- તા.૨૪ અને ૨૫ બે દિવસ લોકભારતીના ભૂતપૂર્વ કાર્યકર પરિવારના સંતાનોએ યોજેલ પરિવાર સ્નેહ મિલનમાં શ્રી ભાવનાબહેન પાઠક પરિવાર સાથે જઈ આવ્યાં
- તા.૨૬ અને ૨૭ બે દિવસ શ્રી દીપકભાઈ અવરાણી અને શ્રી તરુબહેન માઈધાર કેન્દ્રની પ્રવૃત્તિઓ જોવા સમજવા આવી ગયાં.
- તા.૨૬ થી ૩૦ સુધી શ્રી નિખિલભાઈ ત્રિવેદીનો ૧૦૭ વિદ્યાર્થીઓનો કરાટે સુપેરે સંપન્ન થયો.
- તા. ૨૭ના રોજ શ્રી અરુણભાઈ દવે પરિવાર સાથે માઈધાર કેન્દ્રમાં રહેવા માટે આવી ગયા.

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતી અધ્યાપન મંદિરના કાર્યકર શ્રી જગદીશભાઈ ગોસાઈના પિતાશ્રી ઉમેદગિરિબાપુનું તા. ૧૮-૧૦-૨૦૨૫ના રોજ ૮૧ વર્ષની વયે ગારીયાધાર મુકામે દુ:ખદ અવસાન થયું છે.
- ગુજરાતના જાણીતા સર્વોદય કાર્યકર અને લોકભારતીના શુભેચ્છક શ્રી રજનીભાઈ દવેના ધર્મપત્ની શ્રી કામિનીબહેનનું તા. ૦૮-૧૦-૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે દુ:ખદ અવસાન થયેલ છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા આંબલાના વડીલ શ્રી લાલજીભાઈ નાકરાણીના પુત્રવધુ શ્રી સવિતાબહેન મધુકરભાઈ નાકરાણીનું તા. ૨૦-૧૦-૨૦૨૫ના રોજ ૬૩ વર્ષની વયે ભાવનગર મુકાલમે દુ:ખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના સન્માનિત પૂર્વવિદ્યાર્થી શ્રી મોહનભાઈ અને શ્રી નંદુબહેન દલસાણિયાના યુવાન પુત્ર શ્રી રાહુલભાઈનું તા. ૨૯-૧૦-૨૦૨૫ના રોજ ૫૭ વર્ષની વયે જૂનાગઢ ખાતે દુ:ખદ અવસાન થયેલ છે.
- સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટના પૂર્વમંત્રી સ્વ.શ્રી હર્ષદભાઈ ત્રિવેદીના ધર્મપત્ની અને વર્તમાન મંત્રી શ્રી પરાગભાઈ ત્રિવેદીના માતુશ્રી અનસૂયાબહેનનું તા. ૨૪-૧૦-૨૦૨૫ના રોજ સાવરકુંડલા મુકામે દુ:ખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુ:ખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## લોકભારતી કાર્યકર પરિવાર-સ્નેહમિલનની હરખહેલી...




















TO.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-